દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 182 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 August 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨ ઓગસ્ટ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતની ૫૦% નિકાસ પર ટ્રમ્પના ટૅરિફની માઠી અસર

▸ દેશમાંથી ૮૬ અબજ ડૉલરના એક્સપોર્ટમાં કાપડ, જેમ્સ, જ્વેલરી, ઇલેક્ટ્રિકલ

▸ મેકૅનિકલ મશીનરી, ચામડાંના ઉત્પાદનોને સૌથી વધુ ફટકો

નવી દિલ્હીઃ ભારત સરકારનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ભારત દ્વારા અમેરિકા ખાતે વાર્ષિક ૮૬ અબજ ડૉલરથી વધુના માલસામાનની નિકાસ કરાય છે અને તેમાંની અડધી એટલે કે પચાસ ટકા નિકાસ પર જ નવા પચીસ ટકાના ટૅરિફ દરની માઠી અસર થશે.

ભારત દ્વારા અમેરિકા ખાતે ૧૦.૩ અબજ ડૉલરના કાપડ, કપડાંની, ૧૨ અબજ ડૉલરના જેમ્સ, જ્વેલરી, અંદાજે નવ અબજ ડૉલરની ઇલેક્ટ્રિકલ - મેકૅનિકલ મશીનરી, ૧.૧૨ અબજ

(જુઓ પાનું ૨) ▸▸

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 91,350/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## સુરતના હીરા ઉદ્યોગ પર ટૅરિફનું સંકટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતા દેશની નિકાસને મોટા પ્રમાણમાં ફટકો પડશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતના ઉદ્યોગોને પણ તેનાથી વિપરીત અસર થશે. તેનાથી સૌથી વધુ નુકસાન સુરતના ડાયમંડ-જ્વેલરી ઉદ્યોગને થશે. આ ટૅરિફ ૭ ઓગસ્ટે લાગુ થશે. વિશ્વમાં

(જુઓ પાનું ૨) ▸▸

# ભાજપ માટે ચૂંટણી પંચ 'વૉટ' ચોરી રહ્યું હોવાના પુરાવાનો ઍટમ બૉમ્બ મારી પાસેઃ રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે દાવો કર્યો હતો કે ચૂંટણી પંચ ભાજપ માટે મતની ચોરી કરી રહ્યું હોવાનાં પુરાવાનો ઍટમ બૉમ્બ કૉંગ્રેસ પાસે છે અને જ્યારે આ બૉમ્બનો વિસ્ફોટ થશે ત્યારે ચૂંટણી પંચ પાસે દેશમાં ક્યાંય છુપાવાની જગ્યા નહીં હોય.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એવી ચેતવણી પણ આપી હતી કે ટોચથી તળિયા સુધી ચૂંટણી પંચના જે સભ્ય આમાં સંડોવાયેલા છે તેમણે એ યાદ રાખવું જોઈએ કે તેઓ રાજદ્રોહમાં સંડોવાયેલા હોવાને કારણે તેમને બક્ષવામાં નહીં

(જુઓ પાનું ૨) ▸▸

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો



તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
ફક્ત પુરુષો માટે પ્લે-વિન કેપ્સ્યુલ
Only Effect No Side Effect
મહિલા માટે ભી ઉપલબ્ધ છે પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
Play Win Capsule
Play Win Oil
પ્રથમ દિવસથી અસર કારક*
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
તેલ કેપ્સ્યુલ બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

RAAS
SAREES | BRIDAL & MUCH MORE
Annual Sale OF THE YEAR
UPTO 40% OFF
S.V.ROAD,SANTACRUZ WEST
022 4748 3803 | 88799 63976

## નેશનલ ફિલ્મ અવૉર્ડ્સ જાહેર

## શાહરુખ અને વિક્રાંત મૅસી બેસ્ટ એક્ટર, જાનકી બોડીવાલા બેસ્ટ સપોર્ટિંગ ઍક્ટ્રેસ

નવી દિલ્હીઃ ૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી અને ૩૫ વર્ષની કરકિર્દીમાં પહેલી વાર બોલિવૂડના 'કિંગ ખાન' શાહરુખએ શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર જીત્યો છે. તેને આ સન્માન ફિલ્મ 'જવાન' માટે મળ્યું છે. આ કેટેગરીમાં બે કલાકારોના નામની જાહેરાત કરવામાં આવી છે. વિક્રાંત મેસીને 'બારવી ફેલ' માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે અને આ જ ફિલ્મને શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પણ અવૉર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કાર 'કટહલ'ને મળ્યો હતો. ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાને 'વશ' માટે બેસ્ટ સપોર્ટિંગ ઍક્ટ્રેસનો અવૉર્ડ મળ્યો હતો. ૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં બેસ્ટ ગુજરાતી ફીચર ફિલ્મનો એવોર્ડ ફિલ્મ 'વશ'ને મળ્યો છે. સુપરસ્ટાર શાહરૂખ ખાને શુક્રવારે ૨૦૨૩ની બ્લોકબસ્ટર ફિલ્મ 'જવાન' માટે શ્રેષ્ઠ અભિનેતાનો તેમનો પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો હતો. આ સન્માન તેમણે 'બારવી ફેલ' સ્ટાર વિક્રાંત મેસી

(જુઓ પાનું ૨) ▸▸

● છેલ્લો દિવસ ●
સેકન્ડ્સના ઘરચોળા તથા ડીઝાઈનર બાંધણી પટોળા, બનારસી સેલા, ડ્રેસ, ચણિયાચોળી તથા દુપટ્ટાનું સેલ
સમય 10.30 થી 6.00
ખત્રી જમનાદાસ બેચરદાસ
શૉપ નં. 2, ત્રીજા ભોઈવાડાના નાકે, મુંબઈ - 400 002 (ગુલાલવાડી સાઈડ થી)
ફોન. 22425711, 22424947
અમારી અન્ય કોઈ પણ શાખા નથી

10,000+HAPPY TOURIST
મૈસુર-કુર્ગ-મદૂરાઇ ઉટી-કોડાઇ-રામેશ્વર OCT,NOV,Rs.35,000/*
આસામ-મેઘાલય અરૂણાચલ દિ.૧૧ OCT. TO MAY રજવાડી ભોજન
DUBAI-ABUDHABI FERARI/WARNER/SEA WORLD SEP. TO MAR SPL.AIRFARE-DIWALI ૪*હોટલ્સ,પ્યોર વેજ/જૈન લંચ-ડીનર-નાસ્તો-વીઝા
EUROPE સ્વીઝરલેન્ડ,પેરીસ,ઇન્સબ્રુક રોમ,પીસા,વેનીસ,એમસ્ટરડેમ બ્રસેલ્સ,જર્મની,દિ.૧૫,ઉ.૫ સપ્ટે,૪*હોટલ્સ Rs.3,79,000/*FEW SEATS LEFT એરફેર,વીઝા,વેજ/જૈન લંચ-ડીનર-નાસ્તો,સાઇટસીંગ
VIETNAM-SAPA SEP TO MAR 11D,4/5*હોટલ્સ,એરફેર,વીઝા, સાઇટસીઇંગ,વેજ/જૈન લંચ-ડીનર-નાસ્તો LIMITED SEATS@Rs.1,49,000/*
સીંગાપોર-મલેશીયા-થાઇલેન્ડ બેંગકોક,પટ્ટાયા,જેન્ટીંગ,કુઆલાલુમ્પુર SEPT/OCT/JAN,D-14/12/9/6 ૨ રાત્રી જેન્ટીંગ ડ્રીમ ક્રૂઝ
કેરાલા રામેશ્વર મદૂરાઇ દિ.૯/૧૦/૧૨,ઉ.૧૦ સપ્ટે. અયોધ્યા-પ્રયાગરાજ વારાણસી ઉ.૧ સપ્ટે.,દિ.૮
SINCE 2003 નીરવ સંઘવી સંચાલીત વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130 Timing 11 to 8
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)




મૈ હૂં ના!
વીણા વર્લ્ડ ની ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સ, સિનિયર્સ સ્પેશિયલ, વુમન્સ સ્પેશિયલ, હનીમૂન ટુર્સમાંથી તમારી ટુર સિલેક્ટ કરો. અથવા કસ્ટમાઈઝ્ડ હોલીડિઝ/કોર્પોરેટ ટુર પસંદ કરો. સહેલગાહની સંપૂર્ણ માહિતી veenaworld.com પર ઉપલબ્ધ. મુંબઈથી શરૂ થનારી (ex-Mumbai) ટુર્સ પર ચાલો અથવા ભારતમાંથી અને દુનિયાભરમાંથી ક્યાંયથી પણ ટુરમાં જોઈન કરો, જેના માટે જોઈનિંગ લીવિંગ (J&L) ટુર પ્રાઇસેસ ઉપલબ્ધ છે. નીચે આપેલા ચાર્ટમાં ટુરનું નામ, મુંબઈથી મુંબઈ ટુર પ્રાઈસીસ (ex-Mumbai) (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સહિત) અને જોઈનિંગ લીવિંગ ટુર (J&L) પ્રાઈસીસ (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સિવાય) આપી છે. સર્વ ટુર પ્રાઈસીસ હજારોમાં છે. J&L પર્યટકોને એર ટિકિટ્સ, વિઝા અને અન્ય આવશ્યક સર્વિસીસની બાબતમાં માર્ગદર્શન કરવા માટે વીણા વર્લ્ડ સેલ્સ ટીમ ઉપલબ્ધ છે.

પચ્ચીસ થી ત્રીસ હજાર
જયપૂર મંડાવા (4D) • ભોપાલ સાંચી મધાઈ (4D)
પાટણ મોઢેરા સ્ટેચ્યુ ઓફ યુનિટી (5D)

ત્રીસ થી ચાળીસ હજાર
શિમલા મનાલી (6D) • કેરળ (6D) • મુન્નાર કોચીન (4D)
મુન્નાર કોચીન અલેપ્પી (5D) • ગુજરાત (7D)
દ્વારકા સોમનાથ (6D) • જયપૂર ઉદયપૂર કુમ્ભલગઢ(7D)
જયપૂર ઉદયપૂર (5D) • દિલ્હી આગ્રા (5D)
ડલહાઉઝી ધરમશાલા (5D) • ગ્વાલ્હેર ઓરછા ઝાંસી (5D)
દ્વારકા સોમનાથ ગિરનાર (7D) શિમલા (5D)
જોધપૂર જૈસલમેર (5D) • કોસ્ટલ ગુજરાત (6D)
સારનાથ વારાણસી (5D)

ચાળીસ થી પચાસ હજાર
ગ્લિમ્પ્સેસ ઓફ તામિલનાડૂ (5D) • કાશ્મીર એસ્કેપ (5D)
મનાલી કિલૉંગ (8D) • રાજસ્થાન મેવાડ (8D)
રાજસ્થાન મારવાડ (8D) • કૂર્ગ મ્હૈસૂર બેંગલુરુ (6D)
બેકલ વાયનાડ (6D) • બુંદી અલવર સરિસ્કા શેખાવતી (7D)
હમ્પી બદામી (5D) • ભુવનેશ્વર પુરી કોણાર્ક ચિલિકા (6D)
દાર્જિલિંગ (4D) • દિલ્હી આગ્રા હરિદ્વાર ઋષિકેશ (8D)

પચાસ થી પંચોતેર હજાર
હાઈલાઈટ્સ ઓફ લડાખ (7D) • બેસ્ટ ઓફ નિલગિરી(6D)
કાશ્મીર (6D/7D) • ટેમ્પલ્સ ઑફ તામિળનાડૂ (7D)
થાયલંડ (4D/6D) • નેપાળ (8D) • લાહૌલ સ્પિતિ ચંદ્રતાલ (12D)
બેસ્ટ ઑફ શિલૉંગ (5D) •બેકલ વાયનાડ મુન્નાર કોચીન (9D)
ઉટી કુર્ગ મૈસૂર બેંગલુરુ (8D) • મનાલી કેલૉંગ બીર જીભી (11D)
વારાણસી અયોધ્યા લખનઉ (8D) • બેસ્ટ ઓફ આંદામાન (7D)
બેસ્ટ ઑફ ઓડિસા (9D) • મધ્યપ્રદેશ (8D/10D)
નૈનિતાલ મસુરી હરિદ્વાર ઋષિકેશ કોર્બેટ પાર્ક (8D)
બેસ્ટ ઑફ મધ્યપ્રદેશ (8D) • ગેંગટોક દાર્જિલિંગ (5D)

પંચોતેર હજાર થી એક લાખ
બેસ્ટ ઓફ લડાખ (9D) • હાઈલાઈટ્સ ઓફ વિયેટનામ (5D)
ફુકેત ક્રાબી (5D) • કોસ્ટલ તામિલનાડૂ (10D)
બેસ્ટ ઑફ કાશ્મીર-પ્રીમિઅમ (8D) • બેસ્ટ ઓફ ભૂતાન (9D)
બેસ્ટ ઓફ શ્રીલંકા (7D) • વંડર્સ ઓફ હિમાચલ પ્રદેશ (12D)
બેસ્ટ ઑફ અરુણાચલ (9D) • ઓલ ઓફ હિમાચલ પ્રદેશ (15D)
લેહ લડાખ મનાલી (11D) • ઉટી કુર્ગ મૈસૂર ચિકમંગળૂર (10D)
સિક્કિમ દાર્જિલિંગ ગંગટોક પેલિંગ (9D)
આસામ મેઘાલય(7D) • કોહિમા માજુલી ઝિરો (7D)

એક થી સવા લાખ
દુબઈ અબુ ધાબી (7D) • બેંગકોક પટ્ટાયા ફુકેત ક્રાબી (8D)
સિંગાપોર (4D) • બેસ્ટ ઓફ નેપાળ મુક્તિનાથ (11D)
શ્રીલંકા વિથ સિગિરિયા (9D) • કલ્ચરલ તામિલનાડુ (12D)
વિયેટનામ-સાપા ફુ ક્વોક (7D) • બેસ્ટ ઓફ લાઓસ (6D)
કર્નાટક (15D) • ઑલ ઑફ મધ્યપ્રદેશ (17D)
ઑલ ઑફ આંદામાન (12D) • ઓડિશા વિથ આંધ્ર તેલંગાણા (15D)

સવા થી દોઢ લાખ
બેસ્ટ ઓફ વિયેટનામ (8D) • બાલી (7D) • મોરિશિયસ (7D)
સિંગાપોર મલેશિયા (7D) • સિંગાપોર થાઈલેન્ડ (8D)
આસામ અરુણાચલ મેઘાલય નાગાલૅંડ (18D)

દોઢ થી બે લાખ
સંગાપોર થાઈલેન્ડ મલેશિયા (10D) • વિયેટનામ કંબોડિયા (11D)
હોંગકોંગ મકાઉ સિંગાપોર (7D) • બેસ્ટ ઓફ ઈજિપ્ત (9D)
બેસ્ટ ઓફ રશિયા (7D) • ઓલ ઓફ થાઈલેન્ડ (15D)
વિયેટનામ બાલી (12D) • જૉર્જિયા અર્મેનિયા (8D)
સંગાપોર મલેશિયા+બાલી (10D) • સિંગાપોર બાલી (8D)
ચિયાંગ માઇ ચિયાંગ રાય ફુકેત ક્રાબી (9D)
નોર્થ ઈસ્ટ એક્સપ્લોરર (21D)

બે થી અઢી લાખ
યુરોપિયન પનોરમા (8D) • બેસ્ટ ઓફ જાપાન (7D)
વિએના પ્રાગ બુડાપેસ્ટ બ્રાતિસ્લાવા (8D) • ચાયના (9D)
સિંગાપોર થાઈલેન્ડ મલેશિયા હોંગકોંગ (13D) • સાયપ્રસ (6D)
ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન (9D)
મ્યાનમાર લાઓસ (12D) • બેસ્ટ ઓફ કેનિયા (8D)
ફિલિપિન્સ મનાલી સેબુ (8D) • હોંગકોંગ મકાઉ સિંગાપોર (8D)

અઢી થી સાડા ત્રણ લાખ
યુરોપિયન સ્પ્લેન્ડર્સ (10D) • સ્વિસ ઓસ્ટ્રિયા (8D)
બેસ્ટ ઓફ સ્વિટ્ઝર્લેન્ડ (7D) • સ્વિસ પેરિસ (8D)
એથેન્સ સેન્ટોરિની રોડ્સ (8D) • હાઈલાઈટ્સ ઓફ ન્યૂઝીલેન્ડ (7D)
સાઉથ આફ્રિકા (9D) • બેસ્ટ ઓફ ઓસ્ટ્રિયા (8D)
યુરોપિયન ડિલાઈટ (13D) • સ્વિસ પેરિસએમ્સ્ટરડેમ બ્રસેલ્સ (11D)
યુરોપિયન હાઈલાઈટ્સ (11D) • સ્વિસ પેરિસ લંડન (11D)
ક્રોએશિયા સ્લોવ્હેનિયા સ્લોવ્હાક્રિયા હંગેરી (12D)
સ્પેન પોર્ટુગલ (13D) • યુએસએ ઈસ્ટ કોસ્ટ (7D)
ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (11D) • કોરિયા તૈવાન (10D)
બેસ્ટ ઓફ ઓસ્ટ્રેલિયા (9D)
રોમાનિયા બલ્ગેરિયા સર્બિયા નોર્થ મેસેડોનિયા (12D)

સાડા ત્રણ થી પાંચ લાખ
યુરોપિયન જ્વેલ્સ+વર્સેલ્સ (15D)
ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ આયર્લેન્ડ વેલ્સ લંડન (15D)
સ્પેન પોર્ટુગલ મોરોક્કો (16D)
સા.આફ્રિકા કેનિયા વિક્ટોરિયા ફોલ્સ (15D)
યુરોપિયન મેજિક (19D) • ન્યૂઝીલેન્ડ (10D/15D)
કેલિફોનિયા કાર્નિવ્હલ (10D)
ઓલ ઓફ નોર્ધર્ન યુરોપ (17D)
જાપાન (11D/13D) • ટાંઝાનિયા ઝાંઝીબાર (9D)

પાંચ થી પંદર લાખ
અમેરિકા (13D/15D/17D/27D)
ઓલ ઓફ ઓસ્ટ્રેલિયા (15D)
સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ (15D)
સાઉથ અમેરિકા (21D) • ઓલ ઓફ જાપાન (17D)
ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (17D)
બેસ્ટ ઓફ હવાઈ મેક્સિકો (13D)
આઈસલેન્ડ નોર્ધન લાઈટ્સ (10D)
સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સવિથ આઇસ બ્રેકર ક્રુઝ (15D)
એન્ટાર્કટિકા દ - 7th કૉન્ટિનેન્ટ (13D)

ટૂર પછી 'પોસ્ટ ટૂર હોલિડે' અથવા (J&L) પ્રવાસીઓ માટે 'પ્રી'/'પોસ્ટ ટૂર હોલિડે' પૅકેજીસ ઉપલબ્ધ છે.
લેટ્સ સેલિબ્રેટ વર્લ્ડ સિનિયર સિટીઝન્સ ડે 21 ઓગસ્ટ
જલ્દી કરો! આ કિંમતે મર્યાદિત ટૂર્સ છે, તેથી સીટ્સ ઝડપથી ભરાઈ જશે!
Book Online 365 days 24x7 Visit veenaworld.com

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા–આવવાનો વિમાનપ્રવાસ (ex-Mumbai), ટ્રાન્સપોર્ટ, હૉટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ–લંચ–ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર–ગાઈડ ટિપ્સ, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (ફ્રી વિઝા દેશ ઉપરાંત), ટ્રાવેલ ઈન્શ્યુરન્સ* વગેરે બાબતોનો સમાવેશ છે. J&L ટુર્સ માં વિમાનપ્રવાસ, વિઝા, અને ઈન્શ્યુરન્સ નો સમાવેશ નથી. યુએસ ટુર્સ યુએસ વિઝા* ધારકો માટે.
ભેગું કરો તમારું ફેમિલી ગ્રુપ અને ફ્રેન્ડ્સ ગ્રુપ અને વીણા વર્લ્ડ સંગાથે કરો તમારી એક્સક્લુઝિવ ટુર
veenaworld.com Call: 1800 313 5555 1800 22 7979
તમારી નજીકની વીણા વર્લ્ડ સેલ્સ ઓફિસ માટે સ્કેન કરો
Monday-Saturday 10 to 7 travel@veenaworld.com
VEENA WORLD Travel. Explore. Celebrate Life.
All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુંબઈ પછી માલેગાંવઃ એનઆઈએ શું કામની?

**માલેગાંવ** બોમ્બ બ્લાસ્ટ કેસનો ચુકાદો આવી ગયા અને ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર સહિત તમામ ૭ આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યાં. મહારાષ્ટ્રના માલેગાંવમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના દિવસે ૩ બોમ્બ ધડાકામાં ૭નાં મોત થયેલાં ને ૮૦ લોકો ઘાયલ થયેલા. શરૂઆતમાં બોમ્બ બ્લાસ્ટ આતંકવાદી સંગઠન સિમીએ કરાવ્યા હોવાનો દાવો કરાયેલો. કેટલાક મુસ્લિમો સામે શંકાની સોય તકાયેલી પણ તપાસ મહારાષ્ટ્રની એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) પાસે ગઈ પછી જોરદાર ટ્વિસ્ટ આવેલો.

એટીએસ દ્વારા ધડાકો કરાયેલો કે, હિન્દુ જાગરણ મંચ અને અભિનવ ભારત નામનાં બે કટ્ટર હિંદુવાદી સંગઠનોએ અમદાવાદમાં જુલાઈ ૨૦૦૮માં થયેલા બોમ્બ ધડાકાનો બદલો લેવા બ્લાસ્ટ કરાવ્યા હતા. આ બ્લાસ્ટ કરવા વપરાયેલી મોટર સાઈકલ સુરતમાંથી સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે ખરીદી હતી અને કર્નલ પુરોહિતને આપી હતી. આર્મીમાં કામ કરી ચૂકેલા કર્નલે બાઈકમાં બોમ્બ ફિટ કરીને આતંકવાદી કૃત્ય કરેલું એવો દાવો મહારાષ્ટ્ર એટીએસ દ્વારા કરાયેલો. એટીએસ દ્વારા ધડાધડ ધરપકડો કરીને સાધ્વી સહિતનાં લોકોને જેલભેગાં કરી દેવાયેલાં.

મુંબઈની ખાસ કોર્ટે ૧૭ વર્ષ પછી આ આખી થિયરી જ બોગસ હોવાનો ચુકાદો આપી દીધો છે. વરસો પહેલાં જેસિકા લાલ મર્ડર કેસમાં માલેતુજારોના નબિરા સહિતના તમામ આરોપી નિર્દોષ છૂટી ગયા પછી એક અખબારે કાળજા સોંસરવો ઊતરી જાય એવો કટાક્ષ કરતું હેડિંગ મારેલું કે, નો વન કિલ્ડ જેસિકા. મતલબ કે જેસિકાની હત્યા કોઈએ કરી જ નહોતી. માલેગાંવ બ્લાસ્ટ કેસમાં ૧૭ વર્ષ પછી આવેલા ચુકાદાએ એ જ સ્થિતિ લાવી દીધી છે. મહારાષ્ટ્ર એટીએસ અને એનઆઈએએ જેમને આરોપી ગણાવીને ૧૭ વર્ષ સુધી કેસ ચલાવ્યો, ૯-૧૦ વર્ષ જેલમાં રાખ્યાં એ બધાં દોષિત નથી એવું કોર્ટે કહી દીધું છે ને કોઈને સજા કરી નથી તેનો અર્થ એ જ થયો કે, માલેગાંવમાં કોઈએ બ્લાસ્ટ કર્યા નહોતા.

માલેગાંવ બ્લાસ્ટ કેસે એનઆઈએની વિશ્વસનીયતા સામે મોટા સવાલ પેદા કર્યા છે કેમ કે એક જ અઠવાડિયામાં આતંકવાદને લગતો આ બીજો એવો કેસ છે કે જેમાં તમામ આરોપી છૂટી ગયા છે. આ પહેલાં બોમ્બે હાઈ કોર્ટે ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસમાં તમામ ૧૨ આરોપીને નિર્દોષ છોડી મૂકેલા. આ કેસમાં મકોકા સ્પેશિયલ કોર્ટના ૫ આરોપીને ફાંસી અને ૭ આરોપીને આજીવન કેદની સજા ફરમાવી હતી પણ હાઈ કોર્ટના જસ્ટિસ અનિલ એસ કિલોર અને શ્યામ સી ચાંડકની ખાસ બેન્ચે ફરિયાદ પક્ષના કેટલાક સાક્ષીઓની વિશ્વસનીયતા અને કેટલાક આરોપીની ટેસ્ટ આઇડેન્ટિફિકેશન પરેડ (TIP) સામે સવાલ કરીને તમામ આરોપીને બાઈજ્જત બરી કરી દીધા.

મુંબઈ લોકલ ટ્રેનના સાત કોચમાં ૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોમાં ૧૮૯ લોકો માર્યા ગયાં હતાં અને ૮૨૪ લોકો ઘાયલ થયા હતા. ભારતમાં બનેલી આતંકવાદની સૌથી મોટી ઘટનાઓમાંથી એક ૨૦૦૬ના મુંબઈ બ્લાસ્ટના ૧૯ વર્ષ પછી તમામ આરોપી છૂટી ગયા એ એનઆઈએ માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું કહેવાય. આ શરમકથા ઓછી હોય તેમ માલેગાંવમાં પણ એ જ ચુકાદાનું પુનરાવર્તન થયું છે એ જોતાં એનઆઈએએ તપાસના નામે નાટકો જ કર્યાં છે એ સ્પષ્ટ છે.

માલેગાંવ બ્લાસ્ટ કેસમાં તો શરમજનક વાત પાછી એ છે કે, એનઆઈએ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર સહિતનાં આરોપીઓને બચાવવા માટે ૧૦ વર્ષથી મથતી હતી પણ એ પહેલાં એનઆઈએએ જ સાધ્વી પ્રજ્ઞા સહિતના આરોપીઓને ૪ વર્ષ જેલમાં ગોંધી રાખેલાં. કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી ત્યારે ૨૦૧૧માં આ કેસ એનઆઈએને સોંપાયેલો. એ વખતે એનઆઈએએ એ લોકો આતંકવાદી હોય એ પ્રકારનું વર્તન તેમની સાથે કરેલું. કૉંગ્રેસના નેતાઓને રાજી રાખવા માટે એનઆઈએએ પ્રજ્ઞા સહિતના આરોપીઓ પર આતંકવાદીનું લેબલ ચિપકાવી દીધું ને કેન્દ્રમાં સત્તાપરિવર્તન થયું એ સાથે જ એ લેબલ હટાવવાની મથામણ એનઆઈએએ શરૂ કરી દીધેલી.

લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી પછી એનઆઈએએ ૨૦૧૫માં આરોપનામું દાખલ કર્યું તેમાં સાધ્વી પ્રજ્ઞાનું નામ આરોપીઓમાંથી કાઢી નાખ્યું હતું કેમ કે સાધ્વી પ્રજ્ઞા ભાજપનાં સાંસદ બની ચૂક્યાં હતાં. સાધ્વી પ્રજ્ઞા સિવાય પ્રવીણ ટક્કલકી ઉર્ફે પ્રવીણ મુતાલિક ઉર્ફે પ્રદીપ વી. નાઈક અને બીજા બે લોકોને પણ આરોપી નહોતા બતાવાયા. કર્નલ પ્રસાદ પુરોહિત સહિતના બીજા આરોપીઓ સામેના મકોકાની કલમો દૂર કરીને અનલોફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન્સ) એક્ટ હેઠળ આરાપો મુકાયા હતા. એનઆઈએએ એ વખતે જ સાધ્વી પ્રજ્ઞા સહિત ૪ને ક્લીન ચીટ આપી દીધેલી પણ સુપ્રીમ કોર્ટના ફરમાનના કારણે કેસ ચલાવવો પડેલો.

સાધ્વી પ્રજ્ઞા સહિતના આરોપીઓ રાજકીય કિન્નાખોરીનો ભોગ બનેલાં અને કૉંગ્રેસે ભગવા ટેરરની થિયરીને સાચી સાબિત કરવા તેમને ફિટ કરી દીધેલાં એવા આક્ષેપો હિંદુવાદી સંગઠનો વરસોથી કરતાં હતાં. આ આક્ષેપો સાચા હોય તો એનઆઈએ ૪ વર્ષ સુધી કેમ તેમને આતંકવાદી ગણીને તપાસ કર્યા કરતી હતી ? એ વખતે રાજકીય દબાણ હેઠળ એનઆઈએ વર્તી હોય તો ૨૦૧૫માં પ્રજ્ઞા સહિતનાં આરોપીઓને ક્લીન ચીટ આપ્યા પછી ખરા આરોપીઓ કોણ છે એ શોધવામાં એનઆઈએએ કેમ રસ ના બતાવ્યો ? સાધ્વી પ્રજ્ઞા ઠાકુર કે કર્નલ પુરોહિત માલેગાંવ બ્લાસ્ટના આરોપીઓ નથી તો આ બ્લાસ્ટ કોણે કરાવ્યા ? ૧૦ વર્ષમાં એનઆઈએ માલેગાંવ બ્લાસ્ટના સાચા આરોપીઓને કેમ શોધી ના શકી ?

એનઆઈએ આતંકવાદ સામે લડવા માટે બનાવાયેલી એજન્સી છે પણ આતંકવાદના બે મોટા કેસોમાં એનઆઈએ આરોપીઓને સજા નથી કરાવી શકી. તેનું કારણ એ કે, એનઆઈએ પણ ઈડી અને સીબીઆઈ સહિતની કેન્દ્ર સરકારના તાબા હેઠળની બીજી એજન્સીઓની જેમ રાજકીય ઈશારે વર્તતો પોપટ બની ગઈ છે. એનઆઈએને આતંકવાદ સામે લડવામાં નહીં પણ રાજકારણીઓને સાચવવામાં રસ છે. એનઆઈએના અધિકારીઓને દૂધ અને દહીં બંનેમાં પગ રાખીને પોતાનાં હિતો સાચવવામાં રસ છે. ૨૦૦૬ના મુંબઈ બ્લાસ્ટ કેસના તમામ આરોપી મુસ્લિમ હતા ને માલેગાંવ બ્લાસ્ટ કેસના તમામ આરોપી હિંદુ હતા. બંને કેસમાં આરોપીઓ છૂટી ગયા તેમાં ક્યા રાજકીય આકાઓ ખુશ થયા એ કહેવાની જરૂર નથી પણ એનઆઈએએ બંનેને સાચવી લીધા છે.

માલેગાંવ બ્લાસ્ટના કેસના ચુકાદાએ બીજા પણ સવાલો પેદા કર્યા છે. ભારતમાં પહેલાં આતંકવાદની ઘટના બને તેમાં પાકિસ્તાનનાં પીઠ્ઠુ આતંકવાદી સંગઠનો સામેલ હોય અને જે પણ પકડાય એ મોટા ભાગે મુસ્લિમો જ હોય એવું બનતું. માલેગાંવ કેસમાં હિન્દુઓની ધરપકડ કરાતાં એ પરંપરા તૂટી પછી કૉંગ્રેસના દિગ્વિજયસિંહ સહિતના નેતાઓએ હિન્દુ ટેરર શબ્દ રમતો મૂકેલો. સવાલ એ છે કે, મુસ્લિમોને રાજી કરવા હિંદુઓને આતંકવાદી સાબિત કરવા માટે કૉંગ્રેસે રાજકીય ષડયંત્ર ઘડેલું ? બીજું એ કે, આ કેસમાં મોટા ભાગના આરોપી વરસો સુધી જેલમાં રહ્યા હતા. એ બધા નિર્દોષ છૂટતાં તેમને ખોટા ગોંધી રાખીને અત્યાચાર કરાયેલા એ સ્પષ્ટ છે. તેના માટે દોષિતો સામે પગલાં લેવાશે? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૨-૮-૨૦૨૫, અશ્વત્થ મારુતિ પૂજન, નૈનાદેવી મેલા

- ભારતીય દિનાંક ૧૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૩-૫૨ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૦૦
- ઓટઃ સવારે ક.૧૧-૨૦, મધ્ય રાત્રે ક. ૦૦-૧૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭. 'વિશ્વાવસુ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – અષ્ટમી. અશ્વત્થ મારુતિ પૂજન, નૈનાદેવી મેલા, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૩-૫૨. સૂર્ય આશ્લેષામાં ક. ૨૮-૦૯, વાહન ગધેડો, સ્ત્રી. ન. સૂ. ચં.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- ઑગસ્ટ-૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૨ ઑગસ્ટ ૨૦૨૫ નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ તા. ૨ . મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૧૭, સૂર્યાસ્તઃ ક. ૧૯ મિ. ૧૨, ચંદ્ર ઉદયઃ ક. ૧૩-૨૭, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રે ક. ૦૦-૪૦, બુધ ઉદયઃ ક. ૦૬-૧૮, બુધ અસ્તઃ ક. ૧૮-૫૩, શુક્ર ઉદયઃ ક. ૦૩-૩૦, અસ્તઃ ક. ૧૬-૩૪, મંગળ ઉદયઃ ક. ૦૯-૪૧, અસ્તઃ ક. ૨૧-૪૬, ગુરુ ઉદયઃ ક. ૦૪-૧૧, અસ્તઃ ક. ૧૭-૨૦, શનિ ઉદયઃ ક. ૨૨-૦૭, અસ્તઃ બપોરે ક. ૧૦-૦૪, તા. ૨ ઑગસ્ટ સૂર્યોદયના સમયે કર્ક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મકર રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૩જીએ આશ્લેષા, તા. ૧૭મીએ મઘા, તા. ૩૦મીએ પૂર્વાફાલ્ગુની, મંગળ તા. ૧૩મીએ હસ્ત નક્ષત્ર. બુધ તા. ૨૨મીએ આશ્લેષા, તા. ૩૦મીએ મઘા, ગુરુ તા. ૧૩મીએ પુનર્વસુમાં, શુક્ર તા. ૧૨મીએ પુનર્વસુમાં, તા. ૨૩મીએ પુષ્ય. વક્રી શનિ તા. ૧૮મીએ પૂર્વાભાદ્રપદામાં.
- મુહૂર્ત વિશેષઃ પીપળા અને હનુમાનજીનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, શનિ દેવતાનું પૂજન, હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ વાંચન, ગુરુ-શનિ દેવતાનું પૂજન, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ પ્રવાસનો શોખ. ● ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ભારત 'દવલું' અને પાક 'વહાલું'

### ▶ નવી દિલ્હી પર પચીસ ટકા, ઈસ્લામાબાદ પર ૧૯ ટકા ડ્યૂટી ▶ સાતમી ઑગસ્ટથી ટૅરિફ અમલી બનશે

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૭૦ દેશમાંથી આયાત કરાતા માલસામાન પર નવા ટૅરિફ દર સાત ઑગસ્ટથી લાદવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે નવી દિલ્હી પર પચીસ ટકા, જ્યારે ઇસ્લામાબાદ પર માત્ર ૧૯ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના સંગઠન 'બ્રિક્સ'માંના ભારતના સભ્યપદને પણ અમેરિકા-વિરોધી ગણાવ્યું હતું.

અમેરિકાના પ્રમુખે પોતાની અગાઉની સંબંધિત જાહેરાતમાં થોડા ફેરફાર કરતા એક્ઝિક્યૂટિવ ઑર્ડરમાં જણાવ્યું હતું કે નવા ટૅરિફ દર આ આદેશની તારીખના સાત દિવસ પછી ઇસ્ટર્ન ડેલાઇટ ટાઇમના રાતના ૧૨.૦૧ વાગ્યે કે તે પછી વપરાશ માટે વેરહાઉસમાંથી નીકળેલા કે વપરાશ માટે આવેલા માલસામાન પર લાગુ પડશે.

ટૅરિફના નવા દર ૧૦ ટકાથી ૪૦ ટકા સુધીના છે. ભારત પર પચીસ ટકા, પાકિસ્તાન પર ૧૯ ટકા, જાપાન પર ૧૫ ટકા, લાઓસ અને મ્યાનમાર પર ૪૦ ટકા, શ્રીલંકા પર ૨૦ ટકા અને યુનાઇટેડ કિંગડમ પર ૧૦ ટકા ટૅરિફ લદાશે.

ટ્રમ્પે અગાઉ ભારત પર પચીસ ટકા ટૅરિફ અને 'પેનલ્ટી' લાદવાની જાહેરાત કરી હતી, પરંતુ અમેરિકાના પ્રમુખે જે સંબંધિત એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર સહી કરી છે, તેમાં 'પેનલ્ટી'નો ઉલ્લેખ નથી.

ટ્રમ્પે અગાઉ સંબંધિત જાહેરાતમાં જણાવ્યું હતું કે ભારત દ્વારા રશિયા પાસેથી વિપુલ ખનિજ તેલ અને લશ્કરી સાધનસામગ્રી ખરીદવામાં આવતી હોવાથી તેની પાસેથી ઊંચો ટૅરિફ દર અને 'પેનલ્ટી' વસૂલ કરવામાં આવશે.

ટ્રમ્પે શરૂઆતમાં ભારતથી અમેરિકા ખાતે આયાત કરવામાં આવતા માલસામાન પર ૨૬ ટકા ટૅરિફ લાદવાની એપ્રિલમાં જાહેરાત કરી હતી.

ફેડરેશન ઑફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન્સના ડિરેક્ટર જનરલ અજય સહાયે જણાવ્યું હતું કે અમેરિકા નવા ટૅરિફ દરનો અમલ સાત ઑગસ્ટથી કરવાનું હોવાથી ભારત ખાતેથી જે માલસામાન અમેરિકા મોકલવા માટે જહાજ કે વિમાનમાં ચઢાવી દેવાયો છે, તેને નવો ટૅરિફ દર લાગુ નહિ પડે.

અમેરિકામાં પાંચ ઑક્ટોબર સુધી વપરાશ માટે જે વિદેશી માલસામાનને મંજૂરી અપાઇ છે, તેના પર નવો ટૅરિફ દર લાગુ નહિ પડે. તેને લીધે નિકાસકારોને કામચલાઉ રાહત મળશે.

# નવમી સપ્ટેમ્બરે યોજાશે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી

નવી દિલ્હીઃ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી નવમી સપ્ટેમ્બરે યોજાશે. ૨૧મી ઓગસ્ટ સુધી ઉપરાષ્ટ્રપતિપદ માટે ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. જ્યારે નવમી સપ્ટેમ્બરે મતદાન યોજવામાં આવશે. જગદીપ ધનખડે અચાનક રાજીનામું આપી દેતા આ હોદ્દો ખાલી પડયો છે. જગદીપ ધનખડ ભારતના ૧૪મા ઉપરાષ્ટ્રપતિ હતા અને તેમનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ ૨૦૨૭ના રોજ પૂરો થવાનો હતો, પરંતુ તેમને કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલા જ રાજીનામું આપી દીધું હતું. ૨૦૨૨માં યોજાયેલી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં તેઓ એનડીએના ઉમેદવાર તરીકે જીત્યા હતા અને વિપક્ષી ઉમેદવાર માર્ગરેટ અલ્વાને હરાવ્યા હતા. હવે તેમના રાજીનામાન કારણે ફરી એક નવા ઉપરાષ્ટ્રપતિ માટે ચૂંટણી જોવામાં આવશે. જેના માટે ભારતના ચૂંટણી પંચે કાર્યક્રમ જાહેર કરી દીધો છે.

ભારે વરસાદ અને પૂર

# ન્યૂ યૉર્ક અને ન્યૂ જર્સીમાં ઈમર્જન્સી જાહેર

ન્યૂ યૉર્કઃ વાવાઝોડાં અને ભારે વરસાદને કારણે અમેરિકાના પૂર્વ કિનારા વિસ્તારમાં નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ન્યૂ યૉર્ક અને ન્યૂ જર્સી શહેરમાં ગુરુવારે ઈમર્જન્સી જાહેર કરવામાં આવી હતી.

વાવાઝોડાં અને ભારે વરસાદને કારણે ન્યૂ યૉર્કથી લઈને વૉશિંગ્ટન સુધીનાં શહેરોના રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા. સબવેમાં પાણી ભરાઈ ગયાં હતાં અને જાહેર પરિવહન સેવા ખોટકાઈ ગઈ હતી.

સમગ્ર દિવસ દરમિયાન પરિસ્થિતિ વધુ વણસતાં વહીવટી અધિકારીઓએ તાકીદની સ્થિતિ જાહેર કરી દીધી હતી અને રહેવાસીઓને પ્રવાસ કરવાનું ટાળવાની તેમ જ ઘરમાંથી બહાર ન નીકળવાની વિનંતી કરી હતી.

ગવર્નર કેથી હૉચુલે ન્યૂ યૉર્ક શહેર અને તેની આસપાસના વિસ્તારમાં ઈમર્જન્સી જાહેર કરી હતી.

કર્મચારીઓને વહેલી રજા આપી દેવાની માલિકોને વિનંતી કરવામાં આવી હતી.

ન્યૂ જર્સીના કાર્યકારી ગવર્નર તહેશા વૅએ પણ તાકીદની સ્થિતિ જાહેર કરી હતી અને લોકોને સાવધ રહેવા તેમ જ ઘરમાંથી બહાર ન નીકળવા જણાવ્યું હતું.

ન્યૂ યૉર્ક શહેરના મેયર ઍરિક આદમ્સે ટ્રાવેલ ઍડવાઈઝરી જાહેર કરી હતી અને લોકોને પ્રવાસ ન કરવા જણાવ્યું હતું. (એજન્સી)

# આયર્લૅન્ડમાં ભારતીયો પર વધતા હુમલાઃ સંભાળીને રહેવાની સલાહ

ડબ્લિનઃ આયર્લૅન્ડમાં ભારતીય નાગરિકો પર હુમલાના વધી રહેલા બનાવો વચ્ચે ભારતીય દૂતાવાસે નાગરિકોને એકાંત વિસ્તારોથી દૂર રહેવા અને સતર્ક રહેવાની સલાહ આપી છે. આ બાબતે તેઓ આઈરિશ અધિકારીઓના સંપર્કમાં હોવાનું ડબલિન સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું.

આ ઘટનાઓની નોંધ લેતા દૂતાવાસે જણાવ્યું કે તાજેતરમાં આયર્લૅન્ડમાં ભારતીય નાગરિકો પર હુમલાની ઘટનાઓમાં વધારો થયો છે. દૂતાવાસ આ સંદર્ભમાં આયર્લૅન્ડના સંબંધિત અધિકારીઓના સંપર્કમાં છે. દૂતાવાસે આયર્લૅન્ડમાં ભારતીય નાગરિકોને વ્યક્તિગત સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની અને નિર્જન-એકાંત વિસ્તારોની મુલાકાત લેવાનું ટાળવાની સલાહ આપી છે.

ડબ્લિન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે ઇમર્જન્સી સંપર્ક વિગતો પણ જારી કરી હતી. આ ઘટના એક ભારતીય મૂળના ઉદ્યોગસાહસિક દ્વારા લિંક્ડઇન પર પોસ્ટ કર્યાના એક દિવસ પછી બની છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે આયર્લૅન્ડમાં તેમના પર બિનઉશ્કેરણીજનક જાતિવાદી હુમલો થયો છે.

# એસઆઈઆરઃ બિહારમાં ૬૫ લાખ મતદારોનો ઘટાડો

પટણાઃ વિધાનસભાની ચૂંટણી અગાઉ બિહારમાં ચૂંટણી પંચ દ્વારા સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અંતર્ગત તૈયાર કરવામાં આવેલી મતદાર યાદીમાં ૬૫ લાખ કરતાં પણ વધુ નોંધાયેલા મતદારોના ફોર્મ સ્વીકારવામાં ન આવ્યા હોવાને કારણે નોંધાયેલા કુલ મતદારોની સંખ્યા અગાઉના ૭.૯ કરોડથી ઘટીને ૭.૨૪ કરોડ થઈ ગઈ છે.

ચૂંટણી પંચના જણાવ્યાનુસાર ૩.૯૫ લાખ મતદારો સાથે પટણા યાદીમાં ટોચના સ્થાને છે તો ૩.૫૨ લાખ મતદાર સાથે મધુબની, ૩.૧૬ લાખ મતદાર સાથે પૂર્વ ચંપારણ અને ૩.૧૦ લાખ મતદાર સાથે ગોપાલગંજ ત્યાર પછીના સ્થાને છે.

આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં એક મહિનાની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કવાયત પૂર્ણ થયા બાદ ચૂંટણી પંચે શુક્રવારે બિહાર માટે ડ્રાફ્ટ મતદાર યાદીઓ પ્રકાશિત કરી હતી.

# હેલ્મેટ નહીં તો પેટ્રોલ નહીંઃ મધ્ય પ્રદેશનાં શહેરોમાં નવો નિયમ

ભોપાલઃ મધ્ય પ્રદેશનાં બે શહેરોમાં રોડ સૅફ્ટીને પગલે જિલ્લા વહીવટીતંત્ર એક્શન મૉડમાં છે. જેમાં ગઇકાલથી ઇન્દોર અને ભોપાલના જિલ્લા કલેક્ટરે નવો નિયમ લાગુ કર્યો છે. હવે હેલ્મેટ વિના ટૂ-વ્હીલર ચાલકોને પેટ્રોલપંપ પરથી પેટ્રોલ ભરી આપવામાં નહી આવે. આ અંગે વહીવટીતંત્રનું માનવું છે કે આ નિયમ લાગુ કરવાથી રોડ અકસ્માતની સંખ્યા અને મૃત્યુમાં ઘટાડો થઈ શકે છે. તેમજ લોકોમાં ટ્રાફિક અંગેની જાગૃતિ પણ વધશે. મધ્ય પ્રદેશનાં બે શહેરોમાં આ નિયમ લાગુ કરવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટની રોડ સૅફ્ટી સમિતિના અધ્યક્ષ અને નિવૃત ન્યાયાધીશ અભય મનોહર સપ્રે સાથે યોજાયેલી બેઠક બાદ લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં ઇન્દોરની ટ્રાફિક વ્યવસ્થા અને રોડ અકસ્માત મુદ્દે વિસ્તુત ચર્ચા કરવામાં આવી હતી. જેની બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બંને શહેરના કલેક્ટર દ્વારા આ અંગે વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનના રાખીને આ આદેશ જાહેર કરવામાં આવ્યો છે.

પહેલા પાનાનું ચાલુ

## ભાજપ માટે

આવે. સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની પૂરી થયેલી એક મહિના લાંબી કવાયત બાદ ચૂંટણી પંચે બિહાર મતદાર યાદીનો મુસદ્દો જાહેર કર્યાના દિવસે જ રાહુલે આ નિવેદન કર્યું હતું. વિધાનસભાની ચૂંટણી અગાઉ બિહારમાં મતદારોને મતાધિકારથી વંચિત રાખવાના આશયથી ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કવાયતનો વિપક્ષ સંસદના બંને ગૃહમાં વિરોધ કરી રહ્યો છે. મારું માનવું છે કે મતની ચોરી થઈ રહી છે. મતદાર યાદીમાં સુધારાને નામે કરોડો મતદારના નામ ઉમેરવામાં આવ્યા છે. આ મામલે અમે જાણકારી આપી હોવા છતાં ચૂંટણી પંચ કોઈ પણ પ્રકારની મદદ કરવા તૈયાર નથી અને એટલે જ અમે વધુ ઊંડા ઉતરવા માગીએ છીએ, એમ તેમણે કહ્યું હતું. આ મામલે અમે અમારી જાતે તપાસ કરી હતી અને તેમાં છ મહિનાનો સમય લાગ્યો હતો. તપાસમાં અમને વિસ્ફોટક જાણકારી મળી હતી. આ માહિતી જાહેર થશે ત્યારે ચૂંટણી પંચ પાસે દેશમાં ક્યાંય છુપાવાની જગ્યા નહીં હોય, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### રાહુલના આક્ષેપોમાં દમ નથી, અવગણવા જોઈએઃ ચૂંટણી પંચ

#### પાયાવિહોણા આરોપો પર ધ્યાન ન આપોઃ રાહુલ ગાંધીના વોટ ચોરીના નિવેદન પર ચૂંટણી પંચનો જવાબ

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ચૂંટણી પંચ પર ભાજપ સાથે મળીને ચૂંટણીમાં મતોની ચોરી કરવાનો આરોપ મૂક્યો હતો. ચૂંટણી અધિકારીઓ ભાજપ માટે 'વોટ ચોરી'માં સામેલ હોવાના રાહુલ ગાંધીના આરોપોને ચૂંટણી પંચે પાયાવિહોણા ગણાવ્યા હતા. ચૂંટણી પંચે તેમના અધિકારીઓને આવી બેજવાબદાર ટિપ્પણીઓને અવગણવા જણાવ્યું હતું. ચૂંટણી પંચ સામે પોતાના પ્રહારો ચાલુ રાખતા રાહુલ ગાંધીએ દાવો કર્યો કે તેમની પાસે ચૂંટણી અધિકારી દ્વારા કથિત ગેરરીતિઓના 'ખુલ્લા અને બંધ' પુરાવા છે અને કહ્યું કે તેમની પાસે છુપાવવા માટે કોઇ જગ્યા નહીં હોય. ગાંધીની ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપતા ચૂંટણી પંચે જણાવ્યું કે ચૂંટણી પંચ દરરોજ મૂકવામાં આવતા પાયાવિહોણા આરોપોને અવગણે છે. તેમજ દરરોજ આપવામાં આવતી ધમકીઓ છતાં તમામ ચૂંટણી અધિકારીઓને આવા બેજવાબદાર નિવેદનોને અવગણવા અને નિષ્પક્ષ અને પારદર્શક રીતે કામ કરવા જણાવે છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા ગાંધીએ કથિત ચૂંટણી ગેરરીતિઓ અંગેના તેમના પક્ષ પાસે રહેલા પુરાવાઓની તુલના પરમાણુ બોમ્બ સાથે કરી હતી. તેમજ કહ્યું કે જ્યારે તે ફૂટશે ત્યારે ચૂંટણી પંચ પાસે દેશમાં છુપાવવા માટે કોઇ જગ્યા રહેશે નહીં.

## ભારતની

ડૉલરના ચામડાં અને પગરખાં, બે અબજ ડૉલરના પશુ ઉત્પાદનો, ૨.૩૪ અબજ ડૉલરના રસાયણો, ૨.૨૪ અબજ ડૉલરના ઝીંગાની નિકાસ કરાય છે અને તેઓને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવાયેલા પચીસ ટકા ટૅરિફથી સૌથી વધુ ફટકો પડશે.ઔષધો, ઇલેક્ટ્રોનિક સામાન જેવા માલને ઇમ્પોર્ટ ડ્યૂટીમાંના વધારામાંથી બાકાત રખાયો હોવાથી તેઓને રાહત મળશે.સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ભારત ખાતેથી અમેરિકા નિકાસ કરાતા માલસામાનના પચાસ ટકા પર ટૅરિફમાંના વધારાની અસર નહિ થાય. અમેરિકા દ્વારા ઇમ્પોર્ટ ડ્યૂટીમાં કરાયેલા વધારાની માઠી અસર માત્ર ૪૮ અબજ ડૉલરના ભારતીય માલસામાન પર જ થશે.ભારતનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) અંદાજે ચાર ટ્રિલ્યન (ચાર લાખ કરોડ) ડૉલર છે અને દેશમાં ગ્રાહકો (જનસંખ્યા) ૧.૪ અબજ હોવાથી વિશાળ સ્થાનિક બજાર પણ છે. ટ્રમ્પ ટૅરિફની માઠી અસર દેશ પર ખાસ નહિ થાય.ભારત અને અમેરિકાની વચ્ચે ૨૦૨૪-૨૫માં દ્વિપક્ષી વેપાર ૧૩૧.૮ અબજ ડૉલરનો છે અને તેમાં ભારતના ૮૬.૫ અબજ ડૉલરના માલની નિકાસ કરાય છે, જ્યારે ૪૫.૩ અબજ ડૉલરના સામાનની ભારત અમેરિકાથી આયાત કરે છે.ટ્રમ્પે ભારતથી આયાત કરાતા માલસામાન પર લાદેલી પચીસ ટકા ટૅરિફમાંથી ઔષધો, ઊર્જા માટે જરૂરી ઉત્પાદનો જેવા કે ખનિજ તેલ, રિફાઇન્ડ ફ્યુઅલ, કુદરતી ગૅસ, કોલસો, વીજળી, દુર્લભ ખનિજ, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો, સૅમિકન્ડક્ટર્સ, કમ્પ્યૂટર્સ, ટેબલેટ્સ, સ્માર્ટફોન્સ, સોલિડ-સ્ટેટ ડ્રાઇવ્સ એટલે કે ડેટા સ્ટોરેજ ડિવાઇસ, ફ્લેટ પેનલ ડિસ્પ્લે અને ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સને બાકાત રખાયા છે.ભારત અમેરિકા ખાતે કાપડ અને કપડાંને મોટા પ્રમાણમાં નિકાસ કરતું હોવાથી સૌથી વધુ માઠી અસર તેના પર થશે. (એજન્સી)

## સુરતના હીરા

૧૦માંથી ૯ હીરા સુરતમાં બને છે, જેનો સૌથી મોટો ખરીદદાર દેશ અમેરિકા છે. મંદીનો સામનો કરી રહેલા હીરા ઉદ્યોગને ટ્રમ્પના ટૅરિફનો ડામ દઝાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકા દ્વારા લગાવવામાં આવેલા ટૅરિફની સીધી અસર સુરતથી ટેક્સટાઈલ, ડાયમંડ તથા જેમ એન્ડ જ્વેલરીના એક્સપોર્ટ પર થશે. સુરતમાં ૧૦થી ૧૨ લાખ લોકો સીધી અને આડકતરી રીતે ડાયમંડ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. ત્રણ વર્ષથી મંદીમાં ફસાયેલું ડાયમંડ માર્કેટ છ મહિનાથી પાટે ચડાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ ફરી એકવાર આ ગતિ ઉપર બ્રેક લાગે તેવી સ્થિતિઊભી થઈ છે. આ ટૅરિફની અસર આગામી દિવસો હીરા ઇન્ડસ્ટ્રીઝ માટે ખૂબ જ ઘાતક પુરવાર થશે તેવો આ નિર્ણય જોતા નિષ્ણાતો પણ માની રહ્યા છે.

સુરતના હીરા ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ, અમેરિકામાં ૫ એપ્રિલ પહેલાં કટ એન્ડ પોલિશ્ડ ઉપર ૦ ટકા અને જ્વેલરી ઉપર ૫થી ૭ ટકા જેટલો ટૅરિફ હતો. ૫ એપ્રિલથી ૧ ઓગસ્ટ સુધી ૧૦ ટકા એડિશનલ ટૅરિફ કરવામાં આવ્યો હતો. જો કે હવે ૧ ઓગસ્ટથી ૨૫ ટકા એડિશનલ ટૅરિફ કરવામાં આવ્યો છે અને જ્વેલરી ઉપર ૩૧થી ૩૨ ટકા ટૅરિફ લાગવા જઈ રહ્યો છે. જેની અસર ભારતથી નિકાસ થતા ૪૦ ટકા ડાયમંડ અને જ્વેલરી એક્સપોર્ટ પર થશે. ભારતથી માત્ર અમેરિકામાં જ ૮ બિલિયન ડૉલરનું એક્સપોર્ટ થાય છે. અમેરિકાના ભારે ટૅરિફથી સુરતની મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી ઠપ થઈ જશે. મેન્યુફેક્ચરિંગ બંધ થશે તો કારીગરો ઉપર તેની મોટી અસર થશે અને કારીગરો ઉપર અસર થશે તો નાના-નાના ટ્રેડિંગ કરનારાઓ ઉપર પણ તેની સીધી અને ગંભીર અસર થશે.

## શાહરુખ અને વિક્રાંત મૅસી

સાથે શેર કર્યું હતું. અભિનેત્રી રાની મુખર્જીને 'મિસિસ ચેટર્જી વર્સિસ નોર્વે'માં તેમના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે નામાંકિત કરવામાં આવી હતી. વિધુ વિનોદ ચોપરા દ્વારા દિગ્દર્શિત 'બારવી ફેલ'ને શ્રેષ્ઠ ફિચર ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી હતી, જ્યારે શ્રેષ્ઠ દિગ્દર્શકનો પુરસ્કાર 'ધ કેરળ સ્ટોરી' માટે સુદીપ્તો સેનને મળ્યો હતો. ફિલ્મ નિર્માતા કરણ જોહરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' ને મનોરંજન માટે શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો પુરસ્કાર મળ્યો હતો, જ્યારે મેઘના ગુલઝારની 'સૅમ બહાદુર'ને રાષ્ટ્રીય, સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોને પ્રોત્સાહન આપતી શ્રેષ્ઠ ફિચર ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી હતી. 'સૅમ બહાદુર'ને કોસ્ચ્યુમ અને મેકઅપ સન્માનિત કરવામાં આવી હતી. જ્યૂરીના વડા આશુતોષ ગોવારિકર દ્વારા ફિલ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી.

# શ્રાવણમાં શાકભાજીના ભાવ ઘટ્યા, ગૃહિણીઓને રાહત

નવી મુંબઈઃ શ્રાવણ મહિનો શરૂ થતાં જથ્થાબંધ બજારમાં ટમેટાં સિવાયના અન્ય શાકભાજીના ભાવ ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો થયો છે. વાશીના જથ્થાબંધ માર્કેટમાં દરરોજ શાકભાજીની ૬૦૦ થી ૬૫૦ ટ્રક આવી રહી છે. આ કારણે શાકભાજીની આવક પણ સારી થઈ રહી છે. આ વર્ષે સતત વરસેલા વરસાદને કારણે શાકભાજીનું વાવેતર પણ સારું થયું હતું. પરિણામે બજારમાં સારું અને સસ્તું શાક મળી રહ્યું છે. ગયા મહિને શાકભાજીના ભાવમાં થોડો વધારો થયો હતો. જોકે, હવે આ ભાવમાં ઘટાડો થયો છે.

બજારમાં લીલા વટાણાની આવક પણ વધી છે. જથ્થાબંધ બજારમાં તેનો ભાવ પ્રતિ કિલો ૧૫૦ રૂ. થી ઘટીને ૮૦-૯૦ રૂ. થયો છે. જેના કારણે ગયા અઠવાડિયા સુધી છૂટક બજારમાં ૨૦૦ રૂ. કિલોના ભાવે મળતા વટાણા હવે ૧૨૦ રૂ. થઈ ગયા છે. આગામી દિવસોમાં આ ભાવમાં વધુ ઘટાડો થવાની શક્યતા વેપારીઓએ વ્યક્ત કરી છે.

આ સિવાય કોથમીર, મેથી, પાલક, ચોળી, મૂળા જેવી ભાજીના ભાવ પણ ઘટ્યા છે. જથ્થાબંધ બજારમાં એક જોડી ૬ થી ૮ રૂપિયા અને છૂટક બજારમાં ૧૦ થી ૧૫ રૂપિયાના ભાવે આ ભાજી મળી રહી છે.

જોકે વરસાદને કારણે ટામેટાંને ઘણું નુકસાન થતું હોવાથી બજારમાં સારા ટામેટાં ઓછી માત્રામાં આવી રહ્યા છે. ગયા અઠવાડિયા સુધી ૪૦ રૂપિયા કિલોના ભાવે વેચાતા ટામેટાં હવે ૮૦ રૂપિયા કિલો થઈ ગયા છે. આ ઉપરાંત ગુવાર અને ફણસીના ભાવ પણ વધ્યા છે. જથ્થાબંધ બજારમાં આ બંને શાકભાજીનો ભાવ ૫૦ થી ૭૦ રૂપિયા અને છૂટક બજારમાં તેમના ભાવ ૯૦ થી ૧૦૦ રૂ. છે. ■

# રાજ્યના ૧.૫ લાખ ગોવિંદાઓને વીમા સંરક્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં દહીહાંડીનો તહેવાર ભારે ધૂમધામ પૂર્વક ઊજવવામાં આવે છે. મુંબઈ સહિત રાજ્યના હજારો યુવક-યુવતીઓ 'ગોવિંદા' તરીકે થર પર થર રચીને હાંડી ફોડતા હોય છે. છેલ્લા અનેક વર્ષોથી હાંડી ફોડવા માટે થર લગાવવાની પ્રેકટીસ દરમ્યાન અને તહેવાર દરમ્યાન થર લગાવતા સમયે ગોવિંદાઓના પડી જવાના અને જખમી થવાનું પ્રમાણ વધી ગયું છે. ગોવિંદાઓની સુરક્ષા અને તેમના આરોગ્યની દૃષ્ટિ વિમા સંરક્ષણ મળે તે માટે લાંબા સમયથી રાજ્ય સરકાર પાસે માગણી કરવામાં આવી રહી હતી. આ માગણીને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને રાજ્યના ૧.૫૦ ગોવિંદાઓને 'ગોવિંદા સમન્વય સમિતિ (મહારાષ્ટ્ર)' આ આયોજન સમિતિના માધ્યમથી ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપનીનું વિમા સંરક્ષણ આપવામાં આવવાનું છે. રાજ્ય નાયબ મુખ્ય પ્રધાને ગોવિંદાઓ માટે આવશ્યક વીમાની રકમ તાત્કાલિક ધોરણે મંજૂર કરી હતી. ગયા વર્ષે ૧.૨૫ લાખ ગોવિંદાઓને વીમા સંરક્ષણ આપવામાં આવ્યું હતું અને આ વર્ષે આ આંકડો ૧.૫૦ લાખ સુધી પહોંચી ગયો છે. ■

# જુહુના દરિયામાં એક યુવક તણાઈ ગયો, અન્યને બચાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જુહુ બીચ પર શુક્રવારે વહેલી સવારે બે યુવકો દરિયામાં તરવા ગયા હતા એ સમયે પાણીમાં તણાઈ ગયા હતા, તેમાંથી એકને બચાવી લેવાયો હતો તો બીજાનો મોડી સાંજ સુધી શોધખોળ બાદ પણ કોઈ પત્તો લાગ્યો નહોતો.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ જુહુમાં સિલ્વર બીચ પર ગોદરેજ ગેટ પાસે વહેલી સવારના ૮.૩૦ વાગે આ બનાવ બન્યો હતો, જેમાં બે યુવકો દરિયામાં ૨૦૦ મીટર સુધી અંદર ગયા હતા. એ સમયે તેઓ મોજા સાથે અંદર તણાઈ ગયા હતા. લાઈફ ગાર્ડ અને મુંબઈ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તેમની શોધ ચાલુ કરી હતી.

તેમાંથી ૨૨ વર્ષના રાજકુમાર ગોવિંદ સુબાને લાઈફગાર્ડ જીતેન્દ્ર ટાંડેલે ફાયરબ્રિગેડ આવે તે અગાઉ જ બચાવી લીધો હતો અને બીજાને શોધી કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. બપોરના ૧.૪૬ વાગ્યાથી દરિયામાં ભરતી હોવાથી રેસ્ક્યુ ઓપરેશન બંધ કરવામાં આવ્યું હતુ. તણાઈ ગયેલા ૨૦ વર્ષના વિઘ્નેશ દેવેન્દ્રનો મોડી સાંજ સુધી કોઈ પત્તો લાગ્યો નહોતો. ■

GOLDEN LOTTO
Government of Mizoram
રોમાંચક ગેમ્સ દરરોજ!
SATURDAY LOTTO INDIA | KENO | GOLDEN STAR
જીતો જેકપોટ ₹1.32 કરોડ + | જીતો જેકપોટ ₹15 લાખ | જીતો જેકપોટ ₹10 લાખ
ડ્રૉ દર શનિવાર 9:30 PM | ડ્રૉ દરરોજ રવિવાર થી શુક્રવાર 6:00 PM | ડ્રૉ દરરોજ બે વાર 4 PM | 8 PM
ટિકીટ ₹ 30 | ટિકીટ ₹ 15 | ટિકીટ ₹ 10
ટિકીટો નજીકના લૉટરી કાઉન્ટર પર ઉપલબ્ધ
18+ Live Draw on YouTube channel : GoldenLottery
રિટેલરશિપ માટે અમારો સંપર્ક કરોઃ
ગોલ્ડન લોટો મુંબઈ 83693 33517

# હાઈવે પર ટ્રાફિક જેમઃ મુંબઈ - થાણે વાહનવ્યવહાર ખોરવાયો

વસઈઃ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર શુક્રવારે સવારથી જ ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. મુંબઈ, થાણે તેમજ ગુજરાત તરફ જતા બંને માર્ગ પર ભીડને કારણે વાહનોની લાંબી કતારો લાગતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો.

મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે વસઈ પૂર્વમાંથી પસાર થાય છે. ચોમાસાની શરૂઆતમાં જ આ હાઇવે પર વિવિધ સમસ્યાઓ શરૂ થઇ ગઇ છે. અનેક જગ્યાએ ખાડા પડવાથી ટ્રાફિકની મંદ ગતિએ આગળ વધી રહ્યો હતો. વર્સોવા બ્રિજ, સસૂનવઘર, સસુપાડા, માલજીપાડાથી નાયગાવ અને વસઈ સુધી ૧૦ કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી હતી. આ ભીડને કારણે કેટલાકે વિરુદ્ધ દિશામાં વાહનો ચલાવવાનું શરૂ કરી દીધું હતું. આ સમસ્યાની અસર પાછળથી ગુજરાત જતા માર્ગ પર પણ જોવા મળી હતી. ■

# છૂટાછેડાના કેસમાં પત્નીના નપુંસકતાના આક્ષેપોથી બદનક્ષી નથી થતીઃ હાઈ કોર્ટ

## આ આક્ષેપો કાનૂની પ્રક્રિયાનો જરૂરી હિસ્સો છે એમ પણ કહ્યું

મુંબઈઃ છૂટાછેડાની કાર્યવાહી દરમિયાન પત્નીએ પતિ સામે કરેલા નપુંસકતાના આક્ષેપોથી બદનક્ષી નથી થતી એવી સ્પષ્ટતા કરી બોમ્બે હાઈકોર્ટે ઉમેર્યું હતું કે આવા દાવાઓ મહિલાના હિતની જાળવણી માટે કરવામાં આવતા હોવાથી એ કાનૂની પ્રક્રિયાનો જરૂરી હિસ્સો બને છે.

અલગ રહેતી પત્ની અને તેના પરિવાર વિરુદ્ધ પતિની બદનક્ષીની ફરિયાદને ફગાવી દેતા ન્યાયમૂર્તિ એસ. એમ. મોડકે શુક્રવારે જાહેર કરેલા ૧૭ જુલાઈના આદેશમાં નોંધ્યું હતું કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળ, નપુંસકતાના આરોપો 'અત્યંત સુસંગત' છે અને છૂટાછેડા માટે કાયદેસરનું કારણ બની શકે છે.

ન્યાયમૂર્તિ મોડકે એમ પણ જણાવ્યું હતું કે પોતાના હિતની જાળવણી માટે તેમજ લગ્નજીવનમાં તેની સાથે અન્યાય થયો છે એ સાબિત કરવા પત્ની દ્વારા કરવામાં આવેલા આક્ષેપો વાજબી અને ન્યાયી છે.'

પતિએ દલીલ કરી હતી કે છૂટાછેડા અને ભરણપોષણની અરજીઓમાં અને એક અલગ એફઆઇઆરમાં કરવામાં આવેલા પત્નીના દાવા હવે જાહેર થયા હોવાથી તેની પ્રતિષ્ઠાને નુકસાન થયું હતું. મહિલાએ હાઈ કોર્ટને કરેલી અરજીમાં જણાવ્યું હતું કે પતિની નપુંસકતા છૂટાછેડા માટેનું એક કારણ છે. (પીટીઆઈ)■

# નવી મુંબઈમાં બસે રાહદારીઓને અડફેટમાં લીધાઃ છ જણ ઘાયલ

થાણેઃ નવી મુંબઈમાં ગુરુવારે ઇલેક્ટ્રિક બસે રાહદારીઓને અડફેટમાં લેતાં છ જણ ઘાયલ થયા હતા. પોલીસે આ પ્રકરણે બસ ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. નવી મુંબઈના તુર્ભે નાકા વિસ્તારમાં ગુરુવારે રાતના નવ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (એનએમએમટી)ની ઇલેક્ટ્રિક બસના ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યા બાદ રાહદારીઓને અડફેટમાં લીધા હતા, જેમાં છ જણ ઘવાયા હતા. તુર્ભે પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અછાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે બસના ડ્રાઇવર પ્રમોદ રમેશ કનોજિયા (૫૨) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ્સ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે બસ પૂરપાટ વેગે હંકારવામાં આવી રહી હતી અને ફાઇઝર કંપની નજીક ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવ્યો હતો. ■

# યવતમાળના શિવસેના-યુબીટીના સાત ભૂતપૂર્વ કાઉન્સિલર શિંદેના પક્ષમાં સામેલ

થાણેઃ મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રના યવતમાળથી શિવસેના (યુબીટી)ના વિધાન પરિષદના સાત ભૂતપૂર્વ સભ્ય નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળના શાસક જૂથના સાથી પક્ષ શિવસેનામાં જોડાયા છે. આ લોકોનો સમાવેશ તેમના પક્ષની વધતી જતી લોકપ્રિયતા દર્શાવે છે એન શિંદેએ જણાવ્યું હતું.

આ ભૂતપૂર્વ કાઉન્સિલરો શિંદે અને પક્ષના કેબિનેટ પ્રધાન સંજય રાઠોડની હાજરીમાં થાણામાં ગુરુવારે મોડી રાત્રે શિવસેનામાં જોડાયા હતા. તેમાંથી ત્રણ જણ તો યવતમાળની નેર મ્યુનિસિપાલિટીના ભૂતપૂર્વ અધ્યક્ષ છે. શિવસેના (યુબીટી) માટે આ ફેરબદલ એક મહત્વપૂર્ણ આંચકો માનવામાં આવી રહ્યો છે.

શિવસેનાની એક રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે પશ્ચિમ વિદર્ભના વધુ ૧૦ હજાર પદાધિકારીઓ અને રાજકીય કાર્યકરો ટૂંક સમયમાં જ પક્ષમાં જોડાય તેવી શક્યતા છે, શિવસેના શાસક જોડાણ મહાયુતિનો એક ઘટક છે જેમાં ભાજપ અને એનસીપીનો પણ સમાવેશ છે. (પીટીઆઈ)■

NATIONAL SILK EXPO
Direct Weavers Exhibition & Sale
Wedding & Festival Special
31 July to 4 Aug.
ADITYA BANQUETS - THANE (W)
In side Ashar IT Park Gate No. 3, Wagle Street, Road No. 16z, Thane West
150+ certified weavers & best designers from all over India
Authentic & pure silk & cotton saree only at weavers price from all over India
All latest variety & new design
Silk & Cotton Saree | Designer Wear | Ethnic Wear
Kurti & Dresses | Fashion Jewellery | Handcrafted Textiles


M: 9412258826 | Entry Free | All UPI Online / Debit & Credit Cards Accepted

રક્ષાબંધન પહેલાં અને ગણેશ ચતુર્થી પહેલાં શોપિંગ ધમાકાની મુલાકાત અવશ્ય લેવી જોઈએ!
Supported by : COIR BOARD | NATIONAL JUTE BOARD | Khadi India | garvi gurjari
Organised by : G S MARKETING ASSOCIATES www.megatradefair.com | BCC&I THE BENGAL CHAMBER
5th India International
Mega Trade Fair
કોરાકેન્દ્ર ગ્રાઉન્ડ ૧, R. M. ભટ્ટડ રોડ,
તમામ A.C. પેવિલિયન્સ બોરીવલી (પશ્ચિમ), મુંબઈ
૧-૧૧ ઑગસ્ટ, ૨૦૨૫ | બ. ૧ - રા. ૧૦

ગ્રાન્ડ ગાલા ઉદ્ઘાટન સમારોહ
અમારા મુખ્ય અતિથિ
શ્રી નારાયણ રાણે
પાર્લામેન્ટ, લોકસભાના સભ્ય દ્વારા
કોરાકેન્દ્ર ગ્રાઉન્ડ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ | ૨જી ઑગસ્ટ ૨૦૨૫ના સાં. ૬ કલાકથી
Singapore

Steam Iron
Supported by : SAHIB MANAGEMENT SERVICES
Fabrication Partner : Satisfied Media

આકર્ષક ડિસ્કાઉન્ટ યોજનાઓ
■ ૩૫,૦૦૦ અનોખા ઉત્પાદનો
■ ૮ દેશો અને ૧૮ રાજ્યોમાંથી ઉત્પાદનો
AFGHANISTAN

Dry Fruits
DUBAI

Attar & Perfumes
THAILAND

Exquisite Accessories
Turkey

Baklava
GS Celebrating 31 Years of Excellence | IIMTF India International Mega Trade Fair | Our 270th Fair
ટિકિટ કિંમત : રૂ. ૬૦/- વ્યક્તિ દીઠ

# થાણેમાં ગેરકાયદે બિલ્ડિંગના નળના જોડાણ ખંડિત કરવાની ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ સામે હાઈ કોર્ટના આદેશ બાદ કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત ગેરકાયદે બાંધકામના ૧૩૪ નળના જોડાણ ખંડિત કરવામાં આવ્યા છે. થાણે મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગે કરેલી કાર્યવાહીમાં ૭૯ બોરવેલ બંધ કરવામાં આવ્યા છે. તો ૧૮ મોટર પંપ જપ્ત કરવામાં આવી છે. આ તમામ નળના જોડાણ ગેરકાયદે રીતે લેવામાં આવ્યા હતા. તે સંદર્ભમાં ગુનો દાખલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

ગેરકાયદે બાંધકામને પાણી પુરવઠો કરવામાં આવ્યો હોય તો તેમના દસ્તાવેજો તપાસવામાં તેમ જ બાંધકામ ગેરકાયદે હોય તો તેના નળના જોડાણ તાત્કાલિક ખંડિત કરવામાં આવે તેમ જ પાલિકાની પાણીની પાઈપલાઈન પર ગેરકાયદે રીતે નળનું જોડાણ લીધું હોય તે તેને તાત્કાલિક ખંડિત કરવું એવો નિર્દેશ થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે પાણી પુરવઠા વિભાગને આપ્યો હતો.

તે અંતર્ગત ૨૫ જુલાઈથી થાણે પાલિકા વિસ્તારમાં ગેરકાયદે બાંધકામના નળના જોડાણ ખંડિત કરવાની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ દિવા, મુંબ્રા, માજિવાડા-માનપાડા, કલવા, ઉથળસર, લોકમાન્ય નગર-સાવરકર નગરમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ■

'તમારી હરકતોથી પક્ષની પ્રતિષ્ઠા ખરડાય છે'

# અજિત પવારે કાર્યકરોને ગેરવર્તણૂક સામે ચેતવણી આપી

પુણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપી પ્રમુખ અજિત પવારે શુક્રવારે પક્ષના કાર્યકરોને જાહેરમાં ગેરવર્તણૂક અને હવામાં ગોળીબાર કરવા જેવી બેફામ ઉજવણીથી જાહેરમાં ખલેલ પાડવા સામે ચેતવણી ઉચ્ચારી હતી. તેમણે કહ્યું હતું કે આ પ્રકારની હરકતોથી વ્યક્તિ અને પક્ષ બંનેની પ્રતિષ્ઠા ખરડાય છે.

એનસીપીના સભ્યો સાથે જોડાયેલા તાજેતરના બે વિવાદોના પગલે તેમણે આ ટિપ્પણી કરી છે. એમાં પુણે જિલ્લાની એક ઘટનાનો સમાવેશ છે જ્યાં એનસીપીના એક વિધાનસભ્યના ભાઈએ દૌંડમાં 'તમાશા' કાર્યક્રમના સ્થળ પર કથિત રીતે બંદૂક ચલાવી હતી.

આ ઉપરાંત પવારે વૈષ્ણવી હગવણેના કથિત દહેજ મૃત્યુ વિશે પણ વાત કરી હતી. એનસીપી નેતા રાજેન્દ્ર હગવણે સહિત વૈષ્ણવીના સાસરિયાઓ પર સતામણીના આરોપો કરવામાં આવ્યા છે. 'શું પક્ષ દ્વારા પરિવારને પુત્રવધૂ ત્રાસ આપવાનું કહેવામાં આવ્યું હતું?' એવો સવાલ કરતા તેમણે કહ્યું કે જો પરિવારના કરતૂતોની જાણ હોત તો તેમણે લગ્નમાં હાજરી જ ન આપી હોત.' હગવણેની પુત્રવધૂ વૈષ્ણવી (૨૬)એ ૧૬ મેએ પિંપરી-ચિંચવાડના બાવધાનમાં સાસરિયે કથિત રીતે આત્મહત્યા કરી લીધી હતી. (પીટીઆઈ) ■

# સરકાર 'બેશરમ અને લાચાર', રમી રમનારા પ્રધાનને રમતગમત ખાતું આપ્યું: સપકાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકાર 'બેશરમ અને લાચાર' છે અને વિધાનસભામાં મોબાઇલ ફોન પર રમી રમતા પકડાયેલા પ્રધાનને બરતરફ કરવાને બદલે રમતગમત વિભાગ આપી રહી છે, એવી ટીકા રાજ્ય કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે શુક્રવારે કરી હતી.

લોકમાન્ય બાળ ગંગાધર તિલકને તેમની પુણ્યતિથિ અને લોક કવિ અણ્ણાભાઉ સાઠેને તેમની જન્મતિથિ પર શ્રદ્ધાંજલિ આપ્યા બાદ મીડિયાને સંબોધતાં, સપકાળે રાજ્ય સરકારની 'દંભ અને નૈતિક નિષ્ફળતા' હોવાનો દાવો કરતા આકરા પ્રહારો કર્યા હતા. 'એક મહત્વપૂર્ણ વિધાનસભા સત્ર દરમિયાન પ્રધાન રંગે હાથે રમી રમતા પકડાયા હતા. તેમને બરતરફ કરવાને બદલે, સરકારે તેમને રમતગમત ખાતું આપ્યું છે. આ સજા નથી, તે તો એક પ્રકારે તેમનું સન્માન છે. કદાચ હવે તેઓ રમીને ઓલિમ્પિક રમત તરીકે સામેલ કરવાની ભલામણ કરશે અને તેમને શિવ છત્રપતિ પુરસ્કાર પણ આપશે,' એમ સપકાળે કહ્યું હતું.

સપકલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર પણ પ્રહાર કર્યા, અને તેમના પર ન્યાયિક ચુકાદાઓ પર પસંદગીયુક્ત ટિપ્પણી કરીને પદના શપથનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.

'ફડણવીસે અનૈતિક અને ગેરબંધારણીય રીતે કાર્ય કર્યું છે. તેઓ એક કેસમાં ન્યાયની વાત કરે છે અને બીજા કેસમાં તેને અવગણે છે. તે તેમના શપથ સાથે વિશ્વાસઘાત છે અને તેમના બેવડા વલણનું પ્રતિબિંબ છે,' એમ સપકાળે કહ્યું હતું. કોંગ્રેસના નેતાએ સામાજિક ન્યાય અને આદિજાતિ કલ્યાણ વિભાગના ભંડોળને લાડકી બહિણ યોજના જેવી યોજનાઓ તરફ વાળવાની પણ ટીકા કરી હતી અને તેને નિયમોનું ઉલ્લંઘન અને બંધારણીય જોગવાઈઓનો દુરુપયોગ ગણાવ્યો હતો. ■

# પ્રધાન કદમની માતાના નામના બાર લાઇસન્સ સરેન્ડર, દોષી અંતરાત્મા દર્શાવે છે: પરબ

મુંબઈ: મહારાષ્ટ્રના ગૃહખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમની માતાના નામનું બાર લાઇસન્સ શુક્રવારે સરેન્ડર કરવામાં આવ્યું હતું તેના પર આ મુદ્દે હોબાળો કરનારા શિવસેના (યુબીટી)ના નેતા અનિલ પરબે એવો દાવો કર્યો હતો કે, આ 'અપરાધની કબૂલાત' છે અને તેમને બરતરફ કરી નાખવા જોઈએ. 'યોગેશ કદમની માતાએ સરકારને લાઇસન્સ પાછું સોંપી દીધું છે, પરંતુ તે પ્રધાનને તેમના પરિવાર દ્વારા ડાન્સ બાર ચલાવવાના આરોપથી મુક્ત કરી શકતું નથી,' એમ પરબે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. જોકે પરબના દાવા પર યોગેશ કદમની પ્રતિક્રિયા તાત્કાલિક ઉપલબ્ધ થઈ નહોતી.

'મેં પોલીસને (મુંબઈમાં) સાવલી બાર સામે લેવામાં આવેલી કાર્યવાહી વિશે પૂછ્યું હતું. આજે, લાઇસન્સ પાછું સોંપવામાં આવ્યું છે, પરંતુ આનાથી પ્રધાન છૂટી શકશે નહીં,' એમ પરબે કહ્યું હતું. 'લાઇસન્સ પાછું સોંપવું એ તો એક રીતે અપરાધની કબૂલાત છે,' એમ તેમણે વધુમાં કહ્યું હતું. 'જો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કદમને બરતરફ નહીં કરે, તો તે ખોટો સંદેશ આપશે,' એમ પરબે કહ્યું હતું. ■

છેલ્લા પાનાનું ચાલુ

## 'બાપ તો બાપ

પ્રત્યારોપોનો દોર શરૂ થઈ રહ્યો છે. થોડા દિવસો પહેલા, ઠાકરે જૂથના નેતા રાજન વિચારેએ શિંદે જૂથના થાણે લોકસભા સાંસદ નરેશ મ્હસ્કેની વાચાળ વ્યક્તિ તરીકે ટીકા કરી હતી. ત્યારબાદ, શિંદે જૂથે રાજન વિચારે દ્વારા આપવામાં આવેલા નિવેદનના વિરોધમાં થાણેના દરેક ચોકડી પર બિલબોર્ડ લગાવ્યા હતા. વિચારેના કાર્યકરો દ્વારા કેટલાક બેનરો હટાવવામાં આવ્યા હતા, જ્યારે પોલીસ લુઈસવાડી વિસ્તારમાં બેનરો હટાવવા ગઈ હતી. તે સમયે શિંદેની યુવા સેનાના કાર્યકરોએ વિરોધ કર્યો હોવાથી વાતાવરણ તંગ બન્યું હતું.

'શું ઉગ્રવાદીઓને મારવાનો અર્થ દયા બતાવવાનો હતો? પહેલગામ આપણા દેશમાં છે, પાકિસ્તાનમાં નહીં. આજે આ ઘટનાને ૧૦૦ દિવસ થઈ ગયા છે, ૨૭ પરિવારોનો નાશ થયો છે અને જો આટલા દિવસો પછી આતંકવાદીઓ પકડાઈ રહ્યા છે, તો મોટો હોબાળો કરવાની શું જરૂર છે?' એવું નિવેદન રાજન વિચારેએ આપ્યું હતું. શિંદેની યુવા સેનાએ 'શું ઉગ્રવાદીઓને મારવાનો અર્થ દયા બતાવવાનો હતો' આ નિવેદનનો વિરોધ કરવા માટે વિચારે વિરુદ્ધ બેનર લગાવ્યું હતું. તેમાં વિચારેનો ફોટો દોરવામાં આવ્યો હતો અને વિરોધ, વિરોધ.. આવા દેશદ્રોહી રાજનનો ધિક્કાર. કોઈ માન નહીં, કોઈ વિચાર નહીં, ફક્ત 'એ' વિચારેના મનમાં હતું. એમ બેનરમાં લખેલું હતું

ગુરુવારે રાજન વિચારેએ સોશિયલ મીડિયા પર એક પત્ર ફરતો કર્યો હતો. આ પત્રમાં તેમણે સાંસદ નરેશ મ્હસ્કેની ટીકા કરી હતી. એકનાથ શિંદે દ્વારા હેરાન થયા બાદ તેઓ પણ કોંગ્રેસમાં જોડાવાના હતા, પરંતુ પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેના આદેશ બાદ તેમને કોંગ્રેસમાં જોડાવાથી અટકાવવામાં આવ્યા હતા, એમ રાજન વિચારેએ પત્રમાં કહ્યું હતું. શુક્રવારે, રાજન વિચારેનો જન્મદિવસ હતો. આ જન્મદિવસ પર, મ્હસ્કેએ તેમને માત્ર શુભેચ્છા પાઠવી જ નહીં, પણ વિચારેને ચેતવણી પણ આપી હતી કે તેઓ પત્રનો જવાબ પછીથી આપશે. દરમિયાન, ઘોડબંદર વિસ્તારમાં ઠાકરે જૂથના કાર્યકરો અને પદાધિકારીઓએ રાજન વિચારેના બેનરો લગાવ્યા છે. જેમાં તેમણે 'પિતા તો પિતા જ રહેશે' એવું લખ્યું છે. આ બેનરો બધાનું ધ્યાન ખેંચી રહ્યા છે. બેનર પર રાજન વિચારેનો ફોટો છે. તેમણે તેમને શુભકામનાઓ પણ પાઠવી છે. ■

## સોશ્યલ મીડિયા

હતું કે અગાઉની અમુક ઘટનાઓને પગલે ગામમાં પહેલેથી જ તંગદિલીભર્યું વાતાવરણ હતું. એવામાં યુવાનની પોસ્ટ વાયરલ થતાં જ ગામવાસીઓ ભડક્યા હતા, જેને પગલે તોફાન થયું હતું. યુવાનના સમુદાય સાથે જોડાયેલા ગામવાસીઓની મિલકતને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. તાબામાં લેવાયેલા યુવાન વિરુદ્ધ પગલાં લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ યવત ગામના એક મંદિરમાં સ્થાપિત છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અપમાન કરવાની ઘટના ૨૬ જુલાઈએ બની હતી. તે સમયથી ગામવાસીઓમાં રોષ ફેલાયો હતો, જેને પગલે તંગદિલી જેવું વાતાવરણ હતું.ગામમાં રહેતા બન્ને સમુદાયના લોકોએ બહારથી આવીને ગામમાં વસેલા અમુક લોકોનો વિરોધ કર્યો હતો. કહેવાય છે કે શુક્રવારે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઊતર્યા હતા અને તોડફોડ કરી હતી. રસ્તાની વચ્ચે એક બાઈકને આગ ચાંપવામાં આવી હતી. ટોળાને કાબૂમાં લેવા વધારાની પોલીસ બોલાવાઈ હતી. લાઠીચાર્જ અને ટિયર ગૅસના શેલ્સ છોડવામાં આવ્યા હતા. પોલીસની કાર્યવાહી પછી વાતાવરણ શાંત હોવાનો દાવો અધિકારીએ કર્યો હતો. (પીટીઆઈ) ■

## ટ્રેનમાંથી પડવાનો

યાદવે જણાવ્યું હતું કે બનાવની જાણ થતાં રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલની ઓળખ મહેક ઠક્કર તરીકે થઇ હતી અને અમે બાદમાં મહેકના પિતાનો સંપર્ક સાધીને ઘટનાની તેમને જાણ કરી હતી. મહેકના પિતા અરવિંદભાઇ ઠક્કરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મહેક ડોંબિવલીના સ્ટુડિયોમાં કામ કરે છે. કાંદિવલીના દેરાસરમાં ચાતુર્માસ ચાલતા હોઇ ત્યાં ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીનું કામ મળ્યું હોવાથી મહેક સવારે કાંદિવલી જવા માટે શુક્રવારે સવારે સાત વાગ્યે ઘરેથી નીકળ્યો હતો. દરમિયાન રેલવે પોલીસનો સવારના આઠ વાગ્યે મને કૉલ આવ્યો હતો અને તેમણે મહેક ટ્રેનમાંથી પડી ગયો હોવાનું જણાવ્યું હતું. ■

## બીમારીથી ત્રસ્ત

હતી. પોલીસના જણાવ્યા મુજબ ચેમ્બુરના પી. એલ. લોખંડે માર્ગ પર આવેલા ગાર્મેન્ટના કારખાના બહાર એક મહિલાએ બીજીને ચાકુ માર્યાની માહિતી ટિળક નગર પોલીસને ગુરુવારની સાંજે મળી હતી. માહિતીને આધારે પોલીસ સ્ટેશનની નિર્ભયા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બન્ને મહિલાને તાબામાં લઈ પૂછપરછ કરતાં કોઈ કારણ વિના જ ૪૩ વર્ષની મહિલાએ હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

જખમી મહિલાને સારવાર માટે રાજાવાડી હૉસ્પિટલે લઈ જવાઈ હતી, જ્યારે હુમલો કરનારી ૪૩ વર્ષની આરોપી મહિલાની પૂછપરછ કરવામાં આવતાં તે ગોવંડીના બૈગન વાડી ખાતે માતા-પિતા અને પુત્ર સાથે રહેતી હોવાનું જાણવા મળ્યું હતું. પૂછપરછ દરમિયાન મહિલાએ પોતાના જ છ મહિનાના પુત્રની હત્યા કર્યાની કબૂલાત કરતાં પોલીસની ટીમ પણ ચોંકી ઊઠી હતી.

મહિલાના દાવાની ખાતરી કરવા ટિળક નગર પોલીસે ગોવંડીની શિવાજી નગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે મહિલાના ઘરે જઈ તપાસ કરતાં તે સાચું બોલતી હોવાનું જણાયું હતું. ઘોડિયામાં પડેલા બાળકના શબને પોલીસ પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હૉસ્પિટલમાં લઈ ગઈ હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે મહિલાનાં ત્રણ વાર નિકાહ થયા હતા અને ત્રણેય પતિએ તેને છોડી દીધી હતી. બાદમાં મહિલા એક શખસના સંપર્કમાં આવી હતી. આ શખસ સાથેના શારીરિક સંબંધમાં મહિલા ગર્ભવતી બની હતી. સગર્ભાવસ્થામાં મહિલાને છોડી એ શખસે સંપર્ક તોડી નાખ્યો હતો.

કહેવાય છે કે છ મહિના પહેલાં મહિલાએ બાળકને જન્મ આપ્યો ત્યારે બન્નેને ગંભીર બીમારી હોવાનું જાણવા મળ્યું હતું. આર્થિક પરિસ્થિતિ સારી નહોતી અને તેમાં બીમારીની જાણ થતાં મહિલા માનસિક રીતે ભાંગી પડી હતી. આખરે દીકરાને મારી પોતાનું આયખું ટૂંકાવવાનો વિચાર તેણે કર્યો હતો. તકિયાથી ગૂંગળાવી અને ગળું દબાવી દીકરાની કથિત હત્યા કરી મહિલા ઘરની બહાર નીકળી હતી. ■

## ઝીશાન સિદ્દીકીને

દાખલ કરવામાં આવ્યો હતો અને કેસની તપાસ બાદમાં ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે આ ઇમેઇલ ત્રિનિદાદ એન્ડ ટોબૈગોમાં રજિસ્ટર્ડ મોબાઇલ નંબર સાથે જોડાયેલા ઇન્ટરનેશનલ આઇપી ઍડ્રેસ પરથી મોકલાયા હતા.

ઉપરોક્ત મોબાઇલ નંબર બિહારના વતની અને હાલ ત્રિનિદાદમાં રહેતા મોહંમદ દિલશાદના નામે હોવાનું તપાસમાં જણાયું હતું. ૨૮ એપ્રિલે તેની વિરુદ્ધ લૂક આઉટ સર્ક્યુલર અને બાદમાં રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી.દરમિયાન મોહંમદ દિલશાદને ત્યાં અટકાયતમાં લેવાયો હતો અને બાદમાં તેને ડિપોર્ટ કરી ભારત મોકલવામાં આવ્યો હતો.

દિલશાદને બુધવારે મુંબઈ લાવવામાં આવ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર મોહંમદ દિલશાદ કેરેબિયન ટાપુ રાષ્ટ્રમાં ગયો હતો અને ત્યાં સંબંધીની દુકાનમાં કામ કરતો હતો. તેણે બાબા સિદ્દીકીની હત્યા સંબંધી કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર જોયા હતા. બાદમાં તેણે ઝીશાનને ધમકીભર્યા ઇમેઇલ પાઠવ્યા હતા. દિલશાદે વિચાર્યું હતું કે તે ખૂબ હોવાથી સુરક્ષા એજન્સી તેને પકડી શકશે નહીં. ■

## ફડણવીસે શું કહ્યું?

કાયદો પોતાના હાથમાં ન લેવાની અપીલ કરું છું.

### કમનસીબ બનાવ: જિતેન્દ્ર આવ્હાડ

દૌંડના બનાવ અંગે બોલતાં એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જીતેન્દ્ર આવ્હાડે કહ્યું કે આ કમનસીબ બનાવ છે. એવા વિસ્તારોમાં તણાવ ઉભો થયો છે જ્યાં ક્યારેય સાંપ્રદાયિક તણાવ જોવા મળ્યો નથી. રાજકીય લાભ માટે મહારાષ્ટ્રની સંવાદિતા બગાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. આ નિંદનીય છે. તણાવ શાંત કરવા માટે નેતાઓ જવાબદાર છે, પરંતુ વર્તમાન નેતાઓ સાંપ્રદાયિક તણાવ પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ■

## ભાગવતની ધરપકડ

એટીએસ પાસે હતી અને બાદમાં તેને એનઆઈએ સોંપવામાં આવી હતી.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, મોહન ભાગવત નામાંકિત વ્યકિત હતા અને મારી તેમને પકડવાની ક્ષમતા ન હતી. જોકે, મે આદેશનું પાલન ન કર્યું તો મારી વિરુદ્ધ ખોટો કેસ કરવામાં આવ્યો હતો. તેમજ મારા ૪૦ વર્ષના કેરિયરને બરબાદ કરી દેવામાં આવ્યું. તેમજ ભગવા આતંકવાદ ન હતો આ ખોટી થિયરી ઉભો કરવાનો પ્રયાસ હતો. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના માલેગાંવમાં ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. જેમાં છ લોકોના મોત હતા અને ૧૦૧ લોકો ઘાયલ થયા હતા. મહબૂબ મુજાવરે જણાવ્યું હતું કે તે બોમ્બ બ્લાસ્ટ કેસની તપાસ કરી રહેલી એટીએસની ટીમનો હિસ્સો હતો. તેમને મોહન ભાગવતને પકડવા માટે કહેવામાં આવ્યું હતું. ■

# હિન્દુ મરણ

**સોરઠિયા આહિર**

બામણાસા નિવાસી હાલ સુરત મહેન્દ્ર દેવશીભાઇ પીઠયા (ઉં. વ. ૭૭) તે રૂપાબેનના પતિ. પરાગ અને સ્વ. હર્ષના પિતા. સ્વ. વંદનાબેન તથા મર્લીનના સસરા. વેદાંત તથા એમ્બરના દાદા. કમલેશભાઇના ભાઇ. જસુબેન ભાનુભાઇ આહિર, સરોજબેન રમેશભાઇ ગલ, ભારતીબેન રણધીરભાઇ ચૌહાણ તથા નયનાબેન હરેશભાઇ વરુના ભાઇ. તા. ૨૩-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા : વૃંદાવન વાટિકા, આહિર સેવા સમાજ, યોગીનગર ટાવરની સામે, લિંક રોડ, બોરીવલી (વેસ્ટ), તા. ૪-૮-૨૫ સોમવારના સાંજે ૪થી ૬.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ટીંટોઇ નિવાસી હાલ મુંબઇ કાંતીભાઇ વ્યાસ (ઉં. વ. ૮૩) તે સ્વ. ભવાનીશંકર નર્મદાશંકર વ્યાસ, સ્વ. જશોદાબેન ભવાનીશંકર વ્યાસના પુત્ર. તથા સ્વ. ઉર્મિલાબહેનના પતિ. રાજુભાઇ વિકાસભાઇ તથા નીતાબહેન મનોજકુમાર ઠાકરના પિતાશ્રી. સ્વ. જીતેન્દ્રભાઇ તથા સ્વ. પદમાબેન સુભાષચંદ્ર ભટ્ટ, સ્વ. ઉષાબહેન કમળાશંકર ઠાકર, નલીનભાઇ, સ્વ. વીણાબહેનના ભાઇ. ફાલ્ગુની, મીરા તથા મનોજકુમાર ઠાકરના સસરા. સ્વ. આનંદીબેન શંકરલાલ ભટ્ટના જમાઇ. તા. ૨૮-૭-૨૫ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૫ શનિવારે ૫થી ૭. ઠે. બ્રાહ્મણ સમાજ ભવન, ૧લે માળે, જોશી લેન, ઘાટકોપર (ઇસ્ટ), પિયર પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ઊખરલા નિવાસી હાલ ઘાટકોપર, મોહનલાલ ફુલચંદ વાઘાણીના પુત્ર મનહરલાલ વાઘાણી (ઉં. વ. ૭૯) તે રેણુકાબેનના પતિ. વિનય, હિમાંશુ તથા સ્નેહલના પિતા. માનસી, પ્રિતિ તથા જીગ્નેશ બખાઇના સસરા. નટવરલાલ અને નિરંજન વાઘાણીના ભાઈ. વસઈવાળા સ્વ. નિર્મળા હિંમતલાલ મોહનલાલ મહેતાના જમાઈ તા. ૧.૮.૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૩.૮.૨૫ના ૪ થી ૬. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર વેસ્ટ.

**બાલાસિનોર દશાનીમા વણિક**

પરેશભાઈ પરીખ (ઉં. વ. ૭૪) સ્વ. નટવરલાલ ચિમનલાલ પરીખ (રાઠોડીયા) અને સ્વ. લીલાબેન પરીખના પુત્ર. રેખાબેનના પતિ. વિકી અને જિમ્મીના પિતા. પરુલબેનના ભાઈ, રીમા અને લીજોના સસરા. રણવીર અને શૌર્યના દાદા નિધન તા. ૩૦-૦૭-૨૫ના રોજ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**લુહાર સુથાર**

ગામ સાવરકુંડલા હાલ મલાડ, ગં.સ્વ. શાન્તાબેન પરમાર (ઉં. વ. ૧૦૯) તા. ૩૦/૭/૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. જીવનભાઈ જાદવજીભાઈ પરમારના ધર્મપત્ની. સ્વ.મગનભાઈ, સ્વ.શાંતિભાઈ તથા ગં.સ્વ.વિમળાબેનના માતૃશ્રી. ગં.સ્વ.રેખાબેન અને ગં. સ્વ.વિજયાબેનના સાસુ. અંજનાબેન, પારૂલબેન, તેજલબેન, ઉષાબેન, મનિષાબેન, હર્ષાબેન, ભાવનાબેનના દાદી. સ્વ. મનસુખભાઈ હરજીવનભાઈ ડોડીયા (ગામ-અમરેલીવાળા)ના બેન, પ્રાર્થનાસભા શનિવાર તા.૨/૮/૨૦૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. શ્રી લુહાર સુથાર જ્ઞાતિવાડી વેલ્ફેર સેંટર, દત્તપાડા કાર્ટર રોડ નં.૩, અંબાજીમાતાના મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા, સ્વ. રમાબેન વનરાવનદાસ વોરાના પુત્ર નટવરલાલ (ઉં. વ. ૭૮) તે મૃદુલાબેનના પતિ. રિતેશ તથા ફાલ્ગુનીના પિતા. સ્વ. નિર્મળાબેન, સ્વ. જ્યોત્સનાબેન, મધુસુદનના ભાઈ. સ્વ. જ્યોત્સ્નાબેન, સ્વ. નરેન્દ્રભાઈના ભાઈ. સ્વ. પ્રભાબેન શામાળદાસ સંઘવી મહુવાના જમાઈ ગુરુવાર તા. ૩૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨/૮/૨૫ના ૪ થી ૬. પાવનધામ મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

ફોર્ટ સોનગઢ હાલ બોરીવલી, અશ્વિનભાઇ બાબુલાલ શાહ (ઉં. વ. ૮૧) તે સ્વ. નિર્મળાબેનના પતિ. કિરણ,મનીષ, સોનલ (જોની)ના પિતા. સ્વ. હસુમતીબેન, સ્વ. મધુબાળાબેન, સ્વ. જયશ્રીબેન, લત્તાબેન, જ્યોત્સનાબેન, હેમલત્તાબેન (રસુબેન)ના ભાઈ. સ્વ. ધીરજલાલ, દામોદરદાસ ગાંધીના ભાણેજ. ગાફ નિવાસી પરમાનંદભાઈ, હરિકિશનભાઈ, સ્વ. શારદાબેનના બનેવી. તે ૩૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મુળગામ કલાણાવાળા હાલ ભાયંદર, સ્વ. નાથાભાઈ દેવાજી ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ. જયશ્રીબેન ઠક્કર (ઉં. વ. ૭૨ ) તા. ૩૦/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ચિરાગ, હેમાંગી, બીજલના માતુશ્રી. પિયરપક્ષે જામનગર જોડીયાવાળા સ્વ. માયાબેન રામજીભાઈ માણેકના દિકરી. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા વણિક**

બાટવાવાળા, હીરાલક્ષ્મી જયંતીલાલ શાહ (ઉં. વ. ૮૫) સ્વ. જયંતીલાલના ધર્મપત્ની, હિતેશ અને નમીતાના માતુશ્રી. દિલીપ શાહ અને હેમલતા શાહના સાસુ. સ્વ. ગલાલચંદ, સ્વ. પુસ્કરભાઈ, સ્વ. ચંપાબેન, સ્વ. ચંદ્રિકાબેન, વીણાબેન અને પ્રેમિલાબેનના બેન. પ્રતીક શાહ અને મોનીકા શાહના નાની. ૩૦/૦૭/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગામ ડોળાસા, હાલ કાંદિવલી, મીનાક્ષીબેન (ઉં. વ. ૬૯) તે સ્વ. હસમુખલાલ રાઘવજી કાનાબારના પત્ની. જીગર - કાજલના માતુશ્રી. જાગૃતિ તથા અવનીશ રામજી ચંદેના સાસુ. સ્વ. નિતિન પ્રવિણ કુમાર ચોટાઈ અમદાવાદવાળાનાં બહેન. ચુનીલાલ જમનાદાસ બુદ્ધદેવના વેવાણ, ધ્રુવ - વિધી, ધ્વનિ - દેવના ગ્રેન્ડ મધર. તા. ૧-૦૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨-૦૮-૨૫ના ૫ થી ૭. લોહાણા મહાજન વાડી, પહેલે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ સાયન વસંતભાઇ ભાઇલાલ અજમેરાના ધર્મપત્ની સુલોચનાબેન (ઉં. વ. ૮૩) ગુરુવાર તા. ૩૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કાનન નિલેશ તલસાનિયા. તથા વિપુલભાઇ તથા અવનીબેનના માતુશ્રી. સ્વ. શશીભાઇ, યોગેશભાઇના ભાભી. સૌ. સુધાબેન સુરેશભાઇ મણીયારના ભાભી. પિયર પક્ષ સ્વ. ચંપકલાલ રતીલાલ સખીદાસના પુત્રી. સૂર્યકાન્તભાઇ, સ્વ. રસીકભાઇના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ખોડી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મગનલાલ મોહનલાલ દેસાઇના સુપુત્ર કેતનભાઇ (ઉં. વ. ૫૯) તે મનિષાબેનના પતિ. તે મનોજભાઇ, દક્ષાબેન રાજેન્દ્રભાઇ પારેખ, દિપા દેવેનભાઇ મહેતાના ભાઇ. તે પિયરપક્ષે મુકતાબેન પ્રવીણચંદ્ર જસાણીના જમાઇ. નિશી સિદ્ધાર્થ મહેતાના પિતાશ્રી. તા. ૩૧-૭-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૫ના રવિવારે ૧૦થી ૧૨. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, પ્લોટ નં. ઇ-૯૩, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડિયા દેવડી નિવાસી હાલ ભાંડુપ સ્વ. ઇચ્છાબેન છગનલાલ કોઠારીના સુપુત્રી કોકીલાબેન તા. ૨૬-૭-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. દૂધીબેન વનમાળી લાઠિયાના દોહિત્રી. તે સ્વ. દેવિકા હર્ષદરાય મોદી, સ્વ. વીણા જીતેન્દ્ર દોશી, સૌ. રંજન પ્રદીપ મોદી, સૌ. જયોતિ ભરત મહેતા, અનિલ તથા સ્વ. નીતીનના બહેન. સૌ. પ્રેમીલાના નણંદ. હર્ષિતા અને આદિત્યના ફૈબા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ રેખાબેન મહેતા (ઉં. વ. ૬૮) તા. ૩૦-૭-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયેશભાઇ રમણીકલાલ મહેતાના પત્ની. સ્વ. સૂરજબેન જયંતીલાલ ઘેલાણીના પુત્રી. ફેનીલ અને ક્રિષ્ણાના માતા. ભાવિકા મહેતા અને નિકેશ રીટાના સાસુ. સાક્ષી અને માયરાના દાદી. વિરા અને વેદાના નાની. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂ.પૂજક વિશાશ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. શારદાબેન બાપાલાલ હિંમતલાલ દોશીના સુપુત્ર હર્ષદભાઈ દોશી (ઉં. વ. ૭૦) તે અનિલાબેનના પતિ. હર્ષિલ, માનસીના પિતા. પૂત્રવધૂ ભક્તિ. ધ્વનિલના સસરા. ભારતીબેન મહેશભાઈ શાહ (નૈરોબી), જ્યોતિબેન રાજેશભાઈ બગડીયા, ભાવનાબેન ભરતભાઈ શાહ, કમલેશભાઈ, વિપુલભાઈના ભાઈ. બરોડા નિવાસી સ્વ. તારાચંદ પ્રેમચંદ શાહના જમાઈ તા. ૩૧-૭-૨૫, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૫, રવિવારના ૩ થી ૫. પ્રાર્થનાસભા સ્થળઃ દામોદરવાડી, અશોકનગર, કાંદિવલી (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભરૂડીયાના લક્ષ્મીબેન દેશર દેવરાજ સત્રાના સુપુત્ર વાલજીભાઈ (ઉં. વ. ૭૫) તા. ૩૧-૭-૨૫ના અવસાન પામેલ છે. જીતુબેનના પતિ. હંસા, રમેશ, નીતા, દીપકના પિતાશ્રી. સુરેશ, મમતા, વિપુલ, મમતાના સસરા. પ્રીત, રિયા, નમ્રના દાદા. સુવઈના સ્વ. લાડુબેન ભચુભાઈ ગાંગજી નિસરના જમાઈ. પ્રાર્થનાસભાઃ શનિવાર, તા. ૨-૮-૨૫, સમયઃ ૧૦.૩૦થી ૧૨. જાપ ૧૨.૦૦થી ૧૨.૩૦ પ્રા. સ્થળઃ શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૩જે માળે, તળાવપાળી, થાણા (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**અમદાવાદ વિશા ઓશવાળ સમાજ જૈન (મુંબઈ)**

સ્વ. શ્રી યશવંતભાઈ સોદાગરના સુપુત્ર રાહુલભાઈના ધર્મપત્ની હેતલબેન સોદાગર તા. ૩૦-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જગદીશભાઈ શંભુભાઈ ઝવેરી (અમદાવાદ)ના સુપુત્રી. હેના રાજ શાહના માતુશ્રી. નીના-સુબાહુભાઈ સોદાગરના દેરાણી. આરતીબેન જોગાણી, કીર્તિબેન શાહના ભાભી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના અ.સૌ. નયના તલકશી ગાલા (ઉં. વ. ૫૨) તા. ૩૦-૭-૨૫ના અવસાન પામેલ છે. મકાબેન કાનજીના પુત્રવધૂ. તલકશીના ધર્મપત્ની. ડોલી, ફોરમ, દર્શનના માતુશ્રી. કોડાયના મુક્તાબેન શિવલાલ શીકોત્રાની પુત્રી. માંડવીના સીમા જીતેન્દ્ર, જામનગરના આશા ચંદ્રેશ, તારા ભરત, વિમલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તલકશી ગાલા, ૫૦૨, ઓમ ગાયત્રી ધામ, ઇન્દ્રપ્રસ્થ પાર્ક, ૯૦ ફીટ રોડ, મુલુંડ (ઇ).

દેઢીઆના શ્રી ધર્મેશ ખુશાલ છેડા (ઉં. વ. ૫૭) તા. ૩૦-૭-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ મુરજીના પૌત્ર. કોડાયના મીઠીબાઈ શામજીભાઇના દોહિત્ર. અમૃતબેન ખુશાલભાઇના પુત્ર. વિમલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ધર્મેશ છેડા, બી-૫૦૨, નિર્મલ એ., જોશીવાડા, ચરઈ, થાણા (વે).

નરેડીના રાકેશ ગાલા (ઉં. વ. ૫૧) ૩૦-૦૭ના અવસાન પામેલ છે. પદમણિ પ્રેમચંદના પુત્ર. સરોજના પતિ. વિધિના પિતા. હીના, મયુરી, પિન્કીના ભાઈ. માપર પુષ્પાબેન કલ્યાણજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાકેશ ગાલા, ૬૦૧, વિનસ રેસીડેન્સી, શિવાજી નગર, બી કેબીન, થાણા (વે).

તલવાણાના શામજી લખમશી વેરશી છેડા (ઉં. વ. ૮૨) તા. ૩૦-૭-૨૫ના કચ્છમાં અરિહંત શરણ થયા છે. માતુશ્રી કુંવરબાઇ લખમશી છેડાના સુપુત્ર. તલવાણાના સ્વ. ખીમજી લખમશી છેડાના ભાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. રોમીલ. કે. છેડા, જીયસ બીલ્ડીંગ, વિષ્ણુનગર, થાણા (વેસ્ટ).

મોટી ખાખરના નાગજી ગાંગજી છાડવા (ઉં. વ. ૮૫) તા.૩૧-૭-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ગાંગજીના પુત્ર. સુંદરબેનના પતિ. રમેશ, હસમુખ, મહેન્દ્ર, નીતાના પિતા.મનસુખ, કાંતિલાલ, કપાયા મંજુલા(ખેતબાઈ) માધવજી, ભુજપુર કંચન (કસ્તુર) લખમશી, કપાયા નિર્મળા (બેબી) પોપટલાલના ભાઈ. ભુજપુર ધનબાઈ શામત હધુ દેઢિયાના જમાઈ. પ્રા.શ્રી માટુંગા ક.મૂ. શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા.૪ થી ૫.૩૦. નિ : હસમુખ છાડવા. ૩, આમોદ બિલ્ડીંગ, આર.સી.માર્ગ, ચેંબુર, મું - ૭૧.

**દશા શ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ગોરેગાંવ, સ્વ. લલિતાબેન પ્રેમચંદ શાહના પુત્ર બિપીનચંદ્ર (ઉં. વ. ૮૦) તા. ૩૧-૦૭-૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. જયશ્રીબેન, સ્વ. નીતિનભાઇના ભાઈ. નમ્રતા તથા અમિતના પિતા. નિરવકુમાર ચંદ્રકાંત કોઠારી અને બીજલના સસરા. સ્વ. મંગળાબેન શાંતિલાલ ડેલીવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૫ના શનિવારે ૧૦ થી ૧૧.૩૦. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા હાલ દહિસર, ગં. સ્વ હસુમતીબેન હર્ષદરાય વોરાના પુત્ર વિરેશ વોરા (ઉં. વ. ૬૪) ૩૦/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વીણાબેનના પતિ. માનસી યોગેશકુમાર ડોડીયાના પિતા. ફૂલવા સંજય વોરા તથા જલ્પા બિમલ વોરાના જેઠ. સ્વ. અમૃતલાલ ભવાનજીભાઈ મહેતા ઘેટીવાળાના જમાઈ. ઠે. સી -૭, સાંઈ કૃપા નગર, સી એસ રોડ, પેટ્રોલ પંપની પાસે, દહિસર ઈસ્ટ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મૂળ ગામ ભાવનગર હાલ બોરીવલી, સ્વ ઇન્દુબેન તથા સ્વ. ચીમનલાલ ઝવેરચંદ શાહના પુત્રવધૂ તથા મિતિનકુમારના ધર્મપત્ની અ.સૌ. કલ્પનાબેન શાહ (ઉં. વ. ૬૩) ૩૦/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. જય તથા મૈત્રી પરિનકુમાર સંઘવીના માતુશ્રી. પિયરપક્ષે સાવરકુંડલાવાળા સ્વ. ઇન્દુમતી તથા સ્વ. અનિલકાન્ત ભાઈચંદ સંઘવીના દીકરી. સંજયભાઈ, વિમલભાઈ, દિવ્યાબેન ભદ્રેશભાઈ શાહના બહેન. ભાવયાત્રા ૩/૮/૨૫ના ૧૦ થી ૧૨. પાવનધામ મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ માટુંગા મુંબઇ પુષ્પાબેન મનુભાઇ કોઠારી (ઉં. વ. ૯૦) તા. ૩૧-૭-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેન શૈલેષભાઇ શાહ, સ્મિતાબેન નરેન્દ્રકુમાર મહેતા, ઇલાબેન વિજયભાઇ ધોળકીયા, પરીમલભાઇ, હીનાબેન સમીરભાઇ શાહ, મીનાબેન સંજયભાઇ શાહ તથા હેમાબેનના માતુશ્રી. રશિતા કવિતભાઇ છેડા તથા ચૈતી ધ્રુવલ કોઠારીના દાદીમા. તે પિયર પક્ષે સ્વ. શાંતાબેન ધીરજલાલ પારેખ તથા રંભાબેન જેઠાલાલ પારેખના સુપુત્રી. અર્પીતા, પ્રતીક, પૂર્વી, શીતલ, પારસ, શ્વેતા, કૃણાલ, નુપુર, પૂજા, જયમીન, પ્રાચી તથા સમીપના નાનીમા. પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૫ના શનિવાર સાંજે ૪.૩૦થી ૬. ઠે. એસ.એન.ડી.ટી. કોલેજ હોલ, રફી અહમદ કિડવાઇ રોડ, કિંગ્સ સર્કલ, માટુંગા, મુંબઇ-૧૯.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લખતર નિવાસી હાલ મીરારોડ સ્વ. અરવિંદભાઇ શાંતિલાલ શેઠના ધર્મપત્ની સુમતિબેન પિયર પક્ષે (હસુબેન) ગઢડા સ્વા. નિવાસી સ્વ. અનસુયાબેન રણછોડદાસ ગોસલીયાના દીકરી. તા. ૩૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભવદીપ, દક્ષેશ, પ્રિયા સુધિર હેમાણી, તેજલ દીલીપ શાહ, ભાવીની કલ્પેશ ખારાના માતુશ્રી. કાશ્મીરા-પૂનમના સાસુ. વૈભવ, જાન્હવીના દાદી. એકતા સાગર બિલખીયા અને માનસી વીરલ વોરા, શિવાની, હીરના નાની. પ્રાર્થનાસભા તા. ૪-૮-૨૫ પાવન ધામ, મહાવીર નગર, કાંદિવલી, (વે), સવારના ૧૦થી ૧૨.

**પાટણ પોરવાળ જૈન**

પાટણ નિવાસી ઝવેરીવાડાના હાલ મુંબઇ ગોરેગામ જવાહરનગર સતીષભાઇ શાહ (સુબા) (ઉં. વ. ૭૬) તે સ્વ. ચંદ્રકાંતાબેન ચંદુલાલના દીકરા. તે પંકિતાબેનના પતિ. જીગેશ અને મિતેશના પિતાશ્રી. શેફાલી અને ખ્યાતિનાં સસરા. મિનાક્ષીબેન અને મીતાબેનના ભાઇ. સ્વ. જયાબેન સેવંતીલાલના જમાઇ. ગુરુવાર તા. ૩૧-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા.૨-૮-૨૫ના ૪થી ૬. ઠે. સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, (જવાહરનગર હોલ) ગોરેગામ (વેસ્ટ), એસ. વી. રોડ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મનસુખલાલ હેમચંદભાઇ સંઘવીના સુપુત્ર ચંદ્રકાન્તભાઇ સંઘવી (ઉં. વ. ૮૩) તે ઇન્દુમતીબેનના પતિ. ભાવેશભાઇ-કાશ્મીરાબેન, દિપેશભાઇ-બિન્દીબેન, સ્વ. રુપલબેન-કેતનભાઇ, મીતાબેન-વિપુલભાઇના પિતાશ્રી. તે નીતીનભાઇ, સ્વ. ધનલક્ષ્મીબેન, ભારતીબેન, પુષ્પાબેન, સ્વ. કૈલાસબેન, સુરેખાબેનના ભાઇ. શ્વસુર પક્ષે તળાજાવાળા ચંપકલાલ પરમાણંદદાસ મોરારજીના જમાઇ. તા. ૩૧-૭-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ભાવયાત્રા રવિવાર, તા. ૩-૮-૨૫ના ૧૦થી ૧૧.૩૦, ઠે. ભાનુશાલી વાડી, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

# પારસી મરણ

મેહરુ બુરજોબમેહેર વાડીયા તે મરહુમ બુરજોબમેહેર ધનજીશાહ વાડીયાના ધનીયાની. તે મરહુમ હીલ્લા તથા જહાંબક્ષ રાંદેલીયાના દીકરી. તે મરહુમ તનાઝ ગોવાદીયાના મમ્મી. તે મરહુમ જરૂ આદર સીધવા, તે મરહુમ એરચ જ. રાંદેલીયા તથા ફરોખ જ. રાંદેલીયાના બહેન. તે વીલ્લુ તથા વીરા રાંદેલીયાના નણંદ. તે શાહરૂખ, ફરીદા તથા પીંકીના ફઇજી અને ફિરદોશ સીધવાના માસીજી. (ઉં. વ. ૮૬) રે. ઠે. સી કીંગ, રૂમ. નં. ૩, ભોઇતળીયે, ૨૪ થોમસ ક્રોસ લેન, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, સેથના અગિયારી તારદેવમાં છેજી.

ફ્રેની અસ્પી દલાલ તે મ. અસ્પી ડોસાભાઇ દલાલના ધનીયાની. તે મ. બાનુબાઇ નવરોજી કોલાહના દીકરી. મ. દોલતની દીકરી. ફિરોઝાને ગેવના માતાજી. હરીશ ને પરીઝાદના સાસુજી. નતાશા ને હરશીતાના મમઇજી. મહેરઝાદના બપઇજી. કારતીક ને સલમાનના મમ્મઇ-સાસુજી. નઝાફરીનના બપઇ-સાસુજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૧૦/એ, સર અવસર, બિલ્ડિંગ નં.૨, ભોઇતળીયે, ગીલ્ડર લેન, મર્ઝબાન કોલોની, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાળા અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# જૂની પેન્શન યોજના લાગુ કરવાના સરકારનો ઠરાવ અમલ ન થતાં કર્મચારીઓમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ફરી એક વાર જૂની પેન્શન યોજનાનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. સરકારી કર્મચારીઓના સંગઠનો દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા સરકારને રજૂઆત કરવામાં આવી છે. જોકે જૂની પેન્શન યોજનાને અમલી બનાવવા માટે સરકાર અગાઉ જાહેરાત કરી દીધી છે, છતાં તેનો ઠરાવ કરવામાં આવ્યો નથી. એટલે ક્યાંક ને ક્યાંક જૂની પેન્શન યોજનાની સરકારની જાહેરાતનું જાણે સુરસુરિયું થઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે અને હવે આ જાહેરાતના સુરસુરિયા બાદ ચાલુ વર્ષની શરૂઆત સાથે જ ફરી એકવાર આંદોલનો શરૂ થાય તેવો ઘાટ સર્જાયો છે.આ મુદ્દે અમદાવાદમાં ભદ્રકાળી માતા મંદિર, લાલ દરવાજાથી સવારે કર્મચારીઓએ રેલી યોજી હતી. આ રેલીમાં વિવિધ વિભાગો અને સંસ્થાઓના કર્મચારીઓ જોડાયા હતા.

રાજ્યના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને એક પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત મુજબ જૂની પેન્શન યોજનાના અમલને લઈને સરકારી કર્મચારીઓમાં વિખવાદ જોવા મળી રહ્યો છે. શૈક્ષિક સંઘના મત અનુસાર ગત ૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મળેલી કેબિનેટની બેઠકમાં પહેલી એપ્રિલ ૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા ૬૦ હજારથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા સૈદ્ધાંતિક સ્વીકાર થયો હતો જેનો ઠરાવ બહાર પાડવા રાજ્યના મુખ્ય પ્રધાનને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. પહેલી એપ્રિલ ૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા શિક્ષકો તેમજ કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા અખિલ ભારતીય શૈક્ષિક સંઘ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

સરકારે મોટા ઉપાડે જૂની પેન્શન યોજના લાગુ કરવાની જાહેરાત તો કરી દીધી પરંતુ આ વાતને સમય વિતવા છતાં તેનો ઠરાવ સરકારે કર્યો નથી. જ્યાં સુધી આ મામલે ઠરાવ ન થાય ત્યાં સુધી આ પ્રકારની જાહેરાત માત્ર સુરસુરિયું બનીને રહી ગઈ છે અને હવે શિક્ષકો અને સરકારના કર્મચારીઓ રોષે ભરાયા છે.

મહત્ત્વનું છે કે છેલ્લા ઘણા સમયથી સરકારી કર્મચારીઓનું જૂની પેન્શન યોજના લાગુ કરવાનું આંદોલન ચાલી રહ્યું છે પરંતુ સરકાર દ્વારા આ મામલે જાહેરાત થઈ જતાં કર્મચારીઓનો રોષ હેઠો બેઠો હતો. પણ હવે એ જાહેરાત પછી કોઈ પ્રકારનો ઠરાવ નહિ થતાં કર્મચારીઓમાં ફરી ગણગણાટ શરૂ થઈ ગયો છે અને આ હવે ફરી એકવાર કર્મચારીઓ સરકાર સામે આંદોલનનું બ્યુગલ ફુંકે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.

# ગાંધીનગરમાં આજે રાજ્ય કક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ યોજાશે, વડા પ્રધાન કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે આવતીકાલે રાષ્ટ્રીય કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના માધ્યમથી વડા પ્રધાનદેશના ખેડૂતો સાથે સંવાદ કરીને સંબોધન કરશે તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ આવતી કાલે તારીખ ૨ ઓગસ્ટના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાશે. જ્યારે, કૃષિપ્રધાન રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે જિલ્લા કક્ષાનો સમારોહ યોજાશે. રાજ્ય અને જિલ્લા કક્ષાના સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોને લાઇવ ટેલીકાસ્ટના માધ્યમથી વર્ચ્યુઅલ સંબોધન કરશે.

કૃષિ પ્રધાન રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૦માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂપિયા ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂપિયા ૧,૧૧૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. રાજ્ય કક્ષાના સમારોહમાં મુખ્ય પ્રધાનના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણ તેમજ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવશે.

આ ઉપરાંત ગુજરાતના દરેક જિલ્લામાં પણ પીએમ કિસાન ઉત્સવ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે, રાજ્યની ગ્રામ પંચાયતો અને ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજ્ય મંત્રી મંડળના સભ્ય, સાંસદ અને ધારાસભ્ય સહિતના પદાધિકારી-અધિકારીઓ ઉપરાંત આશરે ૨.૫ લાખથી વધુ ખેડૂતો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને ૧૯ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂપિયા ૧૯,૯૯૩કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

# નર્મદા ડેમના ૨૩ દરવાજા ખોલીને ચાર લાખથી વધુ પાણી છોડાશે, ભરૂચમાં એલર્ટ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી પાણીની વિપુલ માત્રામાં આવક થઈ રહી છે. જેના પગલે ડેમના ૨૩ દરવાજા ખોલી નદીમાં ૪ લાખ કરતાં વધુ પાણી છોડવામાં આવશે. જેના પગલે ભરૂચમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૩ મીટર પાર થઈ છે.

નર્મદા ડેમમાંથી નદીમાં પાણીની વિપુલ માત્રામાં આવકના પગલે ભરૂચના ગોલ્ડનબ્રિજ નજીક નર્મદા નદી બે કાંઠે વહેતી થાય તેવી શક્યતાના પગલે ભરૂચ આપત્તિ અને વ્યવસ્થાપન વિભાગ દ્વારા કાંઠા વિસ્તારનાં ગામોમાં અને વિસ્તારોમાં એલર્ટ જાહેર કરાયું હતું. કાંઠા વિસ્તારના ગામના લોકોને નદીકાંઠે ન જવા સૂચના આપવામાં આવી હતી. તો બીજી તરફ માછીમારોને પણ નદીમાં જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી પાણીની આવકના પગલે ભરૂચના ગોલ્ડન બ્રિજ નજીક નર્મદા નદી તેનું વોર્નિંગ લેવલ ૨૨ ફૂટ વટાવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે જેના પગલે વહીવટી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. સરદાર સરોવર નર્મદા ડેમમાંથી પાણી છોડવા પર જિલ્લા કલેક્ટરે પત્ર લખ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ભરૂચમાં નદી કાંઠા વિસ્તારમાં રહેતા લોકોને જરૂર પડે તે રીતે સ્થળાંતર કરવા તંત્રને અપીલ કરવામાં આવી હતી. માછીમારોને નર્મદા નદીમાં જવા પર પ્રતિબંધ કરવામાં આવ્યો હતો. નર્મદા ડેમમાંથી ૪,૩૬,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે.

# સુરતમાં શિક્ષકે બે પુત્ર સાથે આપઘાત કર્યો તે મામલે મોટો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ઉમરા પોલીસ મથક હદ વિસ્તારમાં આવતા જિલ્લા પંચાયત ક્વાર્ટરમાં શિક્ષક પિતાએ બે પુત્ર સાથે સામૂહિક આપઘાત કર્યો હતો. ૨ વર્ષના બાળકને અને ૮ વર્ષના બાળકને ઝેર આપી દીધું અને આ બંને બાળક બેડ પર મૃત હાલતમાં મળી આવ્યા હતા.

જ્યારે શિક્ષક ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જેમાં તપાસ દરમિયાન આપઘાત પાછળનું કારણ શિક્ષકની પત્ની હોવાનું બહાર આવ્યું હતું. પત્નીના અનૈતિક સંબંધથી ત્રાસીને પતિએ આ કૃત્ય કર્યું હોવાનું બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન પોલીસને મોબાઈલમાં ચેટ અને વીડિયો મળી આવ્યા હતા. તેમજ એક સુસાઇડ નોટ પણ મળી આવી હતી. પતિ તેની પત્નીના અફેરથી કંટાળી ગયો હતો.

અનેક વાર તેની પત્નીને સમજાવ્યા છતાં કોઈ રસ્તો ન નીકળતા આખરે તેણે પોતાના બંને બાળકોને ઝેર આપી પોતે પણ આપઘાત કરી લીધો હતો. મૃતક અલ્પેશ સોલંકીએ બે બાળકોને પહેલા કોલ્ડ્રિંગ્સમાં ઝેર પીવડાવી હત્યા કરી ત્યાર બાદ પોતે ફાંસો ખાઈ લીધો હતો.

આ ઘટનામાં પત્નીના જે ખેતીવાડી વિસ્તરણ અધિકારી સાથે પ્રેમસંબંધ હતા, તે અધિકારીની ઉમરા પોલીસે પૂછપરછ કરી પત્ની અને તેના પ્રેમી સામે આત્મહત્યા માટે પ્રેરિત કરવા માટેની ફરિયાદ નોંધી પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરી હતી.

નોંધનીય છે કે, મૂળ બનાસકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અને હાલ સુરતના ડીંડોલી વિસ્તારમાં ખાનગી શાળામાં શિક્ષક તરીકે કામ કરતા અલ્પેશ સોલંકીએ ગુરુવારે પોતાના ઘરે પોતાના બે પુત્રોને ઝેરી દવા આપી તેમની હત્યા કર્યા બાદ પોતે પણ ઘરમાં પંખા સાથે ફાંસો ખાઈ આપઘાત કરી દીધો હતો. જ્યારે પત્ની નોકરી પર હતી અને મોડી સાંજે ઘરે આવતા આ દ્રશ્ય જોઈને ચકિત થઈ ગઈ હતી. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# સેલવાસમાં ધોરણ નવના વિદ્યાર્થીએ પાંચ સ્ટુડન્ટ પર ચપ્પાં વડે હુમલો કરતા ચકચાર

અમદાવાદ:દાદરા નગર હવેલીના સેલવાસમાં આવેલી ઝંડા ચોક સરકારી શાળામાં ધોરણ નવના વિદ્યાર્થીએ પાંચ વિદ્યાર્થી પર ચપ્પાં વડે હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનાને પગલે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર અર્થે હોસ્પિટલ મોકલીને બનાવ અંગ પોલીસને જાણ કરવામાં આવી હતી. ૩૧ જુલાઈ સાંજે સેલવાસની ઝંડા ચોક સરકારી શાળામાં વિદ્યાર્થી વચ્ચે ઝપાઝપી બાદ ધોરણ નવના વિદ્યાર્થીએ પોતાની બેગમાંથી ચપ્પું કાઢીને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હતો.




# અમદાવાદમાં વધુ ચાર નવી ડબલ ડેકર એએમટીએસ દોડશે

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસએ બે કરોડના અંદાજિત ખર્ચે ચાર નવી એર-કન્ડિશન્ડ ડબલ-ડેકર બસો ઉમેરવાનો નિર્ણય લીધો હતો. આ પહેલનો હેતુ જાહેર પરિવહન માળખાને સુધારવા અને હાલના ડબલ-ડેકર રૂટ પર ટ્રાફિક ઓછો કરવાનો છે, જેના માટે આ વર્ષે મે મહિનામાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ વધારાની બસ સેવા સાથે, એએમટીએસ કુલ ૧૧ ડબલ-ડેકર બસો ચલાવશે. હાલમાં શહેરમાં આવી સાત બસો દોડી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ વધારાની સેવા હવે એસપી રિંગ રોડ પર ત્રણ મુખ્ય રૂટ - સનાથલથી વસ્ત્રાલ, વસ્ત્રાલથી વૈષ્ણોદેવી અને વૈષ્ણોદેવીથી સનાથલને આવરી લેશે.

# આદિવાસીઓનું આંદોલન સફળ, સરકારે વાપી-વ્યારા ફોરલેન પ્રોજેક્ટ રદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાપીથી શામળાજી સુધીના માર્ગને ફોર લેન કરવાની સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન બાદ વ્યારા તાપી સહિતના વિસ્તારમાં આદિવાસી સમાજની જમીન રોડ માર્જિનમાં જતી હોય વિરોધ શરૂ કર્યો હતો.વાપી-શામળાજી ને.હા.૫૬ને ફોરલેન બનાવવાની જાહેરાત થયા બાદ આ પ્રોજેકટ સામે પણ એક ઇંચ જમીન આદિવાસી નહીં આપે તેવાં સૂત્રો સાથે ઉગ્ર વિરોધ થયો હતો. અંતે સરકારે આ વિરોધ સામે ઝૂકવું પડ્યું છે. સરકારે આ પ્રોજેકટને સ્થગિત કર્યો છે. વ્યારા-વાપી ફોર લેન અપગ્રેડેશન માટે (૧૩૦ કિમી.)૧ કિ.મી. પર ૧૫થી ૨૦ કરોડનો ખર્ચ થવાનો હતો. એટલે કે ૧૫૦૦થી ૨૦૦૦ કરોડનો ખર્ચ થવાનો હતો. પરંતુ આ પ્રોજેકટ સ્થગિત કર્યો હતો. હાલ વાપીથી સોનગઢ-વ્યારા સુધી ૧૩૦ કિ.મી.માં જમીન સંપાદનની એન્ટ્રી પાછી ખેંચવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વાપી-શામળાજી નેશનલ હાઇવે ૫૬ આદિવાસી પટ્ટામાંથી પસાર થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારે નેશનલ હાઇવેને વિકસાવવા ફોર લેનની જાહેરાત કરી હતી. સરકારની જાહેરાતની સાથે આ વિસ્તારનાં ગામોમાં સરવે અને જમીન સંપાદનની પ્રક્રિયા અધિકારીઓએ શરૂ કરી હતી. આ દરમિયાન અનેક ગામોમાં આદિવાસી સમાજના લોકોએ આ પ્રોજેકટનો વિરોધ કર્યો હતો. વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની અધ્યક્ષતામાં ઉગ્ર વિરોધ અને રેલીઓ પણ યોજાઇ હતી.

# રાજ્યમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં થયો તોતિંગ ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર પ્રવાસનને વેગ આપવા લાખો-કરોડો રૂપિયા ખર્ચ કરે છે તેમ છતાં રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો હતો. કેન્દ્ર સરકારે રાજ્યસભામાં આપેલી માહિતી મુજબ, એક વર્ષમાં સૌથી વધુ વિદેશી પર્યટકોની સંખ્યા ગુજરાતમાં ઘટી હતી. ગુજરાતમાં ૨૦૨૩માં ૨૮.૦૬ લાખ વિદેશી પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા, ૨૦૨૪માં આ સંખ્યામાં મોટો ઘટાડો થયો હતો. ગત વર્ષે રાજ્યમાં ૨૨.૭૪ લાખ વિદેશી પ્રવાસીઓ મુલાકાતે આવ્યા હતા. ૨૦૨૩માં ગુજરાત વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં બીજા ક્રમે હતું, હવે ચોથા સ્થાને આવી ગયું હતું.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**



અમદાવાદ નિવાસી હાલે મહાલક્ષ્મી, મુંબઈ. સ્વ. શાંતાબેન અને ડૉ. ચંદ્રકાન્તભાઇ શાહના સુપુત્ર **અમિતભાઇ** (ઉં. વ. ૭૫) બુધવાર તા. 30-૭-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે અંજલીબેનના પતિ. રુચી અને રાહુલના પપ્પા. રાશીબેનના સસરા. પુષ્પાબેન મહેન્દ્રભાઇ સિંગ જૈનના જમાઇ. કચ્છના હેમાબેન નીતિનભાઇના વેવાઇ.










# સાબરમતી ગુજરાતની સૌથી પ્રદૂષિત નદીઃ મોદી સરકારની સંસદમાં કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૩ નદીઓને પ્રદૂષિત જાહેર કરવામાં આવી હતી. જેમાં અમદાવાદની સાબરમતી નદી સૌથી વધુ દૂષિત જાહેર થઈ હતી. કેન્દ્ર સરકારે લોકસભામાં આ માહિતી આપી હતી. આ મૂલ્યાંકન બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ (બીઓડી) પર આધારિત છે, જે જળ પ્રદૂષણનું મુખ્ય સૂચક છે. તે પાણીમાં કાર્બનિક પદાર્થોને વિઘટિત કરવા માટે સૂક્ષ્મજીવો દ્વારા ઉપયોગમાં લેવાતા ઓક્સિજનની માત્રાને માપે છે. બીઓડીનું ઉચ્ચ પ્રમાણ વધુ કાર્બનિક કચરો દર્શાવે છે. જે ઓક્સિજનનું સ્તર ઘટાડે છે અને જળચર જીવનને જોખમમાં મૂકે છે.

કેન્દ્ર સરકારે ૨૦૨૨ના અહેવાલને ટાંકીને લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં નદીઓના ૧૩ વિસ્તારોને પ્રદૂષિત તરીકે ઓળખવામાં આવ્યા હતા. આ પૈકી છ વિસ્તારોને પ્રાયોરિટી-૧ (સૌથી વધુ પ્રદૂષિત), પ્રાયોરિટી-૨, ૩ અને ૪ માં એક-એક, જ્યારે ચાર વિસ્તારોને પ્રાયોરિટી-૫ (ઓછામાં ઓછા પ્રદૂષિત) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. જોકે, પ્રદૂષિત નદીના વિસ્તારોની સંખ્યા ૨૦૧૮માં ૨૦ હતી તે ઘટીને ૨૦૨૨માં ૧૩ થઈ હતી. કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે રાયસણથી વૌઠા વચ્ચેનો સાબરમતી નદીનો વિસ્તાર ગુજરાતમાં સૌથી વધુ પ્રદૂષિત છે, જેમાં બીઓડીનું પ્રમાણ ૨૯૨ મિલિગ્રામ પ્રતિ લિટર નોંધાયું હતું.

ગુજરાતના સાંસદ મુકેશ દલાલે સરકાર પાસે ગુજરાતમાં નદીઓના પ્રદૂષણના સ્તર અંગે વ્યાપક ડેટા છે કે કેમ અને રાજ્યમાં સૌથી વધુ અસરગ્રસ્ત નદીઓની વિગતો માંગી હતી. તેમણે ગુજરાતની નદીઓમાં પ્રદૂષણના પ્રાથમિક સ્રોતો અને પ્રદૂષિત નદીઓને સાફ કરવા અને કાયાકલ્પ કરવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલી ચોક્કસ પહેલની વિગતો પણ માગી હતી. લોકસભામાં તેમના પ્રશ્નમાં સાંસદે ગુજરાતમાં નદી સફાઈ પ્રોજેક્ટ્સ માટે કરવામાં આવેલી નાણાકીય ફાળવણી, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન થયેલ વાસ્તવિક ખર્ચ અને રાજ્યમાં ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને ધ્યાનમાં રાખીને વધુ નદી પ્રદૂષણને રોકવા અને ટકાઉ જળ સંસાધનો સુનિશ્ચિત કરવા માટે કઈ લાંબાગાળાની નીતિઓ ઘડવામાં આવી છે તેની વિગતો માગી હતી.

**શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**



સપનાને ઉડવાની હિંમત આપે તે પિતા

**શ્રી ચંદ્રકાંત મનસુખલાલ સંઘવી (શાહ)**

૦૭.૦૬.૧૯૪૨ – ૩૧.૦૭.૨૦૨૫

જીવન મહોત્સવ

તા. 0૩.0૮.૨૦૨૫ રવિવાર, સવારે ૧0 થી ૧૧:30 કલાકે

પહેલે માળે, ભાનુશાલી વાડી હોલ, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ)

શ્રીમતી ઈંદુબેન ચંદ્રકાંતભાઈ સંઘવી

શ્રી મનસુખલાલ હેમચંદ સંઘવી પરિવાર- મહુવા

શ્રી પરમાણંદ મોરારજી શાહ પરિવાર- તળાજા

મોબાઈલ નંબર: 9820150976 / 9820151706

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**



જન્મ તારીખ : ૦૯.૦૯.૧૯૬૬

અરિહંત શરણ : ૩૧.૦૭.૨૦૨૫

**સ્વ. કેતન મગનલાલ દેસાઇ**

ખોડી નિવાસી હાલ ઘાટકોપર મંછાબેન મગનલાલ દેસાઇ ના સુપુત્ર સ્વ. કેતન મગનલાલ દેસાઇ (ઉ.વ.૫૯) અરિહંત શરણ પામેલ છે.

| | | |
|---|---|---|
| ધર્મ - પત્ની | : | મનીષા કેતન દેસાઇ |
| પુત્રી - જમાઇ | : | નીશી સિધ્ધાર્થ મહેતા |
| ભાઇ - ભાભી | : | મનોજભાઇ - પલ્લવીબેન |
| બેન - બનેવી | : | દક્ષા રાજેન્દ્રભાઇ પારેખ<br>દીપા દેવેનભાઇ મહેતા |
| પુત્ર - પુત્રવધુ | : | જય - રૂચિતા, વત્સલ આનિયા |
| સાસુ - સસરા | : | સ્વ. મુકતાબેન પ્રવિણચંદ્ર જસાણી |
| સાળા - સાળાવેલી | : | કેતનભાઇ - લતાબેન<br>રાજીવભાઇ - રાજલબેન<br>ધર્મેશભાઇ - કોમલબેન |
| પૌત્ર | : | યુવાન, યુગ |

:પ્રાર્થના સભા:

તારીખ ૦૩.૦૮.૨૦૨૫, રવિવાર સવારે – ૧૦ થી ૧૨

:સ્થળ:

લાયન્સ કોમ્યુનિટી હૉલ. પ્લોટ નં. ઇ - ૯૩, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇ) (વેલે પાર્કિંગ ની વ્યવસ્થા રાખેલ છે)









# ગેમ્સ રમો, પૈસા કમાવો: ગૂગલ પ્લે પર 'રિઅલ મની ગેમ્સ' માટે મંજૂરી મગાઇ

## ગૂગલે એડ્સ પોલિસીમાં ફેરફાર માટે પરવાનગી માગી: 'કૌશલ્યવાળી' ગેમ્સની જાહેરખબરો માટે અનુમતિ આપવા અરજ

નવી દિલ્હી: ગૂગલે ભારતમાં 'રિઅલ મની ગેમ્સ'ની, ગૂગલ એડ્સ પોલિસી (જાહેરખબરને લગતી નીતિ)માં ફેરફારની અને કૌશલ્ય (સ્કિલ)વાળી ગેમ્સની જાહેરખબરો માટે પરવાનગી માગી હતી.

'રિઅલ મની ગેમ્સ' એટલે એવી ગેમ્સ જેમાં રમનારા ખરી રોકડ કમાઇ શકે કે મૂલ્યવાન પારિતોષિક જીતી શકે. તેમાં બૅટિંગ, શરત મારવી, હોડ બકવી, અન્ય કંપનીની સ્પર્ધામાં ઇનામ જીતવા નાણાં રોકવાનો સમાવેશ થાય છે.

વિન્ઝો ગેમ્સ પ્રાઇવેટ લિમિટેડે કરેલી ફરિયાદને પગલે કૉમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયા (સીસીઆઇ)એ ૨૦૨૪માં ગૂગલ સામે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો અને તેના સંબંધમાં ગૂગલે પોતાની સંબંધિત દરખાસ્ત રૅગ્યુલેટર (નિયંત્રક)ને સુપરત કરી હતી.

ગૂગલે દરખાસ્તમાં જણાવ્યું હતું કે અમે કૉમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયાને અમારી સામેની 'સ્પર્ધાને લગતી ફરિયાદ'ના જવાબમાં 'પ્લે કમિટમેન્ટ પ્રપૉઝલ' અને 'એડ્સ કમિટમેન્ટ પ્રપૉઝલ' સુપરત કરી હતી. જો સંબંધિત નીતિમાં જરૂરી સુધારા-વધારા કરાશે, તો 'રિયલ મની ગેમ્સ' સહિતની વિવિધ બાબતમાં સ્પર્ધાને લગતી કોઇ પણ ફરિયાદ નહિ રહે.

કૉમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયાએ પોતાના ચુકાદામાં ગૂગલ પ્લે પરથી અમુક 'રિયલ મની ગેમ્સ', ચોક્કસ 'ડેલી ફેન્ટસી સ્પોર્ટ્સ' અને 'રમી એપ્સ'ને કાઢી નાખવાનો આદેશ આપ્યો હતો.



તેણે જણાવ્યું હતું કે 'ડેલી ફેન્ટસી સ્પોર્ટ્સ' અને 'રમી એપ્સ'નો જ સમાવેશ કરતા પાઇલટ પ્રોગ્રામના લાંબા-ગાળાને લીધે ગૂગલને નવી કંપનીઓની સામે 'એડવાન્ટેજ' મળે છે એટલે કે વધુ ફાયદો થાય છે. ગૂગલે એડ્સ પોલિસી (જાહેરખબરને લગતી નીતિ)ના સંબંધમાં જણાવ્યું હતું કે અમને મંજૂરી મળે તો અમે ભારતમાં કૌશલ્યવાળી (સ્કિલવાળી) ગેમ્સની જાહેરાત માટે પરવાનગી આપી શકીએ એમ છીએ. ગૂગલે પેમેન્ટ સિસ્ટમ અંગે સ્પષ્ટતા કરતા દાવો કર્યો હતો કે પેમેન્ટને લગતી ચેતવણી (વૉર્નિંગ્સ) સંબંધિત ડેવલપરની જવાબદારીનો વિષય છે. અમે ભારતીય રિઝર્વ બૅન્ક અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયાના પેમેન્ટની સલામતીને લગતા જરૂરી નિયમનું યોગ્ય પાલન કરીએ છીએ. કૉમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયાએ આ પ્રકરણમાં જનતા પાસેથી ૨૦ ઑગસ્ટ સુધીમાં સૂચન મગાવ્યા છે. (એજન્સી)■

# કાંજુરમાર્ગની જમીનનો ડમ્પિંગ માટે ઉપયોગ થઈ શકશે

## 'સંરક્ષિત વન' હોવાના આદેશ પર સુપ્રીમનો સ્ટે

નવી દિલ્હી : મુંબઈના કાંજુરમાર્ગની ૧૨૦ હેકટર જમીનનો 'સુરક્ષિત જંગલ' તરીકેનો દરજ્જો ફરી આપતા બોમ્બે હાઈ કોર્ટના ચુકાદા પર સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ આપ્યો છે. આને લીધે મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ ગ્રેટર મુંબઈ આ વિસ્તારનો ડમ્પિંગ ગ્રાઉન્ડ તરીકે ફરી ઉપયોગ કરી શકશે. બોમ્બે હાઈ કોર્ટે બીજી મેએ કાંજુરમાર્ગના કથિત મેન્ગ્રો લેન્ડને સુરક્ષિત જંગલના દરજ્જાને બદલાતા જાહેરનામાને રદ કરીને તેનો જંગલનો દરજ્જો ફરી સ્થાપ્યો હતો. પાલિકા આ જમીનને ડમ્પિંગ ગ્રાઉન્ડ તરીકે ઉપયોગ કરવા માગે છે.

મુખ્ય ન્યાય મૂર્તિ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે, વિનોદ ચંદ્રનની બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાની એ રજૂઆતની નોંધ લીધી હતી કે આ વિસ્તારનો ઉપયોગ ગાર્બેજ લેન્ડફિલ તરીકે થાય છે અને એને ભૂલથી સુરક્ષિત વનનો દરજ્જો આપવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર વતી દલીલ કરતાં તુષાર મહેતાએ કહ્યું હતું કે આ વિસ્તારને ખોટી રીતે 'સુરક્ષિત વન' ઘોષિત કરાયો હોવાથી રાજ્ય સરકારે તેનો વનનો દરજ્જો રદ કરતું નવું જાહેરનામું બહાર પાડ્યું હતું.

ગવઈએ કહ્યું હતું કે અમે વડી અદાલતના ચુકાદા સામે મનાઈ હુકમ આપીએ છીએ. વકીલે આ હુકમનો વિરોધ કર્યો ત્યારે બેન્ચે સવાલ કર્યો હતો કે તમે અમને જણાવો કે કચરો ક્યાં નાખવામાં આવે.

વડી અદાલતે રાજ્ય સરકાર અને મુંબઈ મહાનગરપાલિકાની એ દલીલ સ્વીકારી નહોતી કે વિસ્તારને વન જાહેર કરતું અગાઉનું જાહેરનામું એક ભૂલ હતી.

હાઈ કોર્ટે ચુકાદામાં કહ્યું હતું કે ખાસ અને સ્પષ્ટ સમીક્ષાના આધારે જંગલનું જાહેરનામું બહાર પડાયું હોવાથી ભૂલને લીધે જાહેરનામું બહાર પડાયું હતું એવી દલીલ સ્વીકાર્ય નથી. નવા જાહેરનામાને રદ કરીને બાજુમાં મુકાય છે. વનશક્તિ નામની એનજીઓએ ૨૦૧૩માં ડીનોટિફિકેશનને પડકારતી અરજી કરી હતી અને હાઈ કોર્ટે તેની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

કાંજુરમાર્ગમાં કચરાને ઠાલવવાની પરવાનગી કેન્દ્રના પર્યાવરણ, વન અને હવામાન ફેરફાર મંત્રાલયે ૨૦૦૯માં આપી હતી. પાલિકાએ દલીલ કરી હતી કે જંગલના જાહેરનામાને સુધારવા નવું જાહેરનામું બહાર પડાયું હતું. (એજન્સી)■

# સિનિયર સિટિઝન્સને રેલવે સ્લીપર, થર્ડ એસીમાં કન્સેશન આપવાની ભલામણ

નવી દિલ્હી: વરિષ્ઠ નાગરિકોને સ્લીપર અને થર્ડ એસી કોચમાં કન્સેશન આપવાની બાબતને ધ્યાન પર લેવાની અને તેની સમીક્ષા કરવાની રેલવેની સ્થાયી સમિતિએ ભલામણ કરી હોવાની માહિતી રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે શુક્રવારે રાજ્યસભામાં આપી હતી.

અમુક સાંસદોએ વરિષ્ઠ નાગરિકોને ટ્રેનની ટિકિટ પર આપવામાં આવતું કન્સેશન ફરી શરૂ કરવાનો મુદ્દો ઉપાડી લીધો હતો અને રેલવે અંગેની સંસદીય સ્થાયી સમિતિને આ મામલે ભલામણ કરવાનું રેલવે પ્રધાનને જણાવ્યું હતું.

રાજ્યસભામાં લેખિતમાં જવાબ આપતાં અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોને ઓછામાં ઓછું ટ્રેનના સ્લીપર અને થર્ડ એસી કોચમાં કન્સેશન આપવાની રેલવેની સ્થાયી સમિતિએ સલાહ આપી છે.

વરિષ્ઠ નાગરિકોને ટ્રેનની ટિકિટ પર આપવામાં આવતું કન્સેશન ફરી શરૂ ન કરવાનાં કારણો અંગે પુછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપતાં વૈષ્ણવે કહ્યું હતું કે ઈન્ડિયન રેલવે સમાજના તમામ વર્ગના લોકોને પરવડે તેવી સેવા પૂરી પાડવા ઝઝૂમી રહી છે અને એ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રવાસી ટિકિટો પર રૂ. ૬૦,૪૬૬ કરોડની સબસિડી પણ આપી હતી. આ રકમ રેલવેમાં પ્રવાસ કરતા પ્રત્યેક પ્રવાસીને સરેરાશ ૪૫ ટકા કન્સેશન જેટલી થાય છે.

દિવ્યાંગજનોની ચાર શ્રેણી, દરદીઓની ૧૧ શ્રેણી અને વિદ્યાર્થીઓની જુદી જુદી આઠ શ્રેણીમાં પ્રવાસીઓને સરેરાશ ૪૫ ટકા કરતાં પણ વધુ કન્સેશન આપવામાં આવી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# યુપીમાં મુઝફ્ફરપુર-સાબરમતી એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી





નવી દિલ્હી: ઉત્તર પ્રદેશમાં શુક્રવારે બપોરે કાનપુર અને ટૂંડલા વચ્ચે મુઝફ્ફરપુર-સાબરમતી જનસાધારણ એક્સપ્રેસના બે ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. આ જાણકારી રેલવે મંત્રાલયના અધિકારીઓએ આપી હતી, કોઇ જાનહાનિ નહોતી થઇ. અધિકારીના જણાવ્યા અનુસાર અત્યાર સુધી કોઇ જાનહાનિના અહેવાલ નથી. એક ટ્રોલી કોચ સહિત બે ડબ્બા લૂપ લાઇન પર પાટા પરથી ઉતરી ગયા હતા. તેમણે જણાવ્યું કે એન્જિનનો પાંચમો અને છઠ્ઠો કોચ સાંજે ૪-૨૦ વાગ્યે ભાઉપુર યાર્ડમાં પાટા પરથી ઉતરી ગયા હતા.

આ ઘટના બાદ પુનઃસ્થાપન કાર્ય તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવ્યું હતું. તેમજ કાનપુરથી રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અધિકારીએ જણાવ્યું કે ઉત્તર મધ્ય રેલવે ઝોનના જનરલ મેનેજર અને ડિવિઝનલ રેલવે મેનેજર પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ■

# ૬,૦૧૭ કરોડના મૂલ્યની ૨,૦૦૦ની નોટ હજી પણ ચલણમાં છે

મુંબઈ: ભારતીય રિઝર્વ બેન્કે (આરબીઆઇ) ૨,૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચી લીધાના બે વર્ષથી વધુ સમય પછી પણ ૨૦૦૦ રૂપિયાની ૬,૦૧૭ કરોડ રૂપિયાની નોટો હજુ પણ ચલણમાં છે, એમ શુક્રવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડામાં જણાવાયું હતું. ૨૦૦૦ રૂપિયાની નોટ લીગલ ટેન્ડર તરીકે ચાલુ રહેશે. નોંધનીય છે કે આરબીઆઇએ ૧૯ મે, ૨૦૨૩ના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. આરબીઆઇએ એક નિવેદનમાં કહ્યુ હતુ કે ચલણમાં રહેલી ૨,૦૦૦ રૂપિયાની નોટનું કુલ મૂલ્ય, જે ૧૯ મે ૨૦૨૩ના રોજ ૩.૫૬ લાખ કરોડ રૂપિયા હતું, જે ૩૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ઘટીને ૬,૦૧૭ કરોડ રૂપિયા થઈ ગયું હતું. આ રીતે ૧૯, મે, ૨૦૨૩ના રોજ ચલણમાં રહેલી ૨,૦૦૦ રૂપિયાની બેન્ક નોટમાંથી ૯૮.૩૧ ટકા રકમ પરત આવી ગઈ હતી. ૨,૦૦૦ રૂપિયાની બેન્ક નોટને બદલવાની સુવિધા ૧૯,મે ૨૦૨૩થી રિઝર્વ બેન્કની ૧૯ ઈશ્યુ ઓફિસમાં ઉપલબ્ધ છે. ■

# રશિયા ભરોસાપાત્ર ભાગીદાર : ભારતે અમેરિકાને સંભળાવ્યું

નવી દિલ્હી: વિદેશ મંત્રાલયે શુક્રવારે ભારત-રશિયા સંબંધોમાં કોઈપણ પ્રકારના તણાવના સૂચનને નકારી કાઢ્યા હતા, જેમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બંને દેશો વચ્ચેના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધો પર સવાલ ઉઠાવ્યા હતા.

સાપ્તાહિક બ્રીફિંગમાં પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે વિવિધ દેશો સાથેના આપણા દ્વિપક્ષીય સંબંધો તેમના પોતાના ગુણો પર ઊભા છે અને તેને ત્રીજા દેશની નજરે જોવું જોઈએ નહીં. ભારત અને રશિયા વચ્ચે સ્થિર અને વિશ્વાસપાત્ર ભાગીદારી છે. ટ્રમ્પે પોસ્ટ કર્યું હતું કે ''મને કોઈ પરવા નથી કે ભારત રશિયા સાથે શું કરે છે. તેઓ તેમની મૃત અર્થવ્યવસ્થાઓને એકસાથે નીચે ઉતારી શકે છે, મને એની ચિંતા નથી.''

''અમે ભારત સાથે ખૂબ જ ઓછો વ્યવસાય કર્યો છે - તેમના ટૅરિફ ખૂબ ઊંચા છે, જે વિશ્વમાં સૌથી વધુ છે. તેવી જ રીતે, રશિયા અને અમેરિકા લગભગ કોઈ વ્યવસાય સાથે મળીને કરતા નથી, એમ તેમણે કહ્યું હતું.

ટ્રમ્પની વ્યાપક ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવતા, જયસ્વાલે ભારત-અમેરિકા ભાગીદારીના મહત્વનો પુનરોચ્ચાર કર્યો હતો કે ભારત અને અમેરિકા એક વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે જે સહિયારા હિતો, લોકશાહી મૂલ્યો અને મજબૂત લોકો-થી-લોકોના સંબંધોમાં બંધાયેલી છે. આ ભાગીદારીએ અનેક પરિવર્તનો અને પડકારોનો સામનો કર્યો છે. અમે બંને દેશોએ જે મહત્વપૂર્ણ એજન્ડા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ અને અમને વિશ્વાસ છે કે આ સંબંધ આગળ વધતો રહેશે.'' સંરક્ષણ સહયોગ વિશે પૂછવામાં આવતા, જયસ્વાલે ઉમેર્યું હતું કે : ''આપણી સંરક્ષણ જરૂરિયાતોનો સ્રોત ફક્ત આપણી રાષ્ટ્રીય સુરક્ષા આવશ્યકતાઓ અને વ્યૂહાત્મક મૂલ્યાંકન દ્વારા નક્કી થાય છે.'' ભારત એક દિવસ પાકિસ્તાન પાસેથી તેલ ખરીદી શકે છે તેવા ટ્રમ્પના સૂચન પર ટિપ્પણી કરવાનો ઇનકાર કરતા એમણે કહ્યું કે, ''આ વિશે મારી પાસે કોઈ જવાબ નથી.'' ■

## અમેરિકા પાસેથી એફ-૩૫ ખરીદવા વિશે કોઇ ચર્ચા નથી થઇ : સરકાર

કેન્દ્ર સરકારે લોકસભામાં જણાવ્યું હતુ કે અમેરિકા પાસેથી પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઇટર જેટ એફ-૩૫ ખરીદવા માટે કોઈ ઔપચારિક વાતચીત થઈ નથી. જોકે, આ વર્ષે ફેબ્રુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૉશિંગ્ટન મુલાકાત દરમિયાન ભારત-અમેરિકા સંયુક્ત નિવેદનમાં આ શક્યતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના સાંસદ બલવંત બસવંત વાનખેડેના લેખિત પ્રશ્નના જવાબમાં વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે જવાબ આપ્યો હતો કે આ મુદ્દા પર હજુ સુધી કોઈ ઔપચારિક ચર્ચા થઈ નથી. વાનખેડેએ સરકારને પૂછ્યું હતું કે શું આ વર્ષની શરૂઆતમાં ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષી બેઠક દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની જાહેરાત પછી અમેરિકાએ ભારતને એફ-૩૫ વિમાન વેચવાનો કોઈ સત્તાવાર પ્રસ્તાવ મુક્યો છે. ■

## અમેરિકા સાથેના સંબંધોમાં ભૂતકાળમાંય અનેક પડકારો જોયા છે: ભારત

નવી દિલ્હી: અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલી સખત ટીકાને ભારતે શુક્રવારે એમ કહીને અવગણી હતી કે બંને દેશના સંબંધો અનેક સંક્રમણ કાળ અને પડકારો વચ્ચેથી પસાર થયા છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત પર પચીસ ટકા ટૅરિફ લાદી ભારતના અર્થતંત્રને 'ડેડ' લેખાવ્યાના એક દિવસ બાદ ભારતના વિદેશ ખાતાએ આ નિવેદન કર્યું હતું.

પરસ્પરના હિત, લોકશાહીનાં મૂલ્યો અને નાગરિકો વચ્ચેના તંદુરસ્ત સંબંધોને ધ્યાનમાં રાખીને બંને દેશ એકમેક સાથે વ્યાપક અને વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે, એમ વિદેશ ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું. બંને દેશના નક્કર એજન્ડા પર અમારું ધ્યાન કેન્દ્રિત છે અને અમને વિશ્વાસ છે કે બંને દેશ વચ્ચેના સંબંધો આગળ વધતા રહેશે, એમ તેમણે કહ્યું હતું. ભારત-અમેરિકા વચ્ચેની સંરક્ષણ ભાગીદારી અંગે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે બંને દેશ મજબૂત સંરક્ષણ ભાગીદારી ધરાવે છે અને છેલ્લાં અનેક વર્ષથી તે વધુ મજબૂત બની રહી છે. (એજન્સી) ■

### વિશ્વની વિરલ ઘટના

# 30 વર્ષ પહેલાં થીજવેલી એમ્બ્રિઓથી બાળકનો જન્મ

ઓહાયો: અહીં ૩૦ વર્ષથી થીજવેલી એમ્બ્રિઓ (અવિકસિત અંદાજે બેથી સાત અઠવાડિયાંનો ગર્ભ)માંથી એક દંપતીને ત્યાં બાળક જન્મ્યું હતું.

અમેરિકાના ઓહાયો રાજ્યની રાજધાની કોલંબસથી નૈર્ઋત્ય દિશામાં આશરે પચીસ માઇલ દૂર આવેલી મેડિસન કાઉન્ટીના શહેર લંડનના દંપતી લિન્ડસે (૩૫ વર્ષ) અને ટિમ પિઅર્સ (૩૪)એ શનિવારે થેડસ ડેનિયલ પિઅર્સને આ જગતમાં આવકાર આપ્યો હતો.

ટિમ પિયર્સ ૧૯૯૪માં હજી બાળક હતા ત્યારે 'ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન' (આઇવીએફ) દ્વારા તૈયાર થયેલી આ એમ્બ્રિઓને થીજવવા માટે રખાઇ હતી. આ એમ્બ્રિઓ ૨૦૨૪ના નવેમ્બરમાં લિન્ડસેમાં 'રોપવા'માં આવી હતી. અગાઉ, આ અવિકસિત ગર્ભને અંદાજે ૩૦ વર્ષ પ્રવાહી નાઇટ્રોજનમાં સચવાયો (ક્રાયોપ્રિઝર્વ એટલે કે આશરે માઇનસ ૧૯૬ અંશ સેલ્સિયસે રખાયો) હતો.

લિન્ડા આર્કેડ હાલમાં ૬૨ વર્ષની છે. તેણે ૧૯૯૪માં પેદા કરેલી ચાર એમ્બ્રિઓમાંની આ એક હતી. તેણે એક એમ્બ્રિયો પાછી પોતાના જ ગર્ભમાં 'રોપી' હતી અને દીકરીને જન્મ આપ્યો હતો.

લિન્ડા આર્કેર્ડે બાદમાં છૂટાછેડા લીધા હતા, પરંતુ બાકીની (ત્રણ) એમ્બ્રિઓ પોતાની પાસે રાખી હતી અને તે એક ખ્રિસ્તી 'એમ્બ્રિઓ એડપ્શન ઑર્ગેનાઇઝેશન' - 'નાઇટલાઇટ ક્રિશ્ચન એડપ્શન્સ'ને દાનમાં આપી હતી. લિન્ડા આર્કેર્ડે જણાવ્યું હતું કે હું મારી એમ્બ્રિઓ વિદેશમાં કોઇને દાનમાં આપવાને બદલે અમેરિકામાં રહેતા પરણેલા ખ્રિસ્તી શ્વેત દંપતીને જ આપવા માગતી હતી.

અગાઉ, ૧૯૯૨માં પ્રવાહી નાઇટ્રોજનમાં સાચવવા રખાયેલી બે એમ્બ્રિઓમાંથી ૨૦૨૨માં ઓરેગોન ખાતે જોડિયા બાળકો જન્મ્યા હતા.

અમેરિકા અને યુકેમાં 'ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન' (આઇવીએફ)થી જન્મતા બાળકોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. (એજન્સી)■

# દેવ ગોવડાનો પૌત્ર પ્રજવલ રેવન્ના બળાત્કાર કેસમાં દોષી

બેંગલુરુ: જનતા દળ (સેક્યુલર)ના સસ્પેન્ડેડ નેતા અને ભૂતપૂર્વ સાંસદ પ્રજવલ રેવન્ના બળાત્કાર અને જાતીય શોષણના કેસમાં દોષિત ઠર્યા છે.

શુક્રવારે બેંગલુરુની એક સ્પેશ્યલ કોર્ટે પ્રજવલ રેવન્નાને દોષિત ઠેરવ્યા છે.

અહેવાલ મુજબ કોર્ટે દોષિત ઠેરવતા પ્રજવલ રેવન્ના કોર્ટમાં જ ભાંગી પડ્યા હતા. પ્રજવલ રેવન્ના ભૂતપૂર્વ વડા પ્રધાન અને જેડી (એસ)ના વડા એચ.ડી. દેવ ગોવડાના પૌત્ર છે, જેથી આ કેસ રાજકીય રીતે પણ ઘણો ચર્ચામાં રહ્યો હતો.

કર્ણાટકના હસન જિલ્લાના હોલેનારસીપુરા ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બળાત્કારના એક કેસમાં પ્રજવલ રેવન્નાને દોષિત ઠેરવવામાં આવ્યા છે.

બેંગલુરુની સ્પેશિયલ કોર્ટ ફોર પીપલ્સ રિપ્રેઝન્ટેટિવે ૧૮ જુલાઈના રોજ આ કેસમાં સુનાવણી પૂરી કરી હતી અને ચુકાદો અનામત રાખ્યો હતો.

ગઇકાલે કોર્ટે પ્રજવલ રેવન્નાને દોષિત ઠેરવ્યા, ચુકાદા પછી કોર્ટરૂમમાંથી બહાર નીકળતી વખતે રેવન્ના રડતા જોવા મળ્યા હતાં.

સજાની જાહેરાત આવીકાલે ૨ ઓગસ્ટના રોજ કરવામાં આવશે.

ગત વર્ષે લોકસભાની ચૂંટણી પહેલા એપ્રિલ મહિનામાં પ્રજવલ રેવન્નાના અશ્લીલ વીડિયો એક પેન ડ્રાઇવથી લીક થઇ ગયા હતાં, બાદમાં જાણવા મળ્યું કે પ્રજવલ રેવન્ના બળજબરીથી મહિલાઓનું જાતીય શોષણ કરતા હતાં.

જેને કારણે હોબાળો મચી ગયો હતો, કર્ણાટકના રાજકારણમાં પણ આ મુદ્દો દિવસો સુધી ગુંજતો રહ્યો હતો. ગત વર્ષે ૩૧મી મેના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

જેડી(એસ) એ રેવન્નાન પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા હતાં અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રેવન્નાની હસન લોકસભા બેઠક પર હાર થઇ હતી. ■

# જીએસટીની આવક ૭.૫ ટકા વધીને ૧.૯૬ લાખ કરોડ રૂપિયા થઇ

નવી દિલ્હી: જીએસટીની કુલ આવક જુલાઇમાં ૭.૫ ટકા વધીને અંદાજે રૂપિયા ૧.૯૬ લાખ કરોડ થઇ હતી. જીએસટીની સ્થાનિક આવકમાં ભારે વધારો નોંધાતા કુલ આવક નોંધપાત્ર વધી હતી.

ગ્રૉસ ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (જીએસટી)ની ૨૦૨૪ના જુલાઇમાં આવક રૂપિયા ૧.૮૨ લાખ કરોડ હતી, જ્યારે ગયા જૂનમાં રૂપિયા ૧.૮૪ લાખ કરોડ થઇ હતી.

જીએસટીની સ્થાનિક આવક ૬.૭ ટકા વધીને રૂપિયા ૧.૪૩ લાખ કરોડ થઇ હતી, જ્યારે આયાત પરના ટૅક્સથી થતી આવક ૯.૫ ટકા વધીને રૂપિયા ૫૨,૭૧૨ કરોડ થઇ હતી.

જીએસટી રિફંડ્સમાં વાર્ષિક ધોરણે ગણતરી કરીએ તો ૬૬.૮ ટકા વધારો થતાં તે રૂપિયા ૨૭,૧૪૭ કરોડ રહ્યું હતું.

જીએસટીની ચોખ્ખી આવક ચાલુ વર્ષે જુલાઇમાં રૂપિયા ૧.૬૯ લાખ કરોડ રહી હતી એટલે કે તેમાં વાર્ષિક ધોરણે ૧.૭ ટકાનો વધારો થયો હતો. કરવેરાના એક નિષ્ણાત સુભાષ અગરવાલે જણાવ્યું હતું કે અમુક વૈશ્વિક દબાણ અને થોડા સમયના ઘટાડા સિવાય અર્થતંત્ર સારું રહ્યું છે. સરકાર દ્વારા સમયસર રિફંડ ચૂકવવામાં આવતું હોવાથી બિઝનેસમાં મદદ મળે છે અને વેપારીઓ પાસે જરૂરી વર્કિંગ કૅપિટલ રહે છે. (એજન્સી)■

# લોન 'ફ્રોડ': અનિલ અંબાણીને ઈડીના સમન્સ

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી)એ મની લોન્ડરિંગ કેસના સંબંધમાં પાંચ ઓગસ્ટે રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને પૂછપરછ માટે બોલાવ્યા છે. આ કેસ તેમની ગ્રૂપ કંપનીઓ સામે કરોડો રૂપિયાના કથિત બૅન્ક લોન કૌભાંડ સાથે સંકળાયેલો છે. સત્તાવાર સાધનોએ કહ્યું હતું કે કેસ દિલ્હીમાં નોંધાયો હોવાથી ૬૬ વર્ષના અનિલને ઈડીના વડા મથકમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. સૂત્રોએ કહ્યું હતું કે જ્યારે અનિલ જુબાની આપશે ત્યારે પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ તેમનું નિવેદન નોંધવામાં આવશે. તેમની ગ્રૂપ કંપનીના અમુક એક્ઝિક્યુટીવને પણ સમન્સ મોકલવામાં આવ્યા છે.

કેન્દ્રીય એજન્સીએ ૫૦ કંપની અને તેમના બિઝનેસ ગ્રૂપના એક્ઝિક્યુટીવના ૩૫ ઠેકાણા પર દરોડા પાડ્યા બાદ અનિલને સમન્સ મોકલ્યા છે. ૨૪ જુલાઈએ શરૂ થયેલા દરોડા ત્રણ દિવસ ચાલ્યા હતા.

અનિલ અંબાણીની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની ગ્રૂપ કંપનીઓએ કરેલી નાણાકીય ગેરરીતિ અને કુલ ૧૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધારે લોનને બીજે વાળવાને લગતી આ કાર્યવાહી છે. એજન્સીએ સેબી અહેવાલના આધારે શોધી કાઢ્યું હતું કે આર ઈન્ફ્રાએ સીએલઈના નામની કંપની મારફતે ઈન્ટર-કોર્પોરેટ ડિપોઝિટના નામે ફંડ રિલાયન્સ ગ્રૂપની કંપનીમાં ડાઈવર્ટ કર્યા હતા. રિલાયન્સ ગ્રૂપના પ્રવકતાએ એક નિવેદનમાં કહ્યું હતું કે ન જણાવેલી પાર્ટીને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ડાયવર્ટ કરવાનો આક્ષેપ દસ વર્ષ જૂનો છે અને કંપનીએ તેના ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટમાં જણાવ્યા પ્રમાણે અમારો સહભાગ ૬,૫૦૦ કરોડ રૂપિયાનો જ છે. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર (આર ઈન્ફ્રા)એ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫એ એટલે આ બાબતની છ મહિના પહેલાં જાહેરમાં જાણ કરી હતી.

રિલાયન્સે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજે હાથ ધરેલી ફરજિયાત મધ્યસ્થી કાર્યવાહી દ્વારા અને માનદ્ બોમ્બે હાઈ કોર્ટ સમક્ષ નોંધાવવામાં આવેલા મેડિટેશન એવૉર્ડ પ્રમાણે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરે ૬,૫૦૦ કરોડ રૂપિયાની રકમ પાછી મેળવવા સેટલમેન્ટ કરી હતી. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે અનિલ ત્રણ વર્ષથી આર ઈન્ફ્રાના બોર્ડમાં નથી. (એજન્સી)■

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ઑલરાઉન્ડર માટે ઑલ ઇઝ વેલ

## બૅટિંગ-બોલિંગ એમ બન્ને સહિયારી જવાબદારી અદા કરતા ખેલાડીઓ ટીમમાં વધુ સલામત ગણાય છે... જાડેજા, વૉશિંગ્ટન ટેસ્ટમાં તેમ જ હાર્દિક, અક્ષર વન-ડે અને ટી-૨૦ની ટીમમાં સૌથી સુરક્ષિત છે

મોટા ભાગની ક્રિકેટ ટીમોમાં બૅટિંગ લાઇન-અપ સ્પેશિયાલિસ્ટ બૅટ્સમૅનથી શરૂ થાય અને સ્પેશિયાલિસ્ટ ફાસ્ટ બોલર કે સ્પિનરથી પૂરી થાય. સામાન્ય રીતે ઑલરાઉન્ડરનું એમાં સ્થાન મિડલ-ઑર્ડરમાં જ હોય. ખાસ કરીને ફાસ્ટ બોલરથી જ બોલિંગની શરૂઆત કરાતી હોય છે અને ઑલરાઉન્ડરને થોડી ઓવર્સ બાદ કે ઇનિંગ્સની મધ્યમાં મોરચા પર લાવવામાં આવતો હોય છે. એક રીતે ઑલરાઉન્ડર ટીમમાં બૅટ્સમેનો અને બોલર્સ વચ્ચેની કડી હોય છે અને પ્લેઇંગ-ઇલેવનમાં સૌથી વધુ જવાબદારી પણ ઑલરાઉન્ડરની જ હોય છે. બોલિંગ હોય કે બૅટિંગ અથવા બૅટિંગ હોય કે બોલિંગ, ઑલરાઉન્ડરની ભૂમિકા સૌથી અનોખી છતાં આડકતરી રીતે સૌથી વધુ જવાબદારીવાળી હોય છે. બોલિંગ હોય ત્યારે તેણે વિકેટ લઈ આપવાની તેમ જ ફીલ્ડિંગ તો ચુસ્ત હોવી જ જોઈએ અને બૅટિંગમાં તેણે ટીમને સધ્ધરતા બક્ષી શકાય એટલા રન પણ બનાવવાના હોય છે. ઑલરાઉન્ડર જો બન્ને રોલમાં ખતરારૂપ હોય તો હરીફ ખેલાડીઓએ બન્ને દાવમાં (બૅટિંગમાં અને પછી બોલિંગમાં) તેનો સામનો કરવો પડે છે. ટીમ-વર્કમાં ઑલરાઉન્ડરની ભૂમિકા બૅટ્સમૅન અને બોલરથી ભિન્ન હોય છે, કારણકે તેણે બૅટિંગમાં ધબડકો થાય ત્યારે મિડલ-ઑર્ડરમાં બાજી સંભાળી લેવાની હોય છે અને બોલિંગમાં મુખ્ય બોલર્સનું કંઈ ન ચાલે ત્યારે કૅપ્ટન ઑલરાઉન્ડર પાસે સફળતાની આશા રાખે છે.

ઑલરાઉન્ડર્સની ખાસિયતોની ચર્ચા કરીએ તો હજી બીજું ઘણું લખી શકાય, પરંતુ હાલમાં ભારતની ટેસ્ટ ટીમમાં ઑલરાઉન્ડર્સની હાજરીની બાબતમાં જે ચર્ચાઓ થઈ રહી છે એટલે આ લેખમાં ભારતીય ટીમમાંના આ વિશિષ્ટ પાત્ર પર પ્રકાશ પાડવામાં આવી રહ્યો છે. ૧૯૬૦ના દાયકામાં ભારતની ટેસ્ટ ટીમ જ્યારે વેસ્ટ ઇન્ડિઝના પ્રવાસે ગઈ હતી ત્યારે કેટલીક મૅચો એવી હતી જેમાં ભારતની પ્લેઇંગ-ઇલેવનના તમામ ખેલાડીઓ ઑલરાઉન્ડર હતા. ત્યારે નરી કૉન્ટ્રૅક્ટરે ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું અને મન્સૂર અલી ખાન પટૌડી વાઇસ-કૅપ્ટન હતા. ફરોખ એન્જિનિયર વિકેટકીપર-બૅટ્સમૅન હતા. ભારતની ત્યારની સ્ક્વૉડમાં ચંદુ બોરડે, સલીમ દુરાની, રમાકાંત દેસાઈ, એમ. એલ. જયસિંહા, બુધી કુંદરન (વિકેટકીપર), બાપુ નાડકર્ણી, વિજય માંજરેકર, વિજય મહેરા, રુસી સુરતી, પોલી ઉમરીગર, દિલીપ સરદેસાઈ તેમ જ એરાપલ્લી પ્રસન્ના અને વસંદ રાંજણેનો સમાવેશ હતો.


વૉશિંગ્ટન સુંદર - રવીન્દ્ર જાડેજા


અક્ષર પટેલ

ભારતને કપિલ દેવ જેવો ઑલરાઉન્ડર ક્યારેય નથી મળ્યો અને ક્યારે મળશે એ પણ નક્કી ન કહી શકાય. કપિલે તેમના સમયમાં હરીફ ટીમોના ઑલરાઉન્ડર્સ સાથેની તીવ્ર હરીફાઈ વચ્ચે ઉચ્ચ કક્ષાનો પર્ફોર્મન્સ આપવાની સાથે ૧૯૮૩માં ભારતને વન-ડેની ઐતિહાસિક વર્લ્ડ કપ ટ્રોફી અપાવી હતી.

ઑલરાઉન્ડર બૅટિંગ-બોલિંગ બન્ને પ્રકારની અગત્યની જવાબદારી સંભાળતો હોય છે અને એક રીતે સ્પેશિયાલિસ્ટ બૅટ્સમૅન કે સ્પેશિયાલિસ્ટ બોલર કરતાં તેના પર વર્કલૉડ હંમેશાં અને સતતપણે રહેતો હોય છે. પોતાનું ક્રિકેટ બોર્ડ, સિલેક્શન કમિટી, ટીમ મૅનેજમેન્ટ તેમ જ કરોડો ક્રિકેટચાહકો તેની પાસે બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં સારા પર્ફોર્મન્સની અપેક્ષા રાખતા હોય છે. જોકે બેમાંથી એક જવાબદારીમાં નિષ્ફળ જવા છતાં તેને બીજી જવાબદારીની સફળતા ટીમમાં ટકાવી રાખતી હોય છે. એ રીતે ટીમમાં તે અન્યો કરતાં વધુ સલામત હોય છે.

આઇપીએલમાં ઇમ્પૅક્ટ પ્લેયરની પદ્ધતિ આવવાથી ઑલરાઉન્ડર સામે ખતરો ઊભો થયો છે એવું કેટલાક ખ્યાતનામ ક્રિકેટરો અને નિષ્ણાતો કહી ગયા છે, પરંતુ હાલમાં ભારતની ટેસ્ટ ટીમમાં રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન (બોલિંગ અને બૅટિંગની) સંયુક્ત જવાબદારી બહુ સારી રીતે સંભાળી રહ્યા છે. જાડેજા ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં બોલિંગમાં બહુ સક્સેસ નથી થયો, પણ બૅટિંગમાં તેણે સર્વોત્તમ કક્ષાના બૅટ્સમેનોને ઝાંખા પાડી દેતું પર્ફોર્મ કર્યું છે. લૉર્ડ્સમાં તે ૨૬૬ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૧૮૧ બૉલમાં અણનમ ૬૧ રન કરવા છતાં ટીમ ઇન્ડિયાને પરાજયથી નહોતો બચાવી શક્યો, પણ ઑલ્ડ ટ્રૅફર્ડમાં બ્રિટિશરોએ જાડેજાની બૅટ્સમૅન તરીકેની તાકાતનો અઠવાડિયામાં ફરી એકવાર અનુભવ કર્યો હતો જેમાં જડ્ડુએ ૨૧૮ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૧૮૫ બૉલમાં અણનમ ૧૦૭ રન કર્યા હતા અને વૉશિંગ્ટન સુંદર (૨૯૮ મિનિટ અને ૨૦૬ બૉલમાં અણનમ ૧૦૧) સાથેની જોડીમાં પાંચમી વિકેટ માટે ૨૦૩ રનની અતૂટ ભાગીદારી કરી હતી.


હાર્દિક પંડ્યા

ટેસ્ટ-ક્રિકેટને ઘણા મહાન ઑલરાઉન્ડર્સ મળ્યા છે, પરંતુ વેસ્ટ ઇન્ડિઝના સર ગૅરી સોબર્સ (૮,૦૩૨ રન અને ૨૩૫ વિકેટ) તેમ જ જૅક કૅલિસ (૧૩,૨૮૯ રન અને ૨૯૨ વિકેટ)ને ગ્રેટેસ્ટ ઑલરાઉન્ડર તરીકે ઓળખાવી શકાય. જોકે વીતેલા વર્ષોના નામાંકિત ઑલરાઉન્ડર્સમાં કપિલ દેવ ઉપરાંત ઇમરાન ખાન, ઇયાન બૉથમ અને સર રિચર્ડ હેડલી તેમ જ સાઉથ આફ્રિકાના ક્લાઇવ રાઇસને પણ ભૂલી ન શકાય.

ભારત પાસે હાલમાં ટેસ્ટ-ક્રિકેટમાં બે ભરોસાપાત્ર ઑલરાઉન્ડર (રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન સુંદર) છે. નીતીશ રેડ્ડી પણ ટેસ્ટમાં ઑલરાઉન્ડર તરીકે જ ટીમમાં સ્થાન પામે છે. જાડેજા હાલમાં ટેસ્ટમાં વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર છે. વન-ડે અને ટી-૨૦ ફૉર્મેટમાં અક્ષર પટેલ, હાર્દિક પંડ્યા હાલમાં ભારતના બે શ્રેષ્ઠ ઑલરાઉન્ડર છે અને શિવમ દુબે તથા શાર્દુલ ઠાકુરને અનેક તક મળી હોવા છતાં તેઓ ટીમ ઇન્ડિયામાં સ્થાન નથી જમાવી શક્યા. ટીમ ઇન્ડિયાને ઇરફાન પઠાણના રૂપમાં એક ભરોસાપાત્ર ઑલરાઉન્ડર મળ્યો હતો અને તેના પછી હાર્દિક પંડ્યા (હાલમાં ટી-૨૦માં વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર) ખરા અર્થમાં ભારતના પેસ બોલિંગ ઑલરાઉન્ડર તરીકેની ભૂમિકા અદા કરી રહ્યો છે. સ્પિન બોલિંગ ઑલરાઉન્ડર તરીકે ભારતને યુવરાજ સિંહ જેવો બીજો નથી મળ્યો. જોકે વીતેલા વર્ષોના ખ્યાતનામ ભારતીય ઑલરાઉન્ડર્સની યાદીમાં વિનુ માંકડ, વિજય હઝારે, મોહિન્દર અમરનાથ, રવિ શાસ્ત્રી તેમ જ તાજેતરમાં નિવૃત્ત થયેલા રવિચન્દ્રન અશ્વિનના નામ પણ અચૂક લઈ શકાય. સચિન તેન્ડુલકર પણ એક તબક્કે ઉપયોગી ઑલરાઉન્ડર તરીકે ગણાતો હતો.

ડોમેસ્ટિક ક્રિકેટ અને આઇપીએલે ભારતને રાહુલ તેવાટિયા, વિજય શંકર અને હર્ષલ પટેલ વગેરે યુવા ઑલરાઉન્ડર આપ્યા છે. જોઈએ હવે આવનારા વર્ષોમાં કયો ઑલરાઉન્ડર બન્ને જવાબદારીનો સંયુક્ત બોજ ઊંચકીને ટીમ ઇન્ડિયામાં લાંબા સમય સુધી સ્થાન જમાવી શકે છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## કાચી કાચી યામા:

# ફુજીની તળેટીમાં સફરજન ને લોકવાયકાઓની મજા...

ઘણા લાંબા સમયથી હવે જર્મનીમાં જાપાનીઝ કંપની સાથે કામ કરવાના કારણે પ્રોજેક્ટમાં કામે લાગેલાં નોન-જાપાનીઝ કોલિગ્સને પણ નામની પાછળ ‘સાન’ લગાવીને બોલાવવાની આદત પડી ગઈ છે. એવામાં જ્યારે માઉન્ટ ફુજીને પણ ફુજીસાન કહીને બોલાવાતો ત્યારે લાગતું કે ત્યાં આ પર્વતને આમ પણ માન આપીને બોલાવાતો હશે, તેમાં નવું કશું નથી. ત્યાં જઈને પાછળથી ખબર પડી કે ‘સાન’ શબ્દનો અર્થ જાપાનીઝ કાનજીમાં પર્વત એવો પણ થાય છે, અને ક્યારેક તે ફુજીસાન અથવા ફુજીયામા તરીકે ઓળખાય છે. મને તો ફુજીને ફુજીસાન કહેવામાં જ મજા આવતી હતી. તેમાંય હાકોનેમાં જરાય ન દેખાયો તેનું સાટુ વાળતો હોય તેમ ફુજી હવે અમે જ્યાંથી પણ જોઈએ ત્યાંથી દેખાવા લાગ્યો હતો. કાવાગુચિકો વિસ્તારમાં એક સમયે તો ફુજી વિનાનો ફોટો પાડવા માટે સાવ ઊંધી દિશામાં જ જવું પડે તેવું હતું. અમે ટ્રેનમાંથી ફુજીના ફોટા ધરાઈને પાડ્યા.



તે પછી સ્ટેશન પર અમને વધુ જાપાનીઝ લાઈનનો પ્રેમ જોવા મળ્યો. ઘણી વાર તો એમ લાગતું હતું કે દુનિયાભરનાં મુલાકાતીઓને પણ જાપાનની લાઈનોમાં ઊભા રહેવામાં મજા આવતી હતી. બધાંને પહેલેથી જ કહી દેવામાં આવ્યું છે, જ્યાં પણ ટિપ્સ વાંચો ત્યાં વિસ્તારથી સમજાવવામાં આવે છે, લાઇન લગાડવી એ જાપાનમાં જાણે કલ્ચરલ અનુભવ બનાવી દેવામાં આવ્યો છે. એવામાં ફુજીસાન તરફ જવા માટે સ્ટેશનથી એક્ઝિટ કરવાની પણ લાઈન હતી. તમે જો સોશિયલ મીડિયા પર જાપાનનાં ટ્રાવેલ કિલ્સ જોતા હોવ, તો ત્યાં મોટાભાગના ફુજી સંબંધિત વીડિયો આ શહેરના હોવાની પૂરી શક્યતા છે. અહીં આવો અને ફુજી ન દેખાય તો નવાઈ લાગે.

સ્ટેશન પરથી એક લાંબી લટાર મારતાં શહેરની વચ્ચેથી નીકળવાનું થયું. તેમાં થોડી રહેણાંક વિસ્તારની ગલીઓ પણ આવી. સ્ટેશન પછીનો તરતનો વિસ્તાર જરા ટૂરિસ્ટી હતો. ત્યાં વીસ મિનિટના અંતરે કાચી કાચી યામા પહાડ પર રોપવેથી ચઢવાનું હતું. રસ્તામાં જેવાં ઘરો ચાલુ થયાં, સાવ શાંતિ છવાઈ ગઈ. છતાંય ઘણી ગલીઓમાંથી ફુજી ડોકિયું કરીને સદીઓની વાર્તાઓ કહી રહ્યો હોય તેવું પણ લાગતું હતું. જોકે ફુજીને દૂરથી એક પહાડ પરથી જોવા માટે તે સમયે તો અમારે ફુજીની સામેની બાજુ જવું પડ્યું અને હજી નવો નવો જોવા મળી રહ્યો હતો એટલે ફુજીને પીઠ બતાવીને ચાલવાનું પણ ગમતું ન હતું. થોડીક પહાડની, થોડીક તડકાવાળા પણ ખુશનુમા મોસમની, થોડી જમવાના સમયની વાત કરતાં કરતાં અમે કાવાગુચિકોની ગલીઓ વટાવી રહ્યાં હતાં.

લેક કાવાગુચિકો પાસે એક ટેકરીથી રોપવે લઈને ઉપર જવાનું હતું. ત્યાં રસ્તામાં એક કાફે આવ્યું. ફુજીની તળટીમાં વસેલા ગામમાં જો કોઈ ‘એપ્પલ પાઇ લેબ’ નામે કાફે દેખાય તો તેને કઈ રીતે જવા દેવું? આમ પણ ભૂખ લાગી ચૂકી હતી. અમે જમવાનું રોપવે રાઈડ પતાવીને નક્કી કરેલું. એવામાં આ કાફે પાસે વળતાં આવવાનું ન બને તે રિસ્ક મારે નહોતું લેવું. અમે થોડી મિનિટો તો ત્યાં બેસીને કોઈ સફરજનની વાનગીઓ અને કોફીની મજા તો લઈ જ શકીએ. ખાસ તો એટલા માટે કે ફુજી માત્ર પહાડનું જ નામ નથી, એક સફરજનનો પ્રકાર પણ છે. અમે ઘણાં વર્ષોથી દર ઓટમમાં એપ્પલ પિકિંગ કરવા પહોંચી જઈએ છીએ અને તેમાં મજેદાર સ્નેક સાઇઝનાં લાઇટ પિંક અને ગ્રીન ફુજી એપ્પલ અમારાં ફેવરેટ છે. હવે ખાસ ફુજી એપ્પલના રિજનમાં આવીને માત્ર એપ્પલની જ વાનગી બનાવતું કાફે સામે આવે તો તે કુદરતની સાઇન જ માનીને એપ્પલ પાઇ અને કોફીનો ઓર્ડર કરવામાં અમે જરા પણ સમય ન વેડફ્યો.

અંદર અમને તો બેસવાની જગ્યા મળી ગઈ, પણ થોડી વારમાં એક ટૂર બસે જાણે કાફે ટેકઓવર કરી લીધું હોય તેવો માહોલ થઈ ગયેલો. કાફેનું કિચન અને બેકિંગ એરિયા પણ ઓપન હતાં. બધું ખરેખર કોઈ લેબ જ હોય એટલું ચોખ્ખું અને ઓર્ગેનાઇઝ્ડ હતું. અમે ધરાઈને ત્યાંથી નીકળ્યાં પછી કાચી કાચી યામા રોપવેની લાઈનમાં લાગ્યાં. સવારથી આ અમારી પાંચમી કે છઠ્ઠી મોટી લાઈન હતી. અમારી આસપાસ બાકીનાં ટૂરિસ્ટ હતાં તો બધાં ચાઇનીઝ અને જાપાનીઝ જેવાં જ, પણ તેઓ કદાચ બાકીની કોઈ ઇસ્ટની કંટ્રીનાં પણ હોઈ શકે. હવે ધીમે ધીમે ત્યાંની ભાષા અને દેખાવમાં થોડો ફરક ખબર પડવા લાગ્યો હતો. જાકે રોપવે ઉપર પહોંચે તે પહેલાં ઓછામાં ઓછો કલાક તો તે લાઇનમાં જ ધીમી ગતિએ આગળ વધવા મળેલું. ત્યાં જેટલાં લોકો પાછાં આવે એટલાંને જ ઉપર જવા મળતું હતું. વળી પબ્લિક હોલીડે હોવાના કારણે ઘણાં યંગ લોકોનું ગ્રુપ પણ સ્થાનિક પ્રવાસ માટે આવ્યું હોય તેવું લાગતું હતું.



આ નાનકડી ટેકરી અને તેના રોપવેનું નામ છે ‘કાચી કાચી’. હવે આ નામ પડ્યું છે ત્યાંની એક લોકવાયકાના નામ પરથી. કાચી કાચી પહાડ એટલે કે આગમાં લપટાયેલો પહાડ. એક સમયે થોડાં જંગલી પ્રાણીઓ, એક દારૂડિયા ખેડૂત અને તેની પત્નીની વાર્તામાં આ પહાડ સદીઓથી કોઈ ને કોઈ કારણે લોકપ્રિય રહ્યો છે. તે વાર્તા તો જરા હોરર સ્ટોરી જેવી છે. પહેલી નજરે બાળ વાર્તા જેવી લાગતી હતી, પણ તેમાં કોઈ જંગલી રીંછ જેવું રેકૂન ખેડૂતની પત્નીને સળગાવીને તેનો સૂપ બનાવીને તે ખેડૂતને જ ખવડાવી દે છે. તે ખેડૂતનું મિત્ર સસલું આ ખૂનનો બદલો લેવા નીકળી પડે છે. વાર્તામાંથી મને ન કોઈ બોધપાઠ મળ્યો, ન કોઈ મજા આવી. ઊલટાનું આવી નેગેટિવિટીથી ભરેલી વાર્તામાં કલ્ચરનો તફાવત અનુભવી શકાતો હતો.

એક ભારતીય તરીકે, ખાસ આવી લોકવાયકામાં જો સારા માણસની જીત પણ ન થતી હોય, કશું શીખવા પણ ન મળતું હોય, તો તે વાર્તાનો અનુભવ જરા વેસ્ટ જતો હોય તેવું લાગતું હતું. વાર્તાની કશું શીખવવાની જવાબદારી તો નથી હોતી, પણ લોકવાયકાઓ કલ્ચરનું પ્રતિનિધિત્વ કરતી હોય છે. તે સમયે વાર્તા સાથે સંકળાયેલા સસલાનું લાકડાનું સ્ટેચ્યૂ જોઈને લાગ્યું કે જાપાનીઝ વાર્તાઓને માત્ર ‘આર્ટ ફોર આર્ટ સેક’ની જેમ જ માણી શકાય. હવે આ વાર્તાનું વાદળું હટે એટલે ખરો ફુજીસાન દેખાવાનો હતો. ■








## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# યે કૈસા દર્દ કા રિશ્તા...?

## હાઈબાકુશા ને ડાઉનવિન્ડર્સ... દર્દના સંબંધે જોડાયેલી છે બે પ્રજાની પીડાભરી કથા

૬ ઓગસ્ટ, ૧૯૪૫. તત્કાલીન અમેરિકન પ્રેસિડેન્ટ હેરી ટ્રુમેને જાહેરાત કરી :

‘થોડા સમય પહેલાં અમેરિકન બૉમ્બર પ્લેન દ્વારા જાપાનના હિરોશીમા શહેરને બૉમ્બ ફેંકીને તબાહ કરી નાખવામાં આવ્યું છે.’

ટ્રુમેને પોતાની સ્પીચ દરમિયાન ‘વી હેવ વીન - આપણે જીતી ગયા’ની જાહેરાત પણ કરી નાખી, પણ આ જીત માટે બંને દેશના નાગરિકોએ કેવડી કિંમત ચૂકવી?

જાપાનના હાઈબાકુશા અને અમેરિકાના ડાઉનવિન્ડર્સને પૂછો તો ખબર પડે....‘ટાઈમ’ મેગેઝિનની વીડિયો ચેનલ પર સાતેક મિનિટની એક ડોક્યુમેન્ટરી જોવા મળશે. એમાં વાતારુ નામ્બા નામના જાપાનીઝ મૂળના વૃદ્ધ અમેરિકન નાગરિક પોતાની આપવીતી વર્ણવે છે. એ કહે છે :

‘હું એ વખતે અઢારેક વર્ષનો હોઈશ. બૉમ્બ ફૂટ્યો અને જાણે આખી દુનિયા સફેદ રંગનો ધૂમાડો બની ગઈ. સમય જતા આ ધુમાડો કાળો પડી ગયો.’





અણુબૉમ્બમાં ઈજાગ્રસ્ત જાપાની છોકરી... જિંદગીભરની યાતના

નામ્બાએ બળેલા શરીરવાળા પીડિતોને નરી આંખે જોયા. નામ્બા પોતે ‘હાઈબાકુશા’ની છેલ્લી પેઢીનો માણસ છે. અણુબોમ્બનો માર વેઠી ચૂકેલા છતાં જીવિત રહી ગયેલા લોકો માટે જાપાની ભાષામાં ‘હાઈબાકુશા’ (hibakusha) શબ્દ વપરાય છે, જેનો અર્થ થાય : અણુહુમલામાંથી બચી ગયેલા લોકો...સામાન્ય સમજ એવી છે કે જાપાન પર અણુબૉમ્બ પડેલા, એટલે હાઈબાકુશા સમૂહમાં માત્ર જાપાની નાગરિકોનો જ સમાવેશ થતો હશે, પણ આશ્ચર્યજનક વાત એ છે કે કેટલાક અમેરિકન નાગરિકોને પણ હાઈબાકુશા ગણવા પડે એમ છે.

ઉપરોક્ત જેની વાત કરી એ વાતારુ નામ્બા જાપાનીઝ મૂળનો હોવા છતાં અમેરિકન નાગરિક હતો. અણુબૉમ્બની ત્રાસદી વેઠ્યા બાદ એ ફરી પોતાના પરિવાર પાસે અમેરિકા પહોંચી ગયો. એ સમયે એના જેવા ઓછામાં એક હજાર લોકો હતા, જે પોતે જાપાનીઝ મૂળના હોવા છતાં અમેરિકન નાગરિકત્વ ધરાવતા હતા. આ નાગરિકોની માફી માંગવાની વાત તો દૂર રહી, ઊલટાનું એ લોકો અમેરિકા પાછા ફર્યા ત્યાર પછી ય અમેરિકાએ એમની પીડાઓને અમેરિકન સમાજ અને મીડિયામાં બહુ મહત્ત્વ ન મળી જાય એનું ધ્યાન રાખ્યું.

હવે આ સિક્કાની બીજી બાજુ જુઓ. જાપાન પર અણુબૉમ્બ ફેંકાયો એ પહેલાં ખુદ અમેરિકાના જ સંખ્યાબંધ નાગરિકો ય અણુહુમલા જેવી અસરો વેઠી ચૂક્યા હતા. એમની કથા ઓછી જાણીતી છે. કદાચ અમેરિકન સરકારોએ પોતાના જ આ નાગરિકોને ય અંધારામાં રાખવાનો પ્રયત્ન કર્યો હશે.

૧૯૪૫નું મધ્ય આવતા સુધીમાં અમેરિકન સરકાર દ્વિતીય વિશ્વયુદ્ધ પૂરું કરવા માટે ઉતાવળી થઇ. એ વખતે એકલે હાથે અમેરિકાને હંફાવી રહેલા જાપાનને ઠેકાણે પાડવા અણુબૉમ્બ વાપરવાનું નક્કી થયું. ‘પ્રોજેક્ટ મેનહટન ’ હેઠળ ૧૬ જુલાઈ, ૧૯૪૫ને દિવસે ન્યૂ મેક્સિકોના ટ્રિનિટી બેઝ જે આજે ‘વ્હાઈટ સેન્ડ મિસાઈલ રેન્જ’ તરીકે ઓળખાય છે ત્યાં અમેરિકન સરકારે અણુબૉમ્બનું પરીક્ષણ કરવાનું નક્કી કર્યું. આ પરીક્ષણ ‘ટ્રિનિટી ટેસ્ટ’ તરીકે જાણીતું છે. આ દુનિયાનું સૌપ્રથમ અણુપરિક્ષણ હતું અને એની ગુપ્તતા જાળવવી જરૂરી હતી. અમેરિકી સરકારે એ હદે ગુપ્તતા જાળવી રાખી કે પરીક્ષણ પહેલાં આસપાસના વિસ્તારો ખાલી કરાવવાની ય તસ્દી ન લીધી!

૯ ઓગસ્ટે જાપાનના બીજા શહેર નાગાસાકી પર ‘ફેટ મેન’ નામે ઓળખાવાયેલો અણુબૉમ્બ ફેંકવામાં આવેલો. ફેટ મેન પ્લુટોનિયમ આધારિત ઈમ્પ્લોઝન બૉમ્બ હતો. કહેવાય છે કે ટ્રિનિટી પરીક્ષણનો મુખ્ય હેતુ આ બૉમ્બની કાર્યક્ષમતા ચકાસવાનો હતો.

ટ્રિનિટી પરીક્ષણનું સ્થળ તેની નિર્જનતા, સપાટ ભૂમિ અને પવનની ઓછી ગતિને કારણે પસંદ કરવામાં આવેલું , પણ આ મંદ ગતિનો પવન હજારો નિર્દોષ લોકોના જીવનમાં કેવું વાવાઝોડું ફૂંકશે, એ કોઈએ નહોતું વિચાર્યું... આ સ્થળથી ૧૫૦ માઈલની ત્રિજ્યામાં લગભગ ૫ લાખ લોકો રહેતા હતા, જેમાંથી કેટલાક તો માત્ર ૧૨ માઈલના અંતરે હતા. આમાં ન્યૂ મેક્સિકોની અડધી વસતિ, ટેક્સાસની બે કાઉન્ટીઝ અને મેક્સિકોના કેટલાક વિસ્તારોનો સમાવેશ થતો હતો. પરીક્ષણ પછી રેડિયોએક્ટિવ ફોલઆઉટ (ન્યૂક્લિયર ધૂળ) દિવસો સુધી આસપાસના વિસ્તારોમાં ફેલાયો, જે પાણી, ખોરાક અને જમીનમાં ભળી ગયો. પવનની દિશાએ એમાં મુખ્ય ભાગ ભજવ્યો. પવનની દિશામાં વસવાટ કરતા હોવાને કારણે જે લોકો રેડિયો એક્ટિવ ફોલઆઉટનો ભોગ બન્યા, એ ‘ડાઉનવિન્ડર્સ’ તરીકે ઓળખાયા. જાપાનના હાઈબાકુશાની માફક જ અમેરિકાના આ કમનસીબ ડાઉનવિન્ડર્સ પાસે પણ ન્યુક્લિયર તબાહીનો ફર્સ્ટ હેન્ડ અનુભવ છે.

ટ્રિનિટી ટેસ્ટ પછીના મહિનાઓમાં ન્યૂ મેક્સિકોમાં બાળમૃત્યુદરમાં ૫૬%નો તોતિંગ વધારો નોંધાયો. આસપાસના બીજા વિસ્તારોમાં પણ એ જ થયું. લોકોમાં થાઈરોઈડ, કેન્સર, લ્યુકેમિયા અને અન્ય પ્રકારના કેન્સરના કેસો વધ્યા. વર્ષો સુધી હજારો અમેરિકન્સ રેડિયોએક્ટિવિટીનો ભોગ બનતા રહ્યા. આ બધામાં બાર્બરા કેન્ટ અને એના જેવડી બીજી અગિયાર કન્યાનો કિસ્સો જાણવા જેવો છે.

૧૩ વર્ષની બાર્બરા કેન્ટ પોતાના જેવડી જ અન્ય છોકરીઓના ગ્રૂપ સાથે ફરવા આવેલી. ગ્રૂપમાં કુલ બાર છોકરી હતી. ટ્રિનિટી ટેસ્ટ સમયે પરીક્ષણ સ્થળની નજીક, રુઈડોસોમાં કેમ્પમાં આ ગ્રૂપ રોકાયેલું. નદીમાં તરવાની મજા માણી રહેલી બિચારી કન્યાઓ નહોતી જાણતી કે કેમ્પથી થોડે દૂર એમના જ દેશની સરકાર આ કન્યાઓના મોતનો સરંજામ તૈયાર કરી રહી છે. બાર્બરા કેન્ટ કહે છે કે એ દિવસે અમે બધા બહુ મોજમાં હતા. ત્યાં અચાનક કશુંક થયું અને આકાશમાં મોટા વાદળો છવાઈ ગયા. થોડીવારમાં તો સૂર્ય જાણે પૃથ્વી પર ઉતરી આવવાનો હોય એ રીતે ચકાચૌંધ રોશની ફેલાઈ ગઈ...અમને આંખો ખુલ્લી રાખવામાં ય તકલીફ પડવા માંડી. આ ઘટના બની ત્યારે તો આ બાળાઓને કશું સમજાયું જ નહોતું. ન્યુક્લિયર બ્લાસ્ટને પ્રતાપે ધૂળના જે ગોટા આકાશમાં ચડેલા, એ થોડા જ કલાકો બાદ જમીન પર પાછા ઉતરી આવવા માંડ્યા... અને બહુ કરુણ ઘટનાક્રમનું નિમિત્ત બન્યા.

ધૂળના ગોટેગોટા જમીન પર ઉતરી આવેલા જોઈને હતભાગી બાળાઓને એવી ગેરસમજ થઇ કે આકાશમાંથી બરફવર્ષા થઇ રહી છે. લગભગ તમામ છોકરીએ રેડિયોએક્ટિવ ધૂળને બરફ ગણીને શરીર પર ઘસવાનું ચાલુ કર્યું. એમને મન આ રમત હતી, પણ ઘસ્યા બાદ ખબર પડી કે આ બરફ નહિં પણ પ્રમાણમાં ગરમ રેડિયોએક્ટિવ ધૂળ છે! એ વખતે તો એમને બહુ ખ્યાલ ન આવ્યો, પણ થોડા જ વર્ષોમાં એક પછી એક બાળા કેન્સરનો ભોગ બનવા માંડી. કેમ્પમાં ગયેલી બાર પૈકી બાર્બરા કેન્ટ સિવાયની એક્કેય કન્યા ત્રીસ વર્ષની ઉંમર સુધી પહોંચી ન શકી. બધીને કેન્સર ભરખી ગયું. બાર્બરા પ્રમાણમાં લાંબુ જીવી, પણ એ પોતે ય એકથી વધુ વખત કેન્સરનો ભોગ બની.

અમેરિકન સરકારે હાઈબાકુશાને બહુ મહત્ત્વ નથી આપ્યું, એ જ પ્રમાણે ટ્રિનિટી ટેસ્ટનો ભોગ બનેલા આ ડાઉનવિન્ડર્સને પણ યોગ્ય વળતર નથી આપ્યું. આજે આઠ-આઠ દાયકા પછી પણ કેટલાય ડાઉનવિન્ડર્સ પરિવારો પોતાનો હક માગી રહ્યા છે. કમાલની વાત એ છે કે અણુબૉમ્બ ફેંક્યા પછી પ્રેસિડેન્ટ ટ્રુમેને પોતાની સ્પીચમાં કહેલું, ‘આ (અણુબૉમ્બનો ઉપયોગ) ઓર્ગેનાઈઝ્ડ સાયન્સે મેળવેલી મહાન સફળતા છે!’ જાપાનીઝ હાઈબાકુશાથી માંડીને અમેરિકન ડાઉનવિન્ડર્સ સુધીના તદ્દન જુદી જુદી ભાષા, સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે આ ઓર્ગેનાઈઝ્ડ સાયન્સ એક જ સંબંધ સ્થાપવામાં સફળ થયું છે દર્દનો સંબંધ...! ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# આધુનિક સ્થાપત્યના પ્રશ્ન...

નવું બધું જ સારું હોય તે જરૂરી નથી. નવાની જરૂર છે, પરંતુ નવું બધું જ સંપૂર્ણતામાં સ્વીકારી શકાય તેવું ન પણ હોય. બદલાવ જરૂરી છે, માનવી અને સમાજ એકધારાપણાથી કંટાળી જતાં હોય છે. તે ગમે તેટલી સારી હોય તો પણ, એક જ પ્રકારની પરિસ્થિતિ માનવી લાંબા ગાળા સુધી સ્વીકારી શકતો નથી. એક સમયે જે બાબત અપાર પસંદ હોય તે બાબત પણ અમુક સમયગાળા પછી બદલાય તેવી અપેક્ષા રખાતી હોય છે. માનવીની વિચારસરણી બદલાતી હોય છે, સમાજમાં તકનીકી બાબતોની પ્રગતિ થતી હોય છે, કળા પ્રત્યેની રુચિ તથા અભિગમ બદલાતાં રહે છે, આદર્શ જણાતી અને ગણાતી બાબતોમાં પણ બદલાવ આવતો છે. તેવા સંજોગોમાં સ્થાપત્યની શૈલી બદલાય તે સ્વાભાવિક છે. બદલાવને કારણે જે સ્થાપત્ય શૈલી સાંપ્રત સમયમાં અસ્તિત્વમાં આવી તે આધુનિકતા.









કોઈપણ રચના સંપૂર્ણ નથી હોતી. સ્થાપત્ય માટે તો એવું કહેવાય છે કે સ્થાપત્યનો એવો એક પણ નમૂનો નથી કે જેમાં પ્રશ્ન ન હોય. એનાથી વિપરીત એમ પણ કહી શકાય કે સ્થાપત્યનો એક પણ નમૂનો એવો નથી હોતો કે જેને સંપૂર્ણતામાં રિજેક્ટ - અસ્વીકાર કે નામંજૂર કરી શકાય. પહેલાના સ્થાપત્યમાં પણ પ્રશ્નો હતા અને આધુનિક સ્થાપત્યમાં પણ પ્રશ્નો છે. પહેલાના સ્થાપત્યમાં પણ કેટલીક બાબતોનો સ્વીકાર કઠિન બનતી અને આજના સમયે પણ સ્થાપત્ય જે આકાર લે છે તેની પણ કેટલીક બાબતો સ્વીકારવી મુશ્કેલ છે.

સાંપ્રત સમયમાં મકાનની રચના જે રીતે થઈ રહી છે તેનાથી તો એમ લાગે છે કે દરેક મકાનનું કાર્બન ફૂટપ્રિન્ટ - અંગાર પદચિન્હ વધુ રહેવાનું. મકાનનો ઉપયોગ જાણે કે વીજળીથી ચાલતી વાતાનુકુલ પરિયોજના સિવાય સંભવી જ ના શકે એમ જણાતું હોય છે. જ્યાં બહારનું તાપમાન અનુકૂળ સ્તરે હોય અને જ્યાં દિવસે બહાર પૂરતા પ્રમાણમાં કુદરતી પ્રકાશ પણ હોય ત્યાં મકાનમાં દિવસે પણ જ્યાં લાઈટ ચાલુ રાખવી પડતી હોય, મકાનના અંદરના ભાગનું તાપમાન અનુકૂળ સ્તરે જાળવી રાખવા એસી ચલાવવું પડતું હોય - તો પ્રશ્નો તો થાય જ. કાચ કોન્ક્રીટ સ્ટીલ જેવી સામગ્રીનો જે રીતે ઉપયોગ થાય છે, જે રીતે સ્થાન-આયોજન નિર્ધારિત થાય છે, જે રીતે બહારની પરિસ્થિતિ સાથેનો સંપર્ક કાપી નાખવામાં આવે છે અને જે રીતે એક બંધીયાર આવરણ ઊભું કરવાનો પ્રયત્ન થાય છે તેનાથી ઊર્જાની ખપત તો વધે જ.

આધુનિક સ્થાપત્યનું એક અન્ય નકારાત્મક પાસું સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરા સાથેનો અલગાવ છે. દરેક ક્ષેત્રનું ઐતિહાસિક સ્થાનિક સ્થાપત્ય હોય છે. આ પ્રકારના સ્થાપત્ય પાછળ સ્થાનિક તથા સાંસ્કૃતિક વિચારશૈલી હોય છે. આ પ્રકારનું સ્થાપત્ય સ્થાનિક પરિબળોને આધારે નિર્ધારિત થયું હોય છે અને તેને કારણે તે સ્થાને તેની યથાર્થતા પણ હોય છે. આ પ્રકારના સ્થાપત્ય સાથે સ્થાનિક લોકો વ્યવસ્થિત રીતના જોડાઈ ગયા હોય છે. વૈશ્વિક શૈલીના અનુકરણથી આ સ્થાનિક પરંપરાનો જાણે છેદ ઉડાડી દેવાય છે. વૈશ્વિક પરિબળો પણ જાળવી રખાવા જોઈએ અને સ્થાનિક પરંપરાને પણ સ્થાન મળવું જોઈએ. પરદેશમાં બનેલાં કોઈ મકાનની જે તે બાબતોને અસંદર્ભિક પરિપ્રેક્ષ્યમાં બેસાડી ન દેવાય. આ તો વર્ષોથી પાંગરેલી વ્યવસ્થાનું અપમાન થયું કહેવાય.

જેમ સ્થાનિક પરંપરાગત શૈલીને માન આપવું જરૂરી છે તેમ જે સ્થાને મકાન બનાવવાનું હોય તે સ્થાન - તે પરિસર તથા આજુબાજુની પરિસ્થિતિ સાથે હકારાત્મક સંલગ્નતા સ્થપાવી જોઈએ. મકાન ચારે બાજુની પરિસ્થિતિ સાથે સંવાદ સ્થાપતું હોય છે અને આ સંવાદ સકારાત્મક હોવો જોઈએ. જ્યારે બહારથી લાવેલા કોઈ મોડલનો આંધળો ઉપયોગ કરવામાં આવે ત્યારે આ પ્રકારનો સંવાદ મુશ્કેલ બની રહે. જ્યારે સ્થાનિક બાબતોને મહત્ત્વ આપવામાં ન આવે ત્યારે ક્યારેક મકાન આજુબાજુની પરિસ્થિતિ તથા પરિસર સાથે સમરસતા જાળવવામાં નિષ્ફળ પણ રહે. મકાનોનું પરસ્પરનું સંકલન પણ જરૂરી છે. આનાથી શહેરી વિસ્તારમાં ઇચ્છનીય એકરૂપતા ઉભરી શકે.

આધુનિક સ્થાપત્યમાં એમ પણ જણાય છે કે, ઉપયોગિતાની અપેક્ષાએ દેખાવને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. વળી આ દેખાવ માટે વિચિત્ર કહી શકાય તેવા ગતકડાં પણ કરાતાં હોય છે. મકાનનું માળખું વધુ વિચાર્યા વગર ઊભું કરી દઈ તેના પર પતરા જડી દેવાનો એક ટ્રેન્ડ - એક વલણ પ્રચલિત થતું જાય છે. આ બધાથી મકાનની કિંમત પણ વધતી હોય છે. આમાં સામગ્રીનો વ્યય તો થતો જ હોય છે પણ આ પ્રકારની રચના એ રીતે હોય છે કે જેમાં ઊર્જાની ખપત પણ સામાન્ય રીતે વધે. વળી આ પ્રકારના મકાનની માવજત પણ મોંઘી રહે તેવી સંભાવના હોય છે. આ બધાં તરફના મારની પરિસ્થિતિ છે. આ સમગ્ર પ્રક્રિયાથી ક્યારેક મકાનની અસરકારક ઉપયોગિતા સાથે બાંધછોડ પણ થઈ જતી હોય છે, પરિણામે માનવી અગવડતાનો સામનો કરવો પડે અને તેની કાર્યક્ષમતા ગૌણ બની રહે. સ્થાપત્ય માટે આ ઇચ્છનીય પરિસ્થિતિ નથી.

મકાનમાં ઉપયોગકર્તાને અલિપ્તતાની લાગણી ન ઉદ્ભવવી જોઈએ. મકાન સાથે એક ભાવનાત્મક સંબંધ સ્થાપવો જોઈએ. મકાન દ્વારા લોકો વચ્ચેનો સંબંધ વધારવાની તક મળતી હોય છે, જે ગુમાવવી ન જોઈએ. મકાનની રચના એવી હોવી જોઈએ કે જેમાં માનવીનો માનવી સાથેનો સંબંધ જળવાઈ રહે, કુદરતના પ્રત્યેક પરિબળનું મહત્ત્વ સમજાય, જે તે સ્થાન સાથેનું તેનું સમીકરણ હકારાત્મક પ્રતિભાવ સ્થાપે, અને વર્તમાનની જવાબદારી તો મકાન નિભાવે જ પણ સાથે સાથે ભવિષ્ય માટે પણ એક ઉદાહરણ સ્થાપિત કરે. સ્થાપત્ય એ ગંભીર વ્યવસાય છે. સ્થાપત્ય એ જટિલ કળા છે. સ્થાપત્ય એ બહુ-આયામી અસ્તિત્વ છે. સ્થાપત્ય ભૂત-ભવિષ્ય-વર્તમાનનો સમન્વય છે. સ્થાપત્ય આજ પણ છે અને કાલ પણ છે. જીવનના દરેક પાસાને તે અસર કરે છે. એકંદરે એમ કહી શકાય કે સ્થાપત્ય એક ઉત્તરદાયિત્વ નિભાવવાની ઘટના છે. માત્ર આધુનિકતાના નામે આ સત્ય સામેથી આંખ ન ફેરવી શકાય.

સ્થાપત્યની રચનામાં સ્થાપિત કરાયેલ અગ્રતાક્રમના ધોરણે કેટલીક બાબતો સ્વીકારી લેવામાં આવે છે. ઘણીવાર તો એમ જણાય છે કે પસંદગી, ના-પસંદગીના આધારે નક્કી થતી હોય છે, શું નથી જોઈતું તે પહેલાં નક્કી કરી દેવામાં આવે અને તેને આધારે પસંદગી નિર્ધારિત થાય. આ સમગ્ર પ્રક્રિયામાં આધુનિકતાના મોહમાં અયોગ્ય કહી શકાય તેવો અગ્રતાક્રમ સ્થાપિત થઈ જતો હોય છે.

હવે તો સ્માર્ટ મકાનનો જમાનો છે. મકાન એની જાતે જ બધું નક્કી કરી અને માણસને પીરસી દેશે. પરિણામે માનવી વધુને વધુ નિષ્ક્રિય બનતો જશે. પછી પોતાની સક્રિયતા જાળવવા માનવી ખર્ચ કરીને કેટલાંક ઉપકરણો વિકસાવશે. આ ઉપકરણોના ઉપયોગમાં વધુ ઊર્જા વપરાશે. આ એક વિષ-ચક્ર છે જેનો તોડ જેમ જલદી મળે તેમ સારું. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# શાંતિ રાખવા મુદ્દે થયું ધિંગાણું!




મૌનનું મહત્ત્વ સમજાવવા દોઢ કલાક ભાષણ કરે અને ‘બાળકોને પ્રેમથી કેમ સમજાવવા’ તે ન સમજતા લોકોને કાન આમળી, ટાપલિઓ મારી મારી સમજાવતા ચાર- પાંચ વડીલ મારા ધ્યાનમાં છે.

મારા ત્રીજા ઘરે રહેતા ત્રંબક સુંવાળિયા ‘ધીરૂ બોલવું, મીઠું બોલવું’ વિશે એના દીકરાના દીકરાને સમજાવતા હતા , પરંતુ મારા ઘરે છણકા સહિત બધું સંભળાતું હતું.

આ જ રીતે, સમાધાન માટે મળ્યા હોય અને ધબધબાટી બોલી ગઈ હોય તેવું તો ઘણા કિસ્સામાં જોવા-સાંભળવા મળે છે. અમારા બિલ્ડિંગમાં ૩૫ થી ૪૦ ફ્લેટ છે. હું કાર્યક્રમમાં હતો ત્યારે ફ્લેટના પાર્કિંગમાં ધબધબાટી બોલી ગઈ.

એ પછી મનુ ચિંગુશ, જતીન જોર, ચુનિયો, દિનુ દાઢી, હું... બીજા સભ્યો પણ ઘટનાનું પોસ્ટમોર્ટમ કરવા ભેગા થયા હતા.

શરૂઆતમાં તો બધા મૂંગામંતર બેઠા કારણ ભેગા થયા છીએ તો ચા કોણ પીવડાવશે તે હજુ નક્કી થયું ન હતું.

મારે નીકળવાની ઉતાવળ હતી અને જો ચાનુ નક્કી કરવામાં બે કલાક થશે તો આખો મુદ્દો ઉકેલતા બીજી બે ત્રણ કલાક નીકળી જાય. પથારી કરતા રાત નીકળી જાય તો સુવું ક્યારે? એટલે ‘ચા હું પીવડાવીશ’ તેટલી જાણ કરતા જ સહર્ષ મને બિરદાવી લેવામાં આવ્યો.

મેં કહ્યું ‘તાત્કાલિક મુદ્દા પર આવો કાલે કોના કારણે ઝઘડો થયો? અને ઝઘડો શરૂ થાય કે તરત જ તમારે હાજરમાંથી કોઈએ કહી દેવાય ને કે’ શાંતિ રાખો.’

ચુનિયો કહે શાંતિનો તો ડખો છે અને હું હાજર હતો મેં કહ્યું ‘શાંતિ ન રાખો’. એટલે મેં તો ચુનિયાને ખખડાવ્યો કે ‘તું ખરેખરો છે આપણા નેતાઓ શાંતિ સ્થાપવા માટે અડધાથી ઉપર સમય વિદેશોમાં ફરે છે અને તને શાંતિની કદર નથી?’

‘મિલનભાઈ, તમે સમજતા નથી આ લલિત્યો લખાણખોટો શાંતિ રાખે તો ઘરે મોટું મહાભારત સર્જાય. તમને ખબર નથી, લલિતિયાની ઘરવાળી જ્યારે કોલેજમાં ભણતી ત્યારે કુસ્તીમાં રાજ્ય કક્ષા સુધી નંબર લાવતી. લગ્ન પહેલા લલિતિયાને ખબર ન હતી પણ એકવાર સામે બોલી ગયો અને એની ઘરવાળીએ ધોબીપછાડ દાવ અજમાવ્યો. એ તો સારું થયું કે પલંગ ઉપર પડ્યો એટલે એકાદ મહિનામાં સાજો થઈ કામ કરતો થઈ ગયો. તે દિવસની ઘડીથી લલિત્યો કે સોસાયટીના કોઈપણ સભ્ય એની ઘરવાળી સામે બોલતા નથી. અને તમે કહો છો લલિત શાંતિ રાખીલે તો ભાભી એને જતો કરે એમ?’

મેં કહ્યું ‘હા, એમ જ ઈચ્છું છું કે લલિત શાંતિ રાખી લે તો સામેવાળો પણ શાંતિ રાખે. હું તો કહું છું ફ્લેટમાં દરેક જણાય એ આવા સંજોગોમાં શાંતિ રાખવી જોઈએ.’

ચુનીલાલ કહે ‘એમ તમે કહો તેમ ન થાય. તમારી જ વાત કરો તમે શાંતિ રાખી શકો?’

મેં કહ્યું ‘ગમે તેવા સંજોગોમાં હું શાંતિ રાખી શકું.’

હવે હાજર રહેલા દીનુ દાઢીએ દાઢી ખંજવાળતા ખંજવાળતા મને કાનમાં પૂછી પણ લીધું કે ‘શાંતિ કઈ રીતે રાખી શકાય તે મને એકલા સમજાવજો.’

મેં કહ્યું ‘જાહેરમાં પણ સમજાવી શકું કે શાંતિ રાખવા શું કરવું.’ દીનુએ તરત જ કહ્યું ‘નહીં એવી ભૂલ ન કરતા પહેલા આપણે શાંતિ રાખવી છે પછી બીજા ભલે રાખે.’

મનુ ચિંગુસ તરત જ બોલ્યો ‘મફતમાં શાંતિ રખાતી હોય તો મને પણ રસ છે.’

મેં કહ્યું કે ‘તેમાં રૂપિયા ખર્ચવાની જરૂર નહીં... મેં ઘણી વાર મફતમાં શાંતિ રાખી છે.’

હવે ચુનિયો આશ્ચર્યથી મારી તરફ જોવા માંડ્યો અને હાથ પકડી થોડે દૂર લઈ ગયો પછી ધોખો કરવા લાગ્યોઃ ‘બસને તમને મિત્ર માન્યા હતા અને તમે મારી પીઠ પાછળ, એકલા એકલા, કોઈને કહ્યા વગર, અને એ પણ મફત શાંતિ રાખી લો એ વ્યાજબી નહીં. મને ખરેખર અંતરથી દુઃખ થયું છે.’

મેં કહ્યું ‘ચુનિયા, નાટક બંધ કર... મેં તને પણ અસંખ્ય વાર કહ્યું છે કે શાંતિ રાખ પણ તું મારું માન્યો નથી.’

‘મિલનભાઈ, મારે મારા ઘરનાનું પણ વિચારવાનું ને હું શાંતિની વાત કરું એટલે ઘરવાળી મારું જીવવું મુશ્કેલ કરી નાખે!’.

મને પણ સાલુ હવે તો આશ્ચર્ય થવા લાગ્યું કે આ લોકોને હું શાંતિ રાખવા માટેની વાત કરું છું અને તેનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરું છું અને આ બધા ભેગા થઈ શાંતિ ન રાખવાની વાત કરે છે. મેં તરત જ કહ્યું કે ‘તમને બધાને શાંતિ રાખવામાં વાંધો શું છે?’

બધા એક સાથે બોલ્યા કે ‘શાંતિ એક છે અને આપણે અનેક છીએ. બધા એક સાથે શાંતિ કઈ રીતે રાખી શકે? અને તમે કલાકાર થઈ અને એક સ્ત્રી માટે આવું કઈ રીતે વિચારી શકો?’

હું તરત જ એની તરફ ધસી ગયો ને ઊંચા અવાજે કહ્યું કે ‘આમાં સ્ત્રીની વાત ક્યાં આવી? જો તમે આવી વાતો કરશો તો પછી હું શાંતિ નહીં રાખી શકું.’

ચુનિયાએ કહ્યું કે ‘મિલનભાઈ, તમારી કદાચ કાંઈક ભૂલથી મિસ્ટેક થાય છે. અમે સોસાયટીમાં એકટીવા લઈ અને લટક મટક કરતી કામ કરવા આવતી પેલી શાંતુડીની વાત કરીએ છીએ. અને તમે શાંતિ રાખો ...શાંતિ રાખોમાં જામી પડ્યા છો.’

હવે મને સમજાયું કે તમામ પુરુષ વર્ગ જાહેરમાં શાંતિ રાખવાનો વિરોધ શું કામ કરે છે અને ખાનગીમાં શાંતિ રાખવાના કીમિયા શીખવાના અભરખા શુ કામ જાગે છે.?

આમાં શાંતિ માટે ધબધબાટી બોલે તેમાં નવાઈ નથી. શાંતિનું નોબેલ પારિતોષિક મેળવવા કરતા શાંતિને પારિતોષિક દેવાવાળા ઘણા છે. ચાલો ત્યારે તમે શાંતિ રાખજો. ■

### વિચારવાયુઃ

*‘રેતી ન હોય તો તરત ફોન કરો.’*

*આવી જાહેરાત વાંચીને આખા દિવસમાં ૩૦૦ ફોન આવ્યા. દરેક પુરુષની ફરિયાદ હતી કે દર ૧૫ દિવસે પિયર હાલી જાય છે.*

*દુકાનદારે માંડ સમજાવ્યું કે હું ચણતરમાં રેતી ન હોય તો ફોન કરવાનું કહું છું.!*

ફોકસ
નરેન્દ્ર શર્મા
feedback@bombaysamachar.com

# AI જનરેટેડ કલાકૃતિઃ આનાં કોપીરાઈટનું શું?

ઘણા દિવસોથી કલા જગતમાં એક વાત પર ચર્ચા થઈ રહી છે કે, એઆઈ જનરેટેડ કલાકૃતિઓ કોપીરાઈટના દાયરામાં આવવી જોઈએ? થોડા દેશો એવું ઈચ્છે છે અને અમુક દેશો એવું નથી ઈચ્છતા. ભારતમાં પણ આ મુદ્દે ઘણી ચર્ચાઓ થઈ રહી છે. ચાલો વિસ્તારમાં જાણીએ કે કોણ કોના પક્ષમાં છે.

હાલમાં મોટાભાગના દેશોમાં કોપીરાઈટ માત્ર માનવસર્જન કૃતિઓ પર જ લાગું થતું હતું. એવામાં જ્યારે કલા જગતમાં એઆઈ દ્વારા કૃતિઓ બનાવવામાં આવે છે ત્યારે સવાલ એ થાય છે કે, એઆઈ પોતે કોપીરાઈટના માલિક થઈ શકે છે? આખરે એઆઈ દ્વારા બનેલ કલાકૃતિઓના કોપીરાઈટના માલિક પોતે હોઈ શકે? આખરે એઆઈ દ્વારા બનેલ કલાકૃતિઓનો કોપીરાઈટ કોને આપવામાં આવશે?





થોડા લોકોનું એમ પણ માનવું છે કે, એઆઈ જનરેટેડ કોપીરાઈટનો અધિકાર માત્ર ને માત્ર જેણે તે કલાકૃતિઓ બનાવી છે, કે જેમણે તેમની રચનાત્મકતાને એક મક્કમ દિશા આપી છે, તેમને જ શ્રેય મળવો જોઈએ. તેને સામાન્ય રીતે ડિજિટલ કલાકાર અને ડિઝાઈનર દ્વારા સમર્થન આપવામાં આવે છે. જેમકે ઓપન સોર્સ સમર્થક અને એઆઈ વિરોધી કલાકાર આના સખત વિરોધી છે. તેઆનું માનવું છે કે, એઆઈ કોઈ આર્ટિફિશિયલ કલાકૃતિની રચના પોતે કરે છે. આમાં કોઈ બીજાનું યોગદાન નથી હોતું. તેથી જ આવી કલાકૃતિ જાહેર ડોમેનમાં હોવી જોઈએ જેથી આની પર કોઈને જ કોપીરાઈટ ન મળવો જોઈએ.

એક ત્રીજું જૂથ પણ છે કે જેમાં એઆઈ નીતિ ઉત્પાદક અને કાનૂની થિંક ટૈંક શામિલ છે. તેમનું માનવું છે કે, એઆઈ જનરેટેડ કલાકૃતિઓનો કોપીરાઈટ એઆઈ ટૂલ સંચાલક માનવી અને એઆઈ એટલે કે, યાંત્રિક ટેક્નોલોજી એમ બન્નેને આપવું જોઈએ. તેથી જ બન્નેને સંયુક્ત કૉપીરાઈટ મળવું જોઈએ. આવી રીતે એઆઈ જનરેટેડ કલાકૃતિઓ પર કૉપીરાઈટના મામલામાં







દુનિયા લગભગ ત્રણ ભાગમાં વહેંચાઈ ગઈ છે.

જો આ વિભાજનને અલગ દેશોના સ્તર પર જોઈએ તો અમેરિકાએ પોતાના યુએસ કૉપીરાઈટ ઓફિસ ૨૦૨૩માં ચોખ્ખુ કહ્યું હતું કે, એઆઈ દ્વારા જાતે બનાવેલ કલાકૃતિઓના નિર્માણમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, ઘણી હદ સુધી આ કૃતિઓનું સંપાદન જેણે કર્યું હોય તેમને જ આંશિક કોપીરાઈટ મળવું જોઈએ.

જ્યારે યુરોપમાં મોટેભાગે ઈંગ્લેન્ડમાં એ ચર્ચા છે કે, એઆઈ આર્ટને 'નેબરિંગ રાઈટ'આપવામાં આવે એટલે કે, સંપૂર્ણ કૉપીરાઈટ નહીં પરંતુ થોડું નિયંત્રણ તેમને આપવું જોઈએ. જ્યાં સુધી ભારતનો સવાલ છે, ભારતનો કૉપીરાઈટ નિયમ ૧૯૫૭માં માનવ આધારિત થયો છે. જોકે જુલાઈ ૨૦૨૫ સુધી ભારતમાં એઆઈ રચિત કોઈ કલાકૃતિને કોઈ સ્વતંત્ર કૉપીરાઈટ આપવાનું કોઈ પ્રાધાન્ય નથી.

જ્યાં સુધી કલાકારોની પ્રતિક્રિયાનો સવાલ છે તો ભારતીય કલાકારોનો એક મોટો વર્ગ આના વિરોધમાં છે. આ વર્ગની માન્યતાઓ છે કે, એઆઈ આપણી કલાની ચોરી કરી તેને ડેટાના રૂપમાં પચાવી લે છે અને પછી પચાવેલી આપણી કલાના થોડા સસ્તા વિકલ્પ બનાવીને પાછું બનાવે છે. તેથી જ કલાકારોનો આખો વર્ગ એઆઈને કોઈ પણ પ્રકારની કૉપીરાઈટ આપવાના પક્ષમાં નથી. જોકે ડિજિટલ ક્રિએટર અને ગ્રાફિક ડિઝાઈનર એઆઈને એક સહયોગી ટૂલ માને છે અને તેઓનું માનવું છે કે, તેઓને પણ કૉપીરાઈટ મળે.

ભારતમાં 'એઆઈ કલા અને બૌદ્ધિક સંપદા' પર પહેલી વાર માર્ચ ૨૦૨૫માં દિલ્હીમાં એક આંતર્રાષ્ટ્રીય કાર્યશાળા પૂરી થઈ છે, પરંતુ હજી કોઈ પણ મુદ્દે નિર્ણય લેવાયો નથી.

આખરે આ સંબંધી એ વિચાર કરવામાં આવ્યો છે કે, એઆઈ અને માનવના ભાગીદારથી બનેલી કલા એક નવી વિદ્યા છે, પરંતુ તેની ઓળખ અને અધિકારો હજી નક્કી નથી થયા. આ કામને નક્કી કરવાનું બાકી છે અને આ કામ આજના કલા જગત માટે અગ્નિપરીક્ષાથી ઓછું નથી. એ સ્પષ્ટ છે કે, આ પ્રશ્નનો હલ માત્ર કાનૂન પાસે નથી, કલાકારોની સામૂહિક ચેતના અને નૈતિક વલણનો પણ આ જવાબમાં મહત્ત્વપૂર્ણ ભાગ રહેશે.. ■

વિશેષ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# પાનની દુકાન ને ઘરની જવાબદારી સાથે આ બાબુમોશાયે લખ્યા છે દસ પુસ્તક!

***એક સુનસાન રાસ્તા હૈ,***
***રાત મેં બચ્ચે બૈઠે હૈ,***
***પેટ મેં ભુક હૈ પર,***
***વો યે નહીં જાનતા કી આજ યા કલ ખાના મિલેગા યા નહીં,***
***ઔર યહી એક કલ્પના કી કોઈ આયેગા, મેરા હાથ થામેગા.***
***ઔર મેરા ભાગ્ય સુધર જાયેગા...***

આ કહેવું છે કલકત્તામાં રહેતાં પિન્ટો પોહનનું, જે હાલ સોશ્યલ મીડિયામાં ખૂબ છવાઈ ગયા છે. પાનની ગાદી અને ઘરની જવાબદારી સંભાળતા સંભાળતા તેમણે દસ પુસ્તકો લખી નાખ્યાં છે. જીવનમાં ઘણાં ઉતાર-ચડાવ જોનારા પિન્ટુએ કદી હાર માની નથી. સંઘર્ષના દિવસોમાં તેની પાસે બે ટંક ભોજનના પણ સાંસા હતાં. જોકે તેનામાં જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ સકારાત્મક હતો અને તેણે મહેનત કરવાથી કદી પાછીપાની નથી કરી. એ વિશે પિન્ટો કહે છે, 'સપના જોવા અને એને પૂરા કરવા માટે દિવસ-રાત એક કરવા એ બન્નેમાં જમીન-આસમાનનો ફરક છે. હું હંમેશાં પરિશ્રમમાં માનું છું. જીવનમાં અનેક વખત એવું બન્યું છે જ્યારે સંજોગો મારી તરફેણમાં નહોતાં, પરંતુ મેં કદી હાર નહોતી માની.'





**લેખક બનવાની ઈચ્છા કઈ રીતે જાગી?**

'હું જ્યારે ચોથા ધોરણમાં ભણતો હતો. વાત ૧૯૮૯ની છે. એ વખતે અમારા વિસ્તારમાં પૂર આવ્યાં હતાં. પાણીનું સ્તર સતત વધી રહ્યું હતું. એથી અમારે ઘર ખાલી કરીને મારા અન્કલના ઘરે જવું પડ્યું હતું. હું ઓછું બોલતો હોવાથી મારે કાંઈક વાંચવાની ઈચ્છા થઈ હતી. હું મારી કાલ્પનિક દુનિયામાં રહેવા માગતો હતો. એ વખતે મને ઘરની બહાર એક જર્જરિત હાલતમાં એક પુસ્તક મળી આવ્યું. જેના કેટલાંક પાનાં ખરાબ થઈ ગયાં હતાં. એ શોર્ટ સ્ટોરીઝનું પુસ્તક હતું. મેં એને વાંચવાનું શરૂ કર્યું. એક પછી એક એમ હું પુસ્તકો વાંચતો ગયો. એ જ વખતે મેં નક્કી કર્યું કે મારે લેખક બનવું છે.'

પિન્ટોને ભણવાનો ખૂબ શોખ હતો, પરંતુ મા-બાપ આર્થિક રીતે સધ્ધર નહોતા. એથી તેઓ ભંગારવાળા પાસેથી પુસ્તકો લઈને વાંચતા અને પોતાના વાંચનના શોખને જીવંત રાખ્યો હતો. આઠમા ધોરણમાં તેમણે ગીત લખ્યાં હતાં. એ વિશેનો કિસ્સો સંભળાવતા પિન્ટો કહે છે, 'લેખનના શોખ વિશે જાણ્યા બાદ તો મેં કદી પાછળ ફરીને જોયુ નહોતું. હું આઠમા ધોરણમાં ભણતો હતો અને મેં ન્યૂઝ પેપરમાં એક ઍડ વાંચી કે ગીતકારની જરૂર છે. ૧૯૯૩માં એ વખતે મારી પાસે મારા લખેલાં ગીતો અને કવિતાઓ હતી. જ્યાંથી ને ત્યાંથી ૧૦-૧૫ રૂપિયા જમા કર્યાં અને એ ઍડ્રેસ પર પહોંચી ગયો. તેમણે મારા ગીત જોયા અને મને કહ્યું કે તેઓ મારા બે ગીત લેશે અને મને એના ૬૦૦ રૂપિયા ચુકવશે. એ સમયે તો મારા પરિવારની મહિનાની આવક જ ૩૦૦ રૂપિયા હતી. એથી ૬૦૦ રૂપિયા સાંભળીને તો મને આંચકો જ લાગ્યો. જોકે મને સમજમાં આવ્યું કે આ કોઈ ફ્રોડ છે એથી તરત પાછો આવી ગયો.'

દસમા ધોરણમાં સારા માર્ક્સે પાસ થવા છતાં પણ પિન્ટો કોલેજમાં ન ભણી શક્યા, કારણ કે તેમના પિતાનું મજૂરી કરતી વખતે અકસ્માત થયો અને આખા પરિવારની જવાબદારી તેમના પર આવી ગઈ હતી. એથી પિતાને બદલે પોતે સખત મજૂરી કરવા લાગ્યા. ત્રણ મહિના સતત કાળી મજૂરી કરવા છતાં પણ તેમને પગાર ન મળ્યો. આવી છેતરપિંડી તો અનેક વખત તેમની સાથે થઈ હતી. એથી તેમણે નક્કી કર્યું કે જાતે જ કાંઈક કરવું પડશે. એ વિશે પિન્ટો કહે છે, 'મારી પાસે માત્ર ૧૫૦૦ રૂપિયા હતા એનાથી મેં ૧૯૯૯માં પાનની દુકાન શરૂ કરી.'

લેખક બનવાની તેમની ચાહના સાંભળીને લોકો તેમની મજાક ઉડાવતા હતા. તેમને રવીન્દ્રનાથ ટાગોર કહીને ચીડાવતા હતા. ૨૦૦૫માં તેમણે સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમા અને હિન્દીમાં એડવાન્સ ડિપ્લોમા કર્યો હતો. ૨૦૧૨માં તેઓ ગ્રેજ્યુએટ થયા અને ૨૦૧૫માં માસ્ટર્સની ડિગ્રી મેળવી. તેમણે લખેલા લેખ લોકલ ન્યૂઝ પેપરમાં છપાયા છે.

પિન્ટો કહે છે, '૨૦૧૭માં મારી પહેલી બુક પબ્લિશ થઈ હતી. કોવિડ વખતે તો હાલત ખૂબ કફોડી થઈ ગઈ હતી. આમ છતાં મેં બાળકોને શિક્ષણથી વંચિત ન રાખવા એવું મેં નક્કી કરી રાખ્યું હતું. હું સોશ્યલ મીડિયાનો આભારી છું કે તેમના કારણે આજે લોકોને મારી સ્ટોરીની જાણ થઈ છે.'

તેમણે અત્યાર સુધી દસ બુક લખી છે અને પબ્લિશ પણ થઈ છે. હજી તેઓ બે પુસ્તકો લખી રહ્યાં છે. ■

વિશેષ પ્લસ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

# છોડનું વાવેતર કરતા શીખવાડીને બાળકોમાં કરો દયાનું સિંચન...

કોઈપણ છોડ વાવવો એ આપણને શીખવે છે કે જીવનનું નિરીક્ષણ કરતા શીખો, માવજત કરતા શીખો. આ જ બાબત આપણા બાળકોને પણ શીખવવી જોઈએ. બાળકોને આપણા પર્યાવરણનું મહત્ત્વ અને એની જાળવણી વિશે જ્ઞાન હોવું જરૂરી છે. એ માટે વૃક્ષો ઉગાડવાની વિનંતી ઘણાં વખતથી કરવામાં આવી રહી છે. પ્રદૂષણનો સ્તર મહદ્અંશે વધી રહ્યું છે. એવામાં આપણી સૌની નૈતિક જવાબદારી બને છે કે આપણે પર્યાવરણનું જતન કરીએ.

બાળક જ્યારે ઝાડમાં દરરોજ પાણી સિંચે છે તો તેમને એ વાતનો પણ એહસાસ થવો જોઈએ કે દરેક વસ્તુ યોગ્ય માવજત, ધ્યાન અને સમય માગે છે. છોડને પાણી સિંચવું એ તેને જવાબદારીનું ભાન કરાવે છે. છોડ જેમ-જેમ ઊગે છે એ જોઈને બાળક હરખાઈ છે અને તેને લાગે છે કે તેની મહેનત રંગ લાવી. સમય જતાં બાળકની અંદર પણ જવાબદારીના બી રોપાઈ જાય છે.



**ધીરજના ફળ મીઠાં**

છોડને જ્યારે આપણે પાણી નાખીએ તો તે એક દિવસમાં ઊગી નથી નીકળતો અને તરત ફળ નથી આપતો. એને ઊગતા અને ફળ આપતા સમય લાગે છે. એના દ્વારા બાળકને સમજાય છે કે સંબંધો, કૌશલ્ય અને રૂઝને આવતા સમય લાગે છે.

**કુદરત સાથે મૈત્રી**

બાળક જ્યારે છોડની કાળજી લેતો થાય છે. ત્યારે તે એક પ્રકારે કુદરત સાથે સંબંધ કેળવે છે. સાથે જ ગાર્ડનિંગ કરવાથી બાળક આકસ્મિક ઘટનાઓ અને હતાશાનો સામનો કરવાની શક્તિ કેળવે છે. ઘણી વખત એવું પણ બને છે કે બાળકે ખૂબ જતન સાથે છોડની માવજત કરી હોય અને ખાસ્સો સમય વીતવા છતાં પણ છોડનો વિકાસ ન થતો હોય તો તે નિરાશ થાય છે. આ બાબત પણ જીવનમાં ઉતારવા જેવી છે કે ક્યારેક સખત મહેનત કરવા છતાં પણ ધાર્યું ફળ નથી મળતું.

જોકે નિષ્ફળ થવાથી નાસીપાસ ન થવું. ફરીથી પ્રયાસ કરવા અને કદી હાર ન માનવી. આવી રીતે ગાર્ડનિંગ બાળકો માટે એક શિક્ષકની ભૂમિકા ભજવે છે. દરેક બાળકને હાઇ એનર્જીવાળી પ્રવૃત્તિઓ કરવી નથી ગમતી. એવામાં બાગકામ એ સલામત છે. બાળક પર કોઈપણ પ્રકારની સ્પર્ધાનું દબાણ નથી હોતું.

પર્ફોર્મન્સ સુધારવાનું પ્રેશર નથી હોતું. બાળકને પણ પોતાની મહેનત કેવા પ્રકારે ફળ અને ફૂલમાં પરિણમે છે એ જોવું ગમે છે. એનાથી બાળકને પણ જાણ થાય છે કે દરેક વસ્તુ તૈયાર નથી મળતી. એની પાછળ પરિશ્રમ લાગે છે.

વધતા છોડની સાથે બાળકની અંદર ઉદારતા, કરૂણા અને દયાની લાગણીનું પણ સિંચન થતું જશે. ■

ફોકસ પ્લસ
રાજકુમાર 'દિનકર'
feedback@bombaysamachar.com

# ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ કરવું જોઈએ?

વર્ષોથી આ ચર્ચા ચાલતી આવી છે કે અઠવાડિયામાં એક કે બે દિવસનો ઉપવાસ કરવો જોઈએ અને ઉપવાસમાં ખાધેલી વાનગીઓથી વજન ઓછું થઈ શકે છે? હમણા જ એક શોધમાં એમ જોણવામાં આવ્યું છે કે, ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ સ્વસ્થ જીવન માટે ફાયદાકારક બની શકે છે.

**ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ શું છે?**

ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ, એ ઉપવાસ કરવાની એવી રીત છે કે, જેમાં ન તો આખો દિવસ ભૂખ્યા રહેવું પડે છે અને ન તો એક જ જાતનું ડાયટ ફોલો કરવું પડે છે. એક નિશ્ચિત સમયે જ ભોજન કરવાનું હોય છે. આ ડાયટમાં અમુક સમયે હળવું ખાવાનું હોય છે અને એક ખાસ સમયે જમવાનું હોય છે.

**ફાયદા -**

ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગના ઘણા ફાયદા છે. એક ચોક્કસ સમયે ભોજન કરવાથી વજન ઓછું થાય છે. બોડી ફેટ ઓછું થાય છે. પાચન ક્રિયા સરળ રૂપે થાય અને બીમારી થતી નથી.

- રોજ એક નિશ્ચિત સમય પર ખાવાથી કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઓછું થાય છે અને બ્લડ પ્રેશર પણ નિયંત્રણમાં રહે છે.
- ત્વચાનો રંગ સાફ થાય છે. એંટી એજિંગ માટે આ ખૂબ જ અસરકારક રીત છે. આપણે જે ખાઈએ છીએ તેની સીધી અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે. ગળ્યા નાસ્તા, ખાંડ યુક્ત પદાર્થ , દૂધ, સફેદ બ્રેડ અથવા તળેલા પદાર્થો ખાવાથી ખીલ વધે છે. જ્યારે હેલ્ધી વાનગીઓ ત્વચાને સમયથી પહેલા વૃદ્ધ થતા અટકાવે છે.
- ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગથી બોડી સેલ્સ પર સકારાત્મક પ્રભાવ પડે છે અને ઊંઘ પણ સારી આવે છે.

**ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ બે રીતે કરી શકાય**

૧૬-૮- આમાં ૧૬ કલાકનો ઉપવાસ હોય છે અને ૮ કલાકમાં તમે ખાઈ શકો. ૧૬ કલાક સુધી ખાવામાં કોઈ ઠોસ આહાર નથી લેવામાં આવતો. પાણી, ચા, કોફી, લીંબુ, નારિયેળ પાણી વગેરે લેવામાં આવે છે. ફાસ્ટિંગ અને ઈટીંગ વીન્ડો પોતાના રુટીન અને કાર્ય શૈલીને આધારે કરવો. જે ૮ કલાકની ઈટીંગ વીન્ડો છે તેમાં ખાસ કરીને પોષણયુક્ત ખોરાક ખાવો.

૫-૨- આમાં પણ એક ભાગમાં ફાસ્ટિંગ અને બીજા ભાગમાં ખાવાનું હોય છે. આમાં બે દિવસ ફાસ્ટિંગ કરવાનું હોય છે અને બાકીના પાંચ દિવસ સ્વસ્થ્ય અને પોષણ યુકત આહાર લેવાનો હોય છે. બે દિવસોમાં ફળ, દૂધ, દહીં, દાળ અને શાકભાજી ખાવા. આ બધા જ ઓછા કેલેરીવાળા ખોરાક શરીરને પોષણ આપે છે. જો તમે ઈચ્છો તો એક દિવસ ફાસ્ટિંગ અને બીજા દિવસે ખાઈ શકો છો.

**મહિલાઓ માટે કઈ રીતે ઉપયોગી**

હોર્મોનલ સંતુલન -

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**કાશીમીરાથી ઘોડબંદર**
**14000', 15000', 16000', ફૂટના શેડ, 25 ફૂટની હાઈટ, ભાડેથી મળશે. લોજીસ્ટીક, ફેક્ટરી, શૂટીંગ માટે શ્રેષ્ઠ. 9324972866 / 7021164755. (૧૬૯-ઈ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી ઈસ્ટમાં ઓફિસ**
સ્ટેશન/ સબવેથી નજીક ઈન્ડ/કોર્મ એસ્ટેટમાં ૧લે માળે કોર્નરની જગ્યા 100 સ્કે. ફૂટ + 150 sq. ft. લોફ્ટ સાથે/ વગર ભાડેથી ઈન્સ/ શેર/ કોમ્પ્યુટર વગેરે માટે ઉત્તમ સંપર્ક 9867868311. (૧૪૩-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
SV રોડ, 400' કોર્નર શોપ વેચવાની છે. 9324614243. (૧૬૭-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ફોર્ટ - કાલાઘોડા**
જુના ભાડાની ઓફિસ 450' એટેચ્ડ વોશરૂમ આઉટરાઈટ વેચાણથી. ઓનર 9821231563 સુમનભાઈ. (૧૩૨-એ)

**ખાર (પશ્ચિમ)**
**એક્સકલુઝિવ ઓફિસ સ્પેસ 430' થી 650'+ RERA કાર્પેટ, આઉટરાઈટ સેલ, O.C સાથે, પ્રાઈમ એસ. વી. રોડ લોકેશન, સ્ટેશનથી વોકેબલ, વિગત માટે સંપર્ક 9987464111 / 8898901997. (૧૩૪-એ)**

**કાંદિવલી (વેસ્ટ).**
વેચાણથી, સ્ટેશનથી એક મિનિટ, શોપિંગ સેન્ટરમાં, ૧૦૦' કારપેટ, કોઈપણ ઓફિસ, ધંધાને લાયક. 7977001504. (૧૬૪-એ)

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી ઓફિસ ડી જે રોડ ૧૧૫૦' આપવી છે. એજન્ટઃ અશ્વિન મર્ચન્ટઃ 9819874515. (૧૬૬-સી)**

**વિલેપાર્લે ઈસ્ટ**
કોમર્શિયલ ઓફિસ લેવા-વેચવા/ લિવલાયસન્સથી. એજન્ટઃ નામદેવ 9322671121. (એસડીબી-૨૭૯૬)

**બોરીવલી (વેસ્ટ)**
**શીંપોલી સિગ્નલે, એસ. વી. રોડ ટચ GLASS FACADE કમર્શીયલ ટાવરમાં સેલ્ફ કન્ટેન્ડ ઓફિસ 865', 1000' કારપેટ (WITH PARKING) ભાડેથી, વેચાણથી. READY POSSESSION. મનોજ ખત્રી 9869000377. (૧૬૯-એફ)**

**બોરીવલી (ઈસ્ટ)**
**240' ફૂટ ઓફિસ, સેલ્ફ કન્ટેન્ડ ગ્રાઉન્ડ ફ્લોરમાં - માળિયું + ફર્નિચર (ભાડેથી - ૨૧,૦૦૦ /૧,૦૦,૦૦૦/-) આપવાની 98921 00733. (૧૬૯-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
**VORA HIVE, 400' ઓફિસ ભાડાથી / વેચાણથી આપવાની. (WITH PARKING). 9223433093. (૧૬૯-બી)**

**અંધેરી (વેસ્ટ)**
**સ્ટેશનની સામે, 460 ફૂટની કમર્શીયલ ઓફિસ વેચવાની. (WITH PARKING) 2.10 કરોડ. (ઓનર) - 8169044581. (૧૬૯-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
સ્ટેશન / મેટ્રો નજીક, પ્રાઈમ લોકેશનમાં, ઓફિસો, વેચાણથી / ભાડેથી. રેડી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૭૨-સી)

**''ચર્નીરોડ''**
સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન - લેબ - ક્લાસીસ - સ્ટુડીયો, લીઝ - 35,000/- : 9867222020. (૧૭૩-બી)

**AVAILABLE ON RENT / LEASE**
**G+4 Building in Waliv, Vasai East**

C.A approx **23,000 Sq.ft.** Suitable for Logistics fulfilment Center or any manufacturing and assembly like LED / Garments/ Printing / Pharma packaging
**Contact - 9370176465 mail@veerhighlands.com**
(B-16308)

**ANDHERI [WEST] 3400' CARPET**
**S. V. Road Touch, 55 FT Frontage Full Visibility. Useful For Showroom, Bank On Lease. 8879181869. (124-H)**

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner) (SDB-2794)

**NEW MARINELINES**
Office 2525' Fully Furnished Basement Ownership, Only 5.5 Cr. Photo / Video Visit www.prabhadeviproperties.com for Lowerparel Signet Office Visit lowerparelsignet.com (175-A)

**ANDHERI (EAST)**
**Opposite Railway Station, Near Metro 1300' Commercial, First Floor, Warmshell Office suitable for Diagnostic Centre, Insurance & Finance Company. Exclusive Entry with Exclusive Lift (2 Car Parking) OC Received. Available on Rent 3,60,000/ - negotiable. Jigar Parekh: 98334 24281 / 99206 75286. (SDB-2800)**

## ૨૩. મનોરંજન

**''વિનોદ શાહ''**
પ્રોજેક્ટર સ્ક્રીન સાથેઃ માતૃપિતૃ વંદના, દરેક ભાવયાત્રા, પહેડી, સાંજી, પ્રાર્થનાસભા- 9821540500. (બી-૧૬૩૧૮)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૧૩૫-એફ)

## ૨૫. શૈક્ષણીક

**SAVE YEAR**
Fail any Standard Pass Privately, Graduation, MBA. Call: 9619333119. (133-A)

## ૨૭. ઔષધ ઉપચાર

**પગના દુખાવાની**
તેમજ શરીરના અન્ય દુખાવાની આયુર્વેદિક દવા (ઘેરબેઠા મેળવો) સંપર્ક- 9223574060. (જેપી/૪૫૦૯-એફ)

## ૩૧. નાણાંકીય

**''લોનનાં ચક્કરમાંથી''**
**બહાર નીકાળીશું બેંકથી સેટલમેન્ટ / ઇન્સ્ટોલમેન્ટ (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૨૭૨)**

**ખોવાઈ ગયેલા**
શેરો પાછા મેળવવા, ફિઝિકલ શેર ડિમેટ કરવા, મ્યુચ્યુઅલ ફંડમાં અટકાઈ ગયેલા પૈસા પરત મેળવવા - 9820197333. (જેપી/ ૪૫૦૯-એ)

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

## ૩૨. જમીન - મિલકત

**ઘોડબંદરથી વસઈ**
**હાઈવે - 1 એકરથી 12 એકર પ્લોટ. પાર્કિંગ, RMC, PLANT માટે ભાડેથી ઉપલબ્ધ. 9324972866 / 7021164755. (૧૬૯-ડી)**

**રાજકોટની**
**આજુબાજુ ગામઃ કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ, નાના - મોટા ખુલ્લા પ્લોટ, જમીન લેવા - વેચવાઃ 9082411822 / 9930730755. (૧૭૦-બી)**

**GOA**
Resort, 90 Crore, Calangute Beach, 55 A/C Rooms, 1500 sqmts Pool, 3 Star Facilities, Clear Title. Nelson: 7892258704, Dinesh: 7977677002, Suresh: 7738964338. (B-16333)

## ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583/ 9892298963. (૧૧૭-ઈ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા / લંડન / ઓસ્ટ્રેલીયા / કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047 / 8451015519. (૧૨૨-એ)

■ લક્ઝુરીયસ જીવન જીવો, સર્વોત્તમ સેક્ટર, હેલ્થ, એજ્યુકેશન, બ્યુટીશીયન, ઈમીટેશન જ્વેલરી, મોડલીંગ, પેટ્રોલપંપ, હોસ્પિટાલિટી, મંદી વિના, સલામત આવક 9377992110, 9867510027. (બી-૧૬૩૦૫)

**HEALTH INSURANCE**
**TATA - કંપનીની નવી પ્રોડક્ટ. ઉંમર 0 થી 100 વર્ષ સુધી. 500% સુપર બોનસ. વગર કોઈ રોકટોક, CUSTOMIZE PLAN. (CLAIM SETTLEMENT 97.36%) ARTH: 9769989977. (૧૪૬-એ)**

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

# ખાતા બદલવાથી ઈમેજ સુધરશે નહીંઃ રાઉત

## કોકાટેના પોર્ટફોલિયો બદલાવ અંગે આપ્યું નિવેદન

મુંબઈઃ કેવળ એક પ્રધાનનું ખાતું બદલવાથી મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી મહાયુતિ સરકારની ખરડાયેલી ઈમેજ સુધરશે નહીં અને તમામ કલંકિત સભ્યો દૂર થવા જોઇએ, એમ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે કહ્યું હતું.

વિધાન પરિષદમાં મોબાઈલ ફોન પર ઓનલાઈન રમી રમતા એનસીપીના પ્રધાન માણિકરાવ કોકાટેને કૃષિ મંત્રાલયમાંથી બદલીને ખેલ અને યુવા કલ્યાણ વિભાગમાં ખસેડવામાં આવ્યા એ સમયે રાઉતની આ ટીપ્પણી આવી છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાજ્યસભાના સંસદ સભ્યએ કહ્યું હતું કે તમામ કલંકિત પ્રધાનોના રાજીનામા માટે દબાણ કરવાનું વિપક્ષ ચાલુ રાખશે અને તેમણે દાવો કર્યો હતો કે ટૂંક સમયમાં પ્રધાનમંડળમાં ફેરબદલ કરવામાં આવશે.

રાઉતે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે માત્ર પોર્ટફોલિયો બદલવાથી સરકારની ખરડાયેલી ઈમેજ સુધરશે નહીં. વ્હાઇટવોશિંગનો કોઈ ઉપયોગ નથી. હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે (કલંકિત) પ્રધાનોએ જવું જ પડશે. ખાતા બદલવાની વ્યવસ્થા કામચલાઉ છે.

સેના (યુબીટી)ના નેતાએ એમ પણ જણાવ્યું હતું કે રાજ્યભરમાં કોકાટે સામે રોષ છે. ગઠબંધન સરકાર ચલાવી રહ્યા હોવાથી સીએમ લાચાર છે અને (ડેપ્યુટી સીએમ અને એનસીપી પ્રમુખ) અજિત પવારે કોકાટેને બચાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં તેમણે જવું જ પડશે. શિવસેના (યુબીટી) સહિતનો વિરોધ પક્ષ મહાયુતિના પ્રધાનો મુખ્યત્વે શિવસેનાના પ્રધાનો સંજય રાઠોડ, સંજય શિરસાટ અને યોગેશ કદમને હાંકી કાઢવાની માગણી કરી રહ્યો છે. (પીટીઆઈ)■

# રાજ્યના ૬૫ આસિસ્ટન્ટ પોલીસ કમિશનરની બદલી

મુંબઈઃ ગૃહ વિભાગે રાજ્ય પોલીસ દળમાં કાર્યરત ૬૫ આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ અને ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ કક્ષાના અધિકારીઓની ગુરુવારે બદલી કરી, જેમાં મુંબઈના નવ આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસનો સમાવેશ થાય છે.

ગૃહ વિભાગે ગુરુવારે રાત્રે આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસની બદલીના આદેશો જારી કર્યા હતા. આમાં મુંબઈના રેણુકા બાગડે, શશિકાંત ભોસલે, સચિન જાયભાઈ, મનીષા રાવખંડે, કુસુમ વાઘમારે, યોગેશ ગાવડે, ભાગવત સોનાવણે, શૈલેષ સણસ, પ્રિયા પાટિલ, તેમજ નાયબ પોલીસ અધિક્ષક નીલમ વાવલ અને અન્ય અધિકારીઓનો સમાવેશ થાય છે.

થાણેના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ ઉત્તમ કોલેકર, મમતા ડિસોઝા, દીપાલી ખન્ના, મીરા ભાયંદર-વસઈ વિરાર પોલીસ કમિશનરેટના વિજયકુમાર મરાઠે વગેરેની બદલી કરવામાં આવી છે. મદદનીશ પોલીસ કમિશનર તાનાજી બરડે (પુણે ગ્રામીણ), ઉત્તમ કોલેકર (થાણે)ની મુંબઈમાં બદલી કરવામાં આવી છે. ■

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**નિયતી જ્યોતિષ**
દેવી ઉપાસક, ફક્ત બહેનો માટે જ્યોતિષને લગતા દરેક કાર્યની સ્પેશ્યાલિસ્ટ. મુંબઈ - 9586654869. (એસડીબી-૨૭૮૭)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# યુએસ ટેરિફ ચિંતા વચ્ચે વિશ્વ બજારની વેચવાલી સાથે સ્થાનિક બેન્ચમાર્ક પણ ગબડ્યો; સેન્સેક્સમાં ૫૮૬ પોઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકન ટેરિફને કારણે વેપાર સંબંધિત ચિંતાને કારણે વૈશ્વિક બજારોમાં વ્યાપક દબાણ વચ્ચે મેટલ, આઇટી અને ટેલિકોમ શેરોના ધોવાણ સાથે ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી શુક્રવારે સતત બીજા સત્રમાં તીવ્ર ઘટાડો થયો હતો. આ ઉપરાંત, નિષ્ણાતોના મતે, વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણએ નિરાશામાં વધારો કર્યો છે. યુએસ ટ્રમ્પે ૬૮ દેશ અને યુરોપિયન સંઘના દેશો પર નવી ટેરિફનો અમલ સાતમી ઓગસ્ટથી કરવા નવો ફતવો બહાર પાડ્યા બાદ વધેલી અનિશ્ચિતતા અને પેનિક સેલિંગ વચ્ચે એશિયાઇ બજારોમાં પીછેહઠ જોવા મળી હતી.

સેન્સેક્સ ૫૮૫.૬૭ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા ઘટીને ૮૦,૫૯૯.૯૧ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૬૯૦.૦૧ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા ઘટીને ૮૦,૪૯૫.૫૭ પોઈન્ટ પર બંધ થયો હતો.જ્યારે એનએસઈ નિફ્ટી ૨૦૩ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૨૪,૫૬૫.૩૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડઝનબંધ દેશો પર નવા ટેરિફ લાદ્યા, જેમાં ભારતના માલ પર ૨૫ ટકા ડ્યુટીનો સમાવેશ થાય છે, જે અમેરિકન સંરક્ષણવાદના નવા યુગની શરૂઆત દર્શાવે છે જેણે વૈશ્વિક વેપાર પરિદૃશ્યમાં વ્યાપક વિક્ષેપ અંગે નવી તંગદીલી અને ચિંતાને જન્મ આપ્યો છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, સન ફાર્મા ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૨૦ ટકા ઘટીને રૂ. ૨,૨૭૯ કરોડ થયાની કંપનીએ જાણ કર્યા પછી તેના શેરમાં ૪.૪૩ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. આ સિવાય ટોચના લૂઝરમાં ટાટા સ્ટીલ, મારુતિ, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, ભારતી એરટેલ અને ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો. જોકે, ટ્રેન્ટ, એશિયન પેઇન્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇટીસી, કોટક મહિન્દ્રા બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને ફાયદો થયો હતો.

કોર્પોરેટ પરિણામમાં સનફાર્માએ જુન ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૨૭૯ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યું હતું. વન મોબિક્વિક સિસ્ટમની ખોટ પ્રથમ ક્વાર્ટરમાં વધીને રૂ. ૪૨ કરોડ થઇ છે, જ્યારે રેવન્યૂ ૨૦.૭ ટકાના કડાકા સાથે રૂ. ૨૭૧ કરોડ રહી છે. પ્રાઇમરી માર્કેટની હલચલમાં શાંતિ ગોલ્ડ ઇન્ટરનેશનલનો શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૧૫ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. ટાટા મોટર્સનું વેચાણ ચાર ટકા અને સુઝુકી મોટરસાઇકલનું વેચાણ ૨.૭૦ ટકા ઘટ્યું છે.

એલ્યુમિનિયમ તથા કોપર ફિન્સ, કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ, વોટર કોઇલ્સ, કન્ડેન્સર અને ઇવેપોરેટર કોઇલ્સની ઉત્પાદક અને નિકાસકાર કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે પ્રથમ ક્વાર્ટરમાં ૧૮.૬૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૧૭.૧૪ કરોડની કુલ આવક, ૧૬.૦૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૯.૭૯ કરોડનો એબિટા અને ૩૪.૮૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૬૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના જૂન ક્વાર્ટરમાં સંયુક્ત ચોખ્ખા નફામાં ૫.૯૭ ટકાનો વધારો નોંધાવ્યો છે. લાર્સન એન્ડ ટુબ્રોએ જૂન ક્વાર્ટર દરમિયાન ૨૯.૮ ટકાના વધારા સાથે રૂ. ૩,૬૧૭.૧૯ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો રળ્યો છે. મારુતિ સુઝુકીએ પ્રથમ ક્વાર્ટરમાં સહેજ વધારા સાથે રૂ. ૩૭૯૨ કરોડનો નફો નોંધાવ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૩૭૬૦ કરોડ હતો. કોગ્નીઝેન્ટે ચોખ્ખા નફામાં ૧૪ ટકા વધારો અને વાર્ષિક રેવન્યુ ફોરકાસ્ટ પણ સુધારીને ચારથી છ ટકા જાહેર કરી છે. આર્સેલર મિત્તાલની ચોખ્ખી આવક ત્રણ ગણી વધીને ૧૭૯૩ મિલિયન ડોલર રહી છે.

યુએસ રાષ્ટ્રપતિએ ગુરુવારે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા જેમાં પાંચ ડઝનથી વધુ દેશો માટે ટેરિફ વધારવામાં આવ્યા હતા, વોશિંગ્ટનની વેપાર સોદા માટેની વાટાઘાટો પહેલી ઓગસ્ટની સમયમર્યાદા પહેલા જ બંધ થઈ ગઈ હતી. 'પારસ્પરિક ટેરિફ દરોમાં વધુ ફેરફાર' શીર્ષક ધરાવતા એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં, ટ્રમ્પે લગભગ ૭૦ દેશો માટે ટેરિફ દરોની જાહેરાત કરી હતી. અગાઉ પહેલી ઓગસ્ટ ટેરિફની અંતિમ તારીખ હતી, હવે નવા વેરા સાતમી ઓગસ્ટથી અમલમાં આવશે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે સ્થિર થયો હતો. યુરોપમાં ઇક્વિટી બજારો રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે ૫,૫૮૮.૯૧ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૯ ટકા ઘટીને ૭૧.૪૨ ડોલર પ્રતિ બેરલ પર બંધ થયું હતું. ગુરુવારે, સેન્સેક્સ ૨૯૬.૨૮ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા ઘટીને ૮૧,૧૮૫.૫૮ પર બંધ થયો હતો અને નિફ્ટી ૮૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા ઘટીને ૨૪,૭૬૮.૩૫ પર બંધ થયો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પહેલી ઓગસ્ટથી ભારતમાંથી આવતા તમામ માલ પર પચ્ચીસ ટકા ટેરિફ લાદવાની અને રશિયન ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનો ખરીદવા બદલ અનિશ્ચિત પેનલ્ટીની જાહેરાત કર્યા પછી ગુરુવારે ભારતીય શેરબજારે આંચકો અનુભવ્યો હતો, પરંતુ નીચી સપાટીથી લગભગ પચાસેક ટકાનો ઘટાડો પચાવી લીધો હતો. શુક્રવારે જોકે આ જ કારણસર સાવચેતી અને ગભરાટના માહોલ વચ્ચે વેચવાલીનું દબાણ વધી જતાં બેન્ચમાર્ક નેગેટિવ ઝોનમાં વધુ ઊંડે સરક્યો હતો.

અમેરિકાએ તાજેતરના દિવસોમાં જાપાન, યુકે અને યુરોપિયન યુનિયન જેવા મુખ્ય ભાગીદારો સાથે અનુકૂળ વેપાર સોદા કર્યા છે. જોકે, ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનોની મોટી ખરીદી કરી હોવાથી દંડની જાહેરાત કરવામાં આવી છે. રશિયન આયાત માટે દંડનો સામનો કરનાર ભારત પહેલો દેશ છે.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૨૮૧નો અને ચાંદીમાં ₹ ૩૦૪નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત નજીકના ભવિષ્યમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ પર પાણી ફરી વળતા ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ ફરી ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી ગયા હતા અને ચાંદીના ભાવ પણ ઘટી આવ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનામાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ પણ ૦.૭ ટકા જેટલા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૯થી ૨૮૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૦૪નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને વિશ્વ બજાર પાછળ સોનામાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટી આવતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૯ ઘટીને રૂ. ૯૭,૮૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૧ ઘટીને રૂ. ૯૮,૨૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, નીચા મથાળેથી થોડાઘણા અંશે રોકાણલક્ષી માગનો ટેકો જોવા મળ્યો હતો, જ્યારે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહી હતી. વધુમાં આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ભાવ કિલોદીઠ રૂ. ૩૦૪ના ઘટાડા સાથે રૂ. ૧,૦૯,૬૪૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સ વધીને ૨૯મી મે પછીની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવા છતાં ગઈકાલે ન્યૂયોર્ક ખાતે સોનાના ભાવ ઘટી આવ્યા હોવાથી નીચા મથાળેથી સલામતી માટેની માગને ટેકે થી હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૨૯૯.૫૪ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૩૩૫૧.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૬.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે અમેરિકાના જીડીપીમાં જોવા મળેલ વૃદ્ધિ ઉપરાંત બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજીની સંખ્યામાં ઘટાડો અને પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પ્રોત્સાહક આવ્યા હોવાથી વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું નેમો મનીના વિશ્લેષક હૅન ટેને જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વે છેલ્લી નીતિવિષયક બેઠકમાં વ્યાજદર ૪.૨૫થી ૪.૫૦ ટકાના સ્તરે યથાવત્ રાખ્યા હતા અને સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાતની શક્યતા નકારી હતી.

વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આજથી થતાં ટૅરિફના અમલ પૂર્વે કેનેડા, બ્રાઝિલ, ભારત અને તાઈવાન સહિતનાં ડઝનબંધ દેશોથી થતી આયાત સામેની ટૅરિફમાં નોંધપાત્ર વધારો કર્યો હતો અને વૈશ્વિક અર્થતંત્રમાં ફેરબદલાવની જાહેરાત કરી હતી. જોકે, અમેરિકી ટૅરિફની વૈશ્વિક અર્થતંત્રો પર પડનારી સંભવિત માઠી અસરોને ધ્યાનમાં લેતાં સોનાને અમુક અંશે સલામતી માટેની માગનો છૂટોછવાયો ટેકો મળી રહ્યો હોવાનું ટેને જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૨૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૨૨૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૦માં અને રૂ. ૧૦૦૦થી ૧૧૩૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સરસવના રૂ. ૧૬૬૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

## સિટી ન્યૂઝ

# થાણેથી પુણેની બસ મુસાફરી મોંઘી થઈ

થાણે - થાણેથી પુણે (સ્વારગેટ) સુધી રાજ્ય પરિવહન નિગમ (એસટી) ની બસોમાં સેંકડો મુસાફરો નિયમિતપણે મુસાફરી કરે છે. હાલમાં થાણેથી પુણે સીધી મુસાફરી કરવા માટે કોઈ આરામદાયક બસ ઉપલબ્ધ ન હોવાથી, મુસાફરોને શિવશાહી અથવા એર-કન્ડિશન્ડ બસમાં પ્રવાસ કરવો પડે છે. આ બસોના ભાડા સામાન્ય બસ કરતા બમણા છે. થાણે-પુણે રૂટ પર આરામદાયક બસો માટે પહેલા ૨૦૦ થી ૨૫૦ રૂપિયાનો ખર્ચ થતો હતો, જે વધીને હવે ૫૦૦ રૂપિયા થઈ ગયો છે. આ કારણે મુસાફરોને મુશ્કેલી સહન કરવી પડે છે. થાણે એસટી વિભાગના આઠ મુખ્ય ડેપોમાંથી રાજ્યના વિવિધ જિલ્લાઓ માટે દરરોજ એસટી બસો રવાના થાય છે. થાણેના વંદના અને ખોપટ ડેપોથી ગામડે જતા મુસાફરોની સંખ્યા વધુ છે. આ ડેપોથી સતારા, કોલ્હાપુર, પુણે, રત્નાગિરિ, જલગાંવ, અકોલા, નાસિક રૂટ પર બસ દોડે છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન, થાણે એસટી વિભાગે ઓનલાઈન રિઝર્વેશન, ગ્રુપ રિઝર્વેશન, એસટી તમારા ઘરઆંગણે , તહેવારો માટે એડવાન્સ રિઝર્વેશન અને જો મુસાફરોની સંખ્યા વધુ હોય તો, તેમની માંગ મુજબ બસને સીધા તેમના ચોક્કસ ગંતવ્ય સ્થાન પર લઈ જવા જેવી ઘણી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ કારણે અહીં ભાડા ખૂબ ઓછા હોવાથી, મુસાફરો પણ આ બસોમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે. જોકે થાણેથી પુણે જનારા મુસાફરો પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

અગાઉ થાણેના વંદના અને ખોપટ ડેપોથી સીધા સ્વારગેટ જવા માટે એશિયાડ બસો હતી. આ બસો ખૂબ જ સસ્તી અને અનુકૂળ હતી, જેનો ખર્ચ પહેલા ૨૦૦ થી ૨૫૦ રૂપિયા હતો. જોકે, હવે, કોઈ આરામદાયક (એશિયાડ) બસો ન હોવાથી, મુસાફરો માટે એકમાત્ર વિકલ્પ શિવશાહી અથવા એર-કન્ડિશન્ડ (એસી) બસો બચી છે, પરંતુ તેની ટિકિટના ભાવ ઊંચા હોવાથી, સામાન્ય મુસાફરો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ■

# ખારનો કચરો મીઠી નદી પરિસરમાં ફેંકનારા સામે સુધરાઈની કાર્યવાહી

મુંબઈઃ ખારથી મીઠી નદીના પરિસરમાં આવેલી કચરાપેટીમાં સતત બે દિવસ સુધી મોડી રાતના કચરો ઠાલવી જનારા કેટરર્સને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ સુધરાઈ દ્વારા ફટકારવામાં આવ્યો છે.

એક જ ઠેકાણે મોટા પ્રમાણમાં (બ્લક વેસ્ટ જનરેટર) કચરાનું નિર્માણ કરનારા અને અન્ય ઠેકાણે ગેરકાયદે રીતે કચરાનો નિકાલ કરનારી વ્યક્તિ, વ્યવસાયિક અથવા કૉન્ટ્રેક્ટર તેમ જ એસ્ટાબ્લિસમેન્ટ વિરુદ્ધમાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત સાકીનાકામાં મીઠી નદી પરિસરમાં રહેલી કચરા પેટીમાં બહારના વિસ્તારમાંથી ૩૦થી ૩૧ જુલાઈ ૨૦૨૫ના દરમ્યાન મોડી રાતના સમયે મોટા પ્રમાણમાં કચરો ફેંકનારા 'ધ ગૌરવ કેટરર્સ' સામે પાલિકાના 'એલ' વોર્ડ દ્વારા કાર્યવાહી કરીને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ અગાઉ 'એલ' વોર્ડના અધિકારીઓને આ બાબતની માહિતી મળી હોવાથી તેમણે નજર રાખીને સંબંધિત એસ્ટાબ્લિશમેન્ટ વિષયમાં માહિતી મેળવી હતી અને ત્યારબાદ કેટરર્સની ઓફિસમાં જઈને તેમની સામે કાર્યવાહી કરી હતી.

તેમ જ એક સ્થળનો કચરો બીજા સ્થળે જઈને ફેંકનારા સાત એસ્ટાબ્લિશમેન્ટ સામે 'એલ' વોર્ડ દ્વારા ૧૨ જૂન, ૨૦૨૫થી અત્યાર સુધી ૬૫,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે, જેમાં ઘોડબંદર રોડ, થાણેની આઈડીએફસી બેન્ક લિમિટેડ, મરોલની અશોક ટાવર હાઉસિંસ સોસાયટી, વિક્રોલી (પશ્ચિમ)ની એચડીએફસી બેન્ક, કુર્લામાં ટેક્સીમેન તેમ જ સિમરન હાઉસિંગ સોસાયટી તેમ જ બ્રાહ્મણવાડીની ગોદાવરી હાઉસિંગ સોસાયટી અને ઈમ્તિયાઝ લાઈન ડેપોનો સમાવેશ થાય છે. આ એસ્ટાબ્લિશમેન્ટને કાયદેસરની નોટિસ બજાવ્યા બાદ તેમની પાસેથી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

'સ્વચ્છ અને સુંદર મુંબઈ' અંતર્ગત પાલિકા દ્વારા બ્લક વેસ્ટ જનરેટર અને મોડી રાતના ગેરકાયદે રીતે અન્ય વિસ્તારમાં કચરો ફેંકી આવનારી વ્યક્તિ, કૉન્ટ્રેક્ટરો અને એસ્ટાબ્લિશમેન્ટ સામે આકરા પગલા લેવામાં આવી રહ્યા છે. આવા લોકો સામે કાર્યવાહી કરવા માટે સ્પેશિયલ ટીમની નિમણૂક પણ કરવામાં આવી હોવાનું એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું. ■

# માલેગાંવ બ્લાસ્ટ પછી કૉંગ્રેસે હિન્દુઓને આતંકવાદી તરીકે ચિતરવાનો પ્રયાસ કર્યોઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે એવો આરોપ લગાવ્યો હતો કે ૨૦૦૮ના માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ પછી કોંગ્રેસે હિન્દુઓને આતંકવાદી તરીકે ચિતરવાનો પ્રયાસ કર્યો હતો અને આરએસએસ અને હિન્દુત્વવાદી સંગઠનોના પદાધિકારીઓને યોજનાબદ્ધ રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા.

નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે પત્રકારો સાથે વાત કરતા એવો દાવો કર્યો હતો કે તત્કાલીન યુપીએ સરકાર વોટ બેંકની રાજનીતિમાં સામેલ હતી અને જ્યારે વિશ્વમાં ઈસ્લામિક ઉગ્રવાદીઓ દ્વારા આતંકવાદી હુમલાઓ થઈ રહ્યા હતા ત્યારે 'હિન્દુ આતંકવાદ' અને 'ભગવા આતંકવાદ' જેવા શબ્દોનો ઉપયોગ કરતી હતી.

વિસ્ફોટ કેસમાં આરએસએસના વડા મોહન ભાગવતની ધરપકડ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોવાના ભૂતપૂર્વ એટીએસ અધિકારીના દાવા અંગે પૂછવામાં આવતાં, મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ કેસ પાછળનું કાવતરું બધાની સામે ખુલ્લું પડી રહ્યું છે.

મુંબઈની એક ખાસ અદાલતે ગુરુવારે વિસ્ફોટના કેસમાં ભાજપના ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત સહિત તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા અને નોંધ્યું કે તેમની સામે 'કોઈ વિશ્વસનીય અને મજબૂત પુરાવા' નથી.

ફડણવીસે કહ્યું હતું કે 'હિન્દુ આતંકવાદની થિયરી સરકાર સંતુલન સાધી રહી છે એવું એક ચોક્કસ સમુદાયને દાખવવા માટે બનાવવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું કે આ આરએસએસના પદાધિકારીઓ અને હિન્દુત્વવાદીઓને નિશાન બનાવવાનું કાવતરું હતું, અને તેમાંથી કેટલાકની ધરપકડ પણ કરવામાં આવી હતી. જો કે, તેમની સામે કોઈ પુરાવા મળ્યા નથી. ■

# મુંબઈમાં મલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મચ્છર કરડવાથી થતા મલેરિયાના કેસમાં બમણો વધારો નોંધાયો છે. તો ચિકનગુનિયા કેસમાં પાંચ ગણો વધારો નોંધાયો હોવાનું પાલિકાના આરોગ્ય ખાતાએ જણાવ્યું હતું.

ગયા વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીના છ મહિનામાં મલેરિયાના ૨,૮૫૨ કેસ સામે આ વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીના સમયગાળામાં ૪,૧૫૧ કેસ નોંધાયા છે. ગયા વર્ષે વર્ષના પહેલા છ મહિનામાં ચિકનગુનિયાના ૪૬ સામે આ વર્ષે આ સમયગાળામાં ૨૬૫ કેસ નોંધાયા છે. ગયા વર્ષે આ સમયગાળામાં ડેન્ગ્યૂના ૯૬૬ કેસ સામે આ વર્ષે ૧,૧૬૦ કેસ નોંધાયા છે. લેપ્ટોના ગયા વર્ષે છ મહિનામાં ૨૮૧ સામે આ વર્ષે ૨૪૪ અને ગૅસ્ટ્રોના ૫,૪૩૯ કેસ સામે આ વર્ષે ૫,૧૮૨ કેસ નોંધાયા છે. હેપેટાઈટિસના ૪૯૩ સામે આ વર્ષે ૬૧૩ અને કોવિડના ૧,૬૪૬ કેસ સામે આ વર્ષે ૧,૦૯૪ કેસ નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે લેપ્ટો અને ગૅસ્ટ્રોના કેસમાં નજીવો ઘટાડો થયો છે.

મલેરિયા અને ડેન્ગ્યૂ માટે જવાબદાર ગણાતા અનોફીલીસ અને એડિસી મચ્છરોના લાર્વાને શોધી કાઢવા માચે પાલિકા દ્વારા જુલાઈ મહિનામાં 'ઝીરો મોસ્ક્યુટો બ્રિડીંગ કૅમ્પેઈનને અમલમાં મૂકવામાં આવ્યું હતું. આ દરમ્યાન પાલિકાના આરોગ્ય ખાતા દ્વારા પહેલી જુલાઈથી ૩૧ જુલાઈ સુધીના સમયગાળામાં તાવના દર્દી શોધવા માટે ૧૪,૩૯,૯૭૮ ઘરના સર્વેક્ષણ કર્યા હતા, જેમાં ૬૯,૮૯,૦૯૩ લોકોને તપાસીને તેમાંથી ૨,૩૧,૧૧૨ લોકોના લોહીના નમૂના તપાસ માટે લેવામાં આવ્યા હતા. આ સમયગાળામાં ૬૩ જગ્યાએ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મલેરિયાને નિયંત્રણમાં લાવવા માટે ૪૬,૪૧૩ પ્રજનન સ્રોતની તપાસ કરવામાં આવી હતી, તેમાંથી ૬,૪૭૨ ઍનોફિલીસ મચ્છરોની ઉત્પત્તી સ્થળો મળી આવ્યા હતા. ડેન્ગ્યૂને નિયંત્રણમાં રાખવા માટે કરવામાં આવેલા સર્વેક્ષણ દરમ્યાન ૨૯,૮૪૧ જગ્યાએ એડિસ મચ્છરોના ઉત્પત્તી સ્થળ મળી આવ્યા હતા. ૮૬,૯૧૫ જગ્યાએથી નકામો સામાન અને ટાયર કાઢી નાખવામાં આવ્યા હતા. ૫૨,૫૯૩ જગ્યાએ ફોગિંગ કરવામાં આવ્યું હતું. ■

# ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક અને સારસ્વત કો-ઓપરેટિવ બેંકના વિલીનીકરણને મંજૂરી

મુંબઇઃ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, મુંબઈ અને સારસ્વત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, મુંબઈના સ્વૈચ્છિક વિલીનીકરણને મંજૂરી આપી છે.

ભારતીય રિઝર્વ બેંકે, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૪૪અની પેટા-કલમ (૪) અને કલમ ૫૬ હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, મુંબઈના સારસ્વત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, મુંબઈ સાથે વિલીનીકરણની યોજનાને મંજૂરી આપી છે.

આ યોજના ૪ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર)થી અમલમાં આવશે. ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, મુંબઈની બધી શાખાઓ ચોથી ઓગસ્ટ, ૨૦૨૫થી સારસ્વત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, મુંબઈની શાખાઓ તરીકે કાર્ય કરશે. ■

# થાણેમાં ૩.૩૯ કરોડ રૂપિયાનું ડ્રગ્સ વેચવા આવેલો ડ્રાઇવર પકડાયો

થાણેઃ થાણે ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલે ૩.૩૯ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને ૪૨ વર્ષના ડ્રાઇવરની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ મોહંમદ મકસુદ મોહંમદ અહમદ તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. આરોપીને સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેને ૪ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના અધિકારીઓને માહિતી મળી હતી કે થાણેના ઉથળસર નાકા નજીક આવેલી સોસાયટી પાસે એક વ્યક્તિ નશીલો પદાર્થ વેચવા માટે આવવાની છે. આથી પોલીસ ટીમે ગુરુવારે રાતે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન ત્યાં આવેલા શખસની હિલચાલ શંકાસ્પદ જણાતાં તેને તાબામાં લેવાયા હતા. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન

ઈ-ટેન્ડર નોટીસ

નંબર LTH/૧૫૨/Rના તા. ૩૧/૦૭/૨૦૨૫

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ''ઈ પ્રોક્યોરમેન્ટ'' સેકશન હેઠળ મહાટેન્ડ પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોઝીટ (બારડી) રૂ. | ઈ-ટેન્ડર ફી રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L.T.M.G. હોસ્પિટલ ખાતે નવી કેન્ટીન ૫મો માળ, નવી બિલ્ડીંગ માટે કિચન વેન્ટીલેશન સિસ્ટમની SITC. [બીડ નં.૨૦૨૫_MCGM_૧૨૦૫૮૬૨_૧] | ૨૦,૦૦૦/- | ૩,૬૩૦/- + ૧૮% GST | ૦૨/૦૮/૨૦૨૫ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૦૮/૦૮/૨૦૨૫ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૨ | ૩ વર્ષ માટે MCGM-CTC, PHO & BMT સેન્ટર, બોરિવલી ખાતે વિવિધ મેડિકલ સાધનો માટે વ્યાપક જાળવણી કોન્ટ્રાક્ટ. [બીડ નં. ૨૦૨૫_MCGM_૧૨૦૫૮૬૪_૧] | ૧૩,૦૦૦/- | ૩,૬૩૦/- + ૧૮% GST | ૦૨/૦૮/૨૦૨૫ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૦૮/૦૮/૨૦૨૫ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૩ | L.T.M.G. હોસ્પિટલ, સાયન અને BMT હોસ્પિટલ બોરીવલી ખાતે સ્થિત સેન્ટ્રલ મોનીટોરીંગ વાયરલેસ ડાટા લોગિંગ સિસ્ટમની AMC. [બીડ નં.૨૦૨૫_MCGM_૧૨૦૫૮૬૬_૧] | ૧૩,૦૦૦/- | ૩,૬૩૦/- + ૧૮% GST | ૦૨/૦૮/૨૦૨૫ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૦૮/૦૮/૨૦૨૫ બ. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |

BMCમાં નોંધાયેલ લોકો સહિત તમામ બિડરોએ સ્ટેન્ડિંગ ડિપોઝિટ ચૂકવી દીધી છે, તેમણે બૃહદ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનને બારડી ચૂકવવાની જરૂર છે. ટેન્ડરરે બિડ ઓનલાઇન સુપ્રત કરવાની સાથે મહા ટેન્ડર પોર્ટલ દ્વારા નિર્દિષ્ટ રકમની બારડી ચૂકવવી પડશે.

ઇ-ટેન્ડર બિડર્સે નોંધ લેવી જોઇએ કે, આ ઇ-ટેન્ડર નોટીસ અંગે જારી કરાયેલ કોઇપણ સુધારા BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારમાં કોઇ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

નોંધઃ a) ઉપરોક્ત ટેન્ડર માટે પાત્રતા માપદંડો અપલોડ કરાયેલ ઇ-ટેન્ડર સૂચનામાંથી મ્યુનિસિપલ વેબસાઇટ પર http://www.mcgm.gov.in & https://mahatenders.gov.in સંદર્ભ લો.

b) બિડરે પૂર્વ-લાયકાતની શેડયૂલમાં ઉલ્લેખિત માહિતી સંબંધિત દસ્તાવેજી પૂરાવા અપલોડ કરવાના રહેશે.

BMC કોઇપણ કારણ આપ્યા વિના ઉપરોકત કામો માટે મળેલ કોઇપણ અરજી સ્વીકારવાનો અને કોઇપણ તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશના કમિશનરના આદેશથી.

સહી/-
ડીન
L.T. M. G. હોસ્પિટલ

PRO/1183/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

વિવિધ કામો

સીની. DEN (સાઉથ) MMCT, મુંબઈ-૮ આવકારે છે. અ.નં. ૧ ટે.નો.નં. BCT/૨૫-૨૬/૧૬૯, તા. ૨૯/૭/૨૫. કામ અને સ્થળઃ ચર્ચગેટ-વિરાર સેક્શન. ચર્ચગેટ-વિરાર ઉપનગરીય સેક્શનમાં રોબોટીક વેલ્ડીંગ ટેક્નોલોજી વાપરીને CMS ક્રોસીંગના ઈન સીટુ રીકંડીશનીંગ. કામની અંદા. કિંમતઃ ₹ ૧,૩૮,૭૮,૭૫૩/- બારડીઃ ₹ ૨,૧૯,૪૦૦/- અ.નં. ૨ ટે.નો.નં. BCT/૨૫-૨૬/૧૭૦, તા. ૨૯/૭/૨૫. કામ અને સ્થળઃ જુના કંટ્રોલ ટાવરના તોડકામ સાથેના અનુસંધાનમાં અંધેરી યાર્ડ રીમોડેલીંગ. કામની અંદા. કિંમતઃ ₹ ૧૩,૧૨,૫૩૦.૭૫. બારડીઃ ₹ ૨૬,૩૦૦/- બંને ટેન્ડરો સુપ્રતની તા. & સમયઃ ૨૬/૮/૨૫ના ૧૫ ક. સુધી. બંને ટેન્ડરો ખુલવાની તા. & સમયઃ ૨૬/૮/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0451

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

BGM Foundation
(Formerly, Bombay Gowrakshak Mandali)

1415-B, દલામલ ટાવર, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, ૨૧૧, નરિમાન પૉઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧

ફાઉન્ડેશનના સભાસદોની સામાન્ય સભા (Annual General Meeting)

બુધવાર, તારીખ, ૧૩મી ઑગસ્ટ ૨૦૨૫ ના રોજ બપોરે ૩.૦૦ વાગે કોન્ફેરેન્સ રૂમ ''ધ સોલવેંટ એક્સટ્રેક્ટરસ એસોસિએશન ઑફ ઈંડિયા'' ૧૪૨ જોલી મેકર ચેમ્બર્સ નં.૨, ૧૪મે માળે, નરીમન પોઈન્ટ, મુંબઈ- ૪૦૦૦૨૧ સ્થળે રાખવામાં આવે છે. તે સમયે સભ્યો ને હાજર રહેવા વિનંતી છે. મિટિંગની કાર્યસૂચિ (Agenda) સભ્યો ને અલગથી મોકલવામાં આવશે.

સૂચના મુજબ,
મુખ્ય કાર્યકારી અધિકારી

# ફડણવીસે શું કહ્યું?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણે જિલ્લાના દૌંડ તાલુકામાં આવેલા યવત ગામમાં બે જૂથો વચ્ચે તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું અને તેને કારણે મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

યવતમાં બનેલી ઘટના પર બોલતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે મેં આ ઘટનાની માહિતી લીધી છે. આ તણાવ એટલા માટે સર્જાયો કારણ કે એક બહારની વ્યક્તિએ એવું સ્ટેટસ પોસ્ટ કર્યું હતું કે એક પુજારીએ બળાત્કાર કર્યો હતો. આને કારણે લોકો રસ્તા પર આવી ગયા હતા અને ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો. હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. બંને સમુદાયના લોકોને સાથે બેસાડીને તણાવ ઘટાડવાનું કામ ચાલી રહ્યું છે. જાણી જોઈને આવો તણાવ પેદા કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે, આવા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

યવતના વાઈરલ થયેલા કેટલાક વીડિયોના મુદ્દા પર બોલતા, ફડણવીસે કહ્યું કે હવે યવતમાં શાંતિ છે. આપણે જોવું પડશે કે જે વીડિયો સામે આવ્યા છે તે યવતના છે કે બહારના. આવા કિસ્સાઓમાં બહારના વીડિયો બતાવવામાં આવતા હોય છે. આની તપાસ કરવામાં આવશે. હું લોકોને શાંતિ જાળવવા અને

(જુઓ પાનું ૪) ▶▶

# સોશ્યલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ પછી પુણેમાં તોફાન

## ટોળાએ બૅકરીમાં તોડફોડ કરી બાઈકને આગ ચાંપતાં તંગદિલીઃ પોલીસે લાઠીચાર્જ અને ટિયર ગૅસના શેલ છોડ્યાઃ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો





પુણેઃ પુણેના દૌંડ તાલુકામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અપમાન કરવાની ઘટના બાદથી ફેલાયેલી તંગદિલી વચ્ચે સોશ્યલ મીડિયા પરની એક વાંધાજનક પોસ્ટને કારણે શુક્રવારે દૌંડ તાલુકાના યવત ગામમાં તોફાન ફાટી નીકળ્યું હતું. રસ્તા પર ઊતરેલા ટોળાએ પથ્થરમારો અને બૅકરીમાં તોડફોડ કરી બાઈકને આગ ચાંપી હતી તો ટોળાને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કરવાની સાથે ટિયર ગૅસના શેલ્સનો ઉપયોગ કર્યો હતો. ઘટનાને પગલે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હોવાથી પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પુણે ગ્રામીણના સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ સંદીપ સિંહ ગિલે જણાવ્યું હતું કે ગામની બહારના એક રહેવાસીએ વૉટ્સઍપ પર વાંધાજનક પોસ્ટ મૂકી હતી, જેને પગલે આ ભડકો થયો હતો. યવત પોલીસે પોસ્ટ મૂકનારા એ યુવાનને તાબામાં લીધો હતો. ગિલે જણાવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

# બનાવટી નોટો છાપનારું કારખાનું પકડાયુંઃ ત્રણ રાજ્યના સાત આરોપીની ધરપકડ

છત્રપતિ સંભાજીનગરઃ અહિલ્યાનગર જિલ્લાની પોલીસે ઑપરેશન હાથ ધરી બનાવટી નોટો છાપનારા કારખાના પર કાર્યવાહી કરી હતી. ત્રણ રાજ્યના સાત આરોપીની ધરપકડ કરી પોલીસે ૫૯.૫૦ લાખ રૂપિયાના મૂલ્યની બનાવટી નોટો જપ્ત કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ બે આરોપીને અહિલ્યાનગર, જ્યારે બાકીનાને બીડ અને છત્રપતિ સંભાજીનગર જિલ્લામાંથી પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓનો એક સાથી અંબાદાસ સસાણે ફરાર થઈ ગયો હતો.

અહિલ્યાનગર જિલ્લાના નગર તાલુકા પોલીસ સ્ટેશનની હદમાંથી ૨૭ જુલાઈએ બે શકમંદ નિખિલ ગાંગર્ડે (૨૭) અને સોમનાથ શિંદે (૨૫)ને તાબામાં લેવાયા હતા. તેમની કારમાંથી ૮૦ હજાર રૂપિયાના મૂલ્યની બનાવટી નોટો જપ્ત કરવામાં આવી હતી. બધી નોટો ૫૦૦ રૂપિયાના દરની હતી.

પકડાયેલા બન્નેએ આપેલી માહિતી પરથી પોલીસે વધુ પાંચ આરોપી પ્રદીપ કાપ્રે (૨૮), મંગેશ શિરસાઠ (૪૦), વિનોદ અરબત (૫૩), અનિલ પવાર (૩૪) અને આકાશ બનસોડે (૨૭)ની ધરપકડ કરી હતી.

આ નોટો સંભાજીનગર શહેરના વાળુંજ શિવારા ખાતેના તિસગાંવમાં ભાડેની રૂમમાં છાપવામાં આવતી હોવાનું તપાસમાં જણાયું હતું. પોલીસે બનાવટી નોટો છાપનારા કારખાના પર કાર્યવાહી કરી હતી. આરોપીઓ પાસેથી ૫૯.૫૦ લાખ રૂપિયાના મૂલ્યની બનાવટી નોટો જપ્ત કરી હતી. એ સિવાય અંદાજે ૨.૧૬ કરોડ રૂપિયાની નોટો છાપવાના કાગળ અને અન્ય સાધનો હસ્તગત કરાયાં હતાં. (પીટીઆઈ)

# ‘બાપ તો બાપ રહેગા’

## શિંદેના થાણેમાં ઠાકરે જૂથની બેનરબાજી

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના થાણે શહેરમાં ઠાકરે જૂથે ‘બાપ તો બાપ જ રહેશે’ના સંદેશ સાથેના બેનરો લગાવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી, ઠાકરે અને શિંદેના કાર્યકરો વચ્ચે સોશિયલ મીડિયા પર વિવાદ ચાલી રહ્યો છે. હવે, આ બેનર દરેક ચોકડી પર લગાવવામાં આવી રહ્યું છે, જેના કારણે રાજકીય ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. થાણે શહેરમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પાસે સૌથી વધુ જનપ્રતિનિધિઓ અને પદાધિકારીઓ છે. જેમ જેમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે, તેમ તેમ આરોપ-

(જુઓ પાનું ૪) ▶▶



ALMATY
KAZAKHSTAN
6 Days / ૬ દિવસ
DEP: SEP : 10,17,24 OCT : 15,22
NOV : 5,12,19,26 DEC : 24
Exclusive women's tour
DEP: SEPT 10
ટૂર ની વિશેષતા
★ વર્લ્ડક્લાસ એરલાઈન્સમાં મુસાફરી
★ 4/5 સ્ટાર વૈભવી હોટેલ્સ
★ આપણા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ શુદ્ધ શાકાહારી/જૈન ભોજન
★ લકઝરી હાઈ ટેક બસમાં મુસાફરી
★ ગુજરાતી, હિન્દી અને ઈંગ્લિશ જાણતાં ટૂર મેનેજરની સેવા
★ ભરપુર સાઈટ સીઈંગ સાથે એનટ્રેન્સ ફી, વિઝા સહિત તમામ ખર્ચ કોસ્ટમાં જ સામેલ.
NIRAV TOURS & TRAVELS 9004667806 8828037806
SHOP No. 006-A, 2ND FLOOR, RAGHULEELA MALL, POISAR, KANDIVALI (W). MUM - 400067


# ઝીશાન સિદ્દીકીને ધમકીભર્યા ઈમેઈલઃ ટ્રિનિદાદ ઍન્ડ ટોબેગોથી આરોપીની ધરપકડ

મુંબઈઃ એનસીપીના નેતા બાબા સિદ્દીકીના પુત્ર તેમ જ ભૂતપૂર્વ વિધાનસભ્ય ઝીશાન સિદ્દીકીને ધમકીભર્યા ઇમેઇલ મોકલવા પ્રકરણે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ૩૫ વર્ષના શખસની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ મોહંમદ દિલશાદ નોવેદ તરીકે થઇ હોઇ તે બિહારના દરભંગાનો રહેવાસી છે. આરોપી વિરુદ્ધ ઇન્ટરપોલ મારફત રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવ્યા બાદ તેને ટ્રિનિદાદ ઍન્ડ ટોબેગોથી મુંબઈ લાવવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ઝીશાન સિદ્દીકીને ૧૯, ૨૦ અને ૨૧ એપ્રિલે ધમકીભર્યા ઇમેઇલ મોકલવામાં આવ્યા હતા. ઇમેઇલ મોકલનારે દાવો કર્યો હતો કે તે કુખ્યાત ‘ડી’ કંપનીનો સભ્ય છે. ઇમેઇલમાં ઝીશાન પાસે ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી અને માગણી પૂરી ન કરે તો પિતા જેવા હાલ કરવાની ધમકી અપાઇ હતી. બાંદ્રા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો

(જુઓ પાનું ૪) ▶▶



# ટ્રેનમાંથી પડવાનો સિલસિલો યથાવત્

# ડોંબિવલીનો કચ્છી યુવક ગંભીર રીતે ઘવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેના ભાંડુપ અને કાંજુર માર્ગ સ્ટેશન વચ્ચે ભીડને કારણે ટ્રેનમાંથી પડી જવાથી ડોંબિવલીનો ૨૯ વર્ષનો કચ્છી યુવક મહેક ઠક્કર ગંભીર રીતે ઘવાયો હતો. હાલ સાયન હોસ્પિટલમાં દાખલ મહેકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.

કચ્છના અબડાસા તાલુકાના વરાડિયા ગામના વતની અને હાલ ડોંબિવલી પૂર્વમાં રામનગર ખાતે શિવ મંદિર રોડ પર માધવાશ્રમ નગર નંબર-૧ ખાતે ચોથા માળે રહેનારા અરવિંદભાઇ ઠક્કરના પુત્ર મહેક ઠક્કરે શુક્રવારે સવારે કાંદિવલી જવા માટે ડોંબિવલી સ્ટેશનથી ટ્રેન પકડી હતી. જોકે ભાંડુપ અને કાંજુર માર્ગ સ્ટેશન વચ્ચે મહેક ટ્રેનમાંથી પડી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા મહેકને સારવાર માટે પ્રથમ મુલુંડની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બાદમાં મહેકને સાયન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત ગંભીર છે.

કુર્લા રેલવે પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સંભાજી

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”


# બીમારીથી ત્રસ્ત માતાએ છ મહિનાના દીકરાનું ગળું દબાવી દીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોવંડીમાં ગંભીર બીમારીથી ત્રસ્ત જનેતા જ જમ બની હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. નબળી આર્થિક સ્થિતિ અને પોતાની બીમારી પુત્રને પણ લાગુ પડતાં હતાશ માતાએ ઘોડિયામાં સૂતેલા છ મહિનાના દીકરાનું ગળું દબાવી દીધું હતું. પોલીસે હત્યાનો ગુનો નોંધી મહિલાની ધરપકડ કરી (જુઓ પાનું ૪) ▶▶

# ભાગવતની ધરપકડ કરવા કહેવાયું હતુંઃ એટીએસના ભૂતપૂર્વ અધિકારી

નવી દિલ્હી : મહારાષ્ટ્રના માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ કેસનો ગુરુવારે ચુકાદો આવ્યો છે. જેમાં એનઆઈએની વિશેષ અદાલતે આ કેસમાં સાધ્વી પ્રજ્ઞા અને કર્નલ પુરોહિત સહિત તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. તેવા સમયે આ કેસની તપાસ કરી રહેલા મહારાષ્ટ્ર એટીએસના પૂર્વ પોલીસ અધિકારીએ સ્ફોટક ખુલાસો કર્યો છે. આ પોલીસ અધિકારીએ દાવો કર્યો છે તેમને આરએસએસના વડા મોહન ભાગવતની ધરપકડ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ કેસના ચુકાદા પર પ્રતિક્રિયા આપતા મુંબઈ પોલીસના પૂર્વ ઈન્સ્પેક્ટર મહબૂબ મુજાવરે આ ધડાકો કર્યો છે. મુજાવરે જણાવ્યું હતું કે તેમને રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતની ધરપકડ કરવા કહેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે મોહન ભાગવતની ધરપકડ પાછળનો ઉદ્દેશ ભગવા આતંકવાદને સ્થાપિત કરવાનો હતો.

આ અંગે સોલાપુરમાં મુંબઈ પોલીસના પૂર્વ ઈન્સ્પેક્ટર મહબૂબ મુજાવરે આ કેસની તપાસમાં એટીએસની ખામીને નકારી હતી. તેમણે કહ્યું શરુઆતમાં આ કેસની તપાસ

(જુઓ પાનું ૪) ▶▶


HONG KONG
HONG KONG - MACAU - SHENZHEN

DEP DATES 17th OCT | 24th OCT | 24th DEC | 19th MAR
08 DAYS
PACKAGE INCLUSIONS
• Ocean Park, Disneyland, Ngong Ping 360, TeamLab, Windows Of The World અને Macau Tower નો અદભુત અનુભવ.
• શાનદાર Venetian Hotel Macao માં ૦૨ રાત્રિનો મુકામ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર. • શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74





કુલીન કુમાર હોલીડિઝ – એક માત્ર ટૂર કંપની “Word of Mouth” થી પ્રગતિના પંથે
ઓકલેન્ડ ▶▶ બે ઓફ આઈલેન્ડ ▶▶ રોટોરૂઆ ▶▶ કવીન્સટાઉન ▶▶ માઉંટ કુક ▶▶ ક્રાઇસ્ટચર્ચ
✈ વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઇન્સમાં સફર
✈ લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
✈ ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
✈ ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
✈ ભરપુર સાઇટ સીઇંગનો સમાવેશ
✈ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
✈ કોઇપણ છુપા ખર્ચ વગર
✈ સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર
DEPARTURES - 2025
Sept. 07, 20
Oct. 02, 10, 17, 24, 30
Nov. 06, 18
100% PURE NEW ZEALAND
SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500
Follow us on @kulinkumarholidays for live tour moments!


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**